શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજી ગ્રંથમાળા ગ્રંથાંક ૧૧૬

અધ્યાત્મગીતા-અનુવાદ

: રચયિતા :

શાસ્ત્રવિશારદ યોગનિષ્ઠ જૈનાચાર્ય
શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજી

અનુવાદક :

આચાર્ય મહારાજ શ્રી અજિતસાગરસૂરિજી



શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજી ગ્રંથમાળા ગ્રંથાંક ૧૧૬

અધ્યાત્મગીતા-અનુવાદ

રચયિતા

શાસ્ત્રવિશારદ યોગનિષ્ઠ જૈનાચાર્ય
શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજી

અનુવાદક

આચાર્ય મહારાજ શ્રી ઋદ્ધિસાગરસૂરિજી



*

પૃષ્ઠ ૫–૬ આપેલ શુદ્ધિ–પત્રક જોઇ તે મુજબ સુધારીને વાંચવું. તથા કાના, માત્રા, અનુસ્વારો અને શ્લોકોની સંખ્યામા સુધારો કરવો રહેલ છે તે કરી લેવો.

★

પૃષ્ઠ ૭ આપેલ અ૦ જ્ઞા૦ પ્ર૦ મંડળના સભ્ય થવાની યોજના જરૂર વાંચશો—

અને

મંડળે પ્રગટ કરેલ પુસ્તકોની નામાવલી પૃષ્ઠ ૧૬૫ થી ૬૮ આપેલ છે તે બરોબર જોવી તેમાં બ્લેક ટાઇપથી ૦ + આ નિશાનીવાળા ગ્રન્થો ભેટ અપાયા છે તે સભ્ય બની ભેટ મેળવવા ચુકવું નહિ.

* * *

ખંભાતથી પ્રગટ થતા 'બુદ્ધિપ્રભા' માસિકના ગ્રાહક અવશ્ય થવું. પાંચ વર્ષના રૂા. ૧૧) વાર્ષિક રૂા. ૨ા લવાજમ છે.

★

મુદ્રક : શ્રી અમરચંદ બેચરદાસ મહેતા
શ્રી બહાદુરસિંહજી પ્રી. પ્રેસ,
પાલીતાણા (સૌરાષ્ટ્ર)

શ્રી અધ્યાત્મજ્ઞાન પ્રસારક મંડળ તરફથી પ્રકટ થયેલ ગ્રન્થો મળવાનાં ઠેકાણાં.



૧ શ્રી બુદ્ધિસાગરસૂરિ જૈન જ્ઞાનમંદિર
શ્રી વિજાપુર (ગુજરાત)

૨ શ્રી અધ્યાત્મજ્ઞાન પ્રસારક મંડળ, મુંબઈ
ઠે૦ ૩૪૭-કાલબાદેવી રોડ, મુંબઈ ૨

૩ શ્રી મેઘરાજ પુસ્તક ભંડાર
ઠે૦ ગોડીજીની ચાલ, કીકાસ્ટ્રીટ, મુંબઈ ૨

૪ શ્રી અમૃતલાલ શકરચંદ હીરાચંદ
ઠે૦ ઝવેરીવાડ, આંબલી પોળ,
ઉપાશ્રય પાસે, અમદાવાદ

૫ શ્રી સોમચંદ ડી. શાહ
ઠે૦ જીવનનિવાસ સામે, પાલીતાણા (સૌરાષ્ટ્ર)

અને જાણીતા બુકસેલરો પાસેથી.

યોગનિષ્ઠ આચાર્ય શ્રીમદ્ બુદ્ધિસાગર સૂરીશ્વરજી



ॐ अर्हम् नमः

श्री अध्यात्म-गीता-अनुवाद

[illegible]

[illegible]

[illegible]

શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજી ગ્રંથમાળા ગ્રન્થાંક ૧૧૬

અધ્યાત્મગીતા-અનુવાદ

: રચયિતા :

શાસ્ત્રવિશારદ યોગનિષ્ઠ જૈનાચાર્ય
શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજી

: ભાષાંતરકાર :

આચાર્ય મહારાજ શ્રી ઋદ્ધિસાગરસૂરિજી

પ્રકાશક
શ્રી અધ્યાત્મ જ્ઞાનપ્રસારક મંડળ
[illegible] મુંબઈ નં. ૨

[illegible]

કિંમત [illegible]

श्री अध्यात्म-गीता-अनुवाद

અધ્યાત્મ તેના સહજ સ્વભાવમય ધર્મથી જ્ઞાન, દર્શન, ચારિત્ર, વીર્ય, ઉપયોગ, આનંદમય સ્વરૂપવંત છે. તેમજ સર્વ જગતમાં આત્મા સદા સર્વ દ્રવ્યનયની સત્તાથી શાશ્વતો જ છે. તેમજ પર્યાય-નયની અપેક્ષાએ પૂર્વના અનાદિકાળથી કરાયેલા કર્મોનો-જ્ઞાનાદિ ગુણોને આવરનારા કર્મોથી ઘેરાયેલો-તે કર્મોનો સંગી છે. તેમજ સર્વ કર્મનો સમૂલ નાશ કરનારો, ભવિષ્યમાં સર્વથા કર્મથી રહિત થનારો પણ તેજ આત્મા છે. તેથી દ્રવ્યાર્થિક-નયની અપેક્ષાએ જ્ઞાન-દર્શનાદિ ગુણવાળો અને પર્યાયાર્થિક-નયની અપેક્ષાએ કર્મનો સંગી હોવાથી અને સર્વ કર્મોનો ક્ષય કરી મુક્ત થનાર એવો હું મોક્ષના આનંદનો ભોગવવાવાળો **આત્મા** છું. ૩.

आत्मस्वभावः सज्ज्ञानं, सुखं पूर्णमतीन्द्रियम् ।
आत्मानमन्तरा सर्वं, जडं भिन्नं विचारय ॥ ४ ॥

आत्मशुद्धस्वभावो य, आत्मधर्मो निजाऽऽत्मनि ।
ज्ञात्वैवं ब्रह्मरूपं स्वं, व्यक्तं कुरुष्व भावतः ॥ ५ ॥

હે ભવ્યાત્માઓ! તમે એકાન્તમાં શાન્તચિત્તે હૃદયમાં વિચાર કરશો તો જણાશે કે આ આત્મા પોતાના સહજ સ્વભાવથી જ ચૈતન્ય-એટલે સદાય જ્ઞાન, દર્શન, ચારિત્ર, વીર્ય, ઉપયોગ અને આનંદ-સુખરૂપ ગુણોથી પરિપૂર્ણ છે; સહજ ભાવે પાંચ ઇન્દ્રિયો અને મનથી પણ ગ્રહણ કરી શકાય તેવા સ્વરૂપવાળો નથી જ એટલે અતીન્દ્રિય જ છે અને તમે જે પાંચ ઇન્દ્રિય તથા મનથી ગ્રહણ કરી શકો, ભોગ કરી શકો છો તે સર્વે પુદ્ગલમય હોવાથી રૂપ, રસ, ગન્ધ, સ્પર્શ, શબ્દ-

[illegible]

[illegible]

તે અશુદ્ધ પર્યાયોથી જુદા આત્મામાં જ્ઞાનાવરણ-દર્શનાવરણનો ક્ષયોપશમ થવાથી તથા ચારિત્રાવરણ-વીર્યાન્તરાય વગેરે ઘાતિ-કર્મોનો ક્ષયોપશમ થવાથી સમ્યગ્જ્ઞાન-દર્શન-ચારિત્ર-વીર્ય-શુદ્ધોપયોગમય જે પર્યાયો, તે આત્માના શુદ્ધપર્યાયો જાણવા, તે જ વસ્તુતઃ આત્મામાં જ આત્માના સ્વતત્ત્વરૂપે છે, તે આત્માથી જરાપણ જુદા-ભેદરૂપે નથી. ૭.

सुखमात्मस्वभावोऽस्ति, दुःखं मोहस्य वृत्तिषु ।
मोहरूपमनोदुःखं, ज्ञात्वाऽऽत्मनि रतिं कुरु ॥ ८ ॥

જીવોને જે બાહ્ય કારણો વિના જ સહજથી જે સુખનો અનુભવ થાય છે, તે વસ્તુતઃ આત્મ-સ્વરૂપના જ સહજ અનુભવથી થાય છે. પણ પુદ્ગલથી સાચા સુખનો અનુભવ કોઈને પણ નથી જ થતો. પણ જે દુઃખનો અનુભવ મનથી કે કાયાથી થાય છે, તે મોહનીય કર્મના ઉદયથી થાય છે. માટે હે ભવ્યાત્મા ! તું સાતા કે અસાતાને પુણ્ય-પાપના યોગે મળેલા બાહ્ય પદાર્થોથી અનુભવતો છતો સુખ-દુઃખરૂપે માને છે તે વસ્તુતઃ મનમાં માનેલા સુખ-દુઃખરૂપ પરિણામો મોહનીય-કર્મના પર્યાયો છે-તેમ જાણીને તેનો ત્યાગ કરીને સહજ સ્વરૂપ સમ્યગ્જ્ઞાન-દર્શન-ચારિત્રરૂપ આત્મ-સ્વરૂપમાં જ સ્થિરતામય રતિને પ્રાપ્ત કર. તેમાં જ સાચા સુખનો અનુભવ તને પ્રાપ્ત થશે જ. ૮.

संकल्पवर्जितं ब्रह्म, विकल्पवर्जितं स्थिरम् ।
निष्क्रियं चिद्घनं शुद्धं, त्वमेवाऽऽत्मा स्वभावतः ॥९॥

[illegible]

स्वतन्त्रो वीतरागोऽस्ति, निर्भयो ज्ञानवान् खलु ।
परतन्त्रः सदा मोही, स्वतन्त्रो भव चेतन ! ॥ १२ ॥

જે રાગ-દ્વેષ આદિ આત્મઘાતી કર્મોનો વિનાશ કરીને વીતરાગ થયેલા પરમાત્માઓ નિશ્ચયથી મૃત્યુ આદિ સર્વ ભયથી રહિત-નિર્ભય થયેલા છે તેમજ સર્વ પ્રકારનું અપ્રતિહત કેવલજ્ઞાન પામેલા હોવાથી જગતને ઉપદેશ કરીને નિર્ભય બનાવવાની પ્રવૃત્તિ કરે છે. તે જ વસ્તુતઃ પૂર્ણ સ્વતંત્ર થયેલા જાણવા. અને જે આત્માઓ કામ, ક્રોધ, મોહ, માયા, લોભ અને અજ્ઞાનથી વ્યાપ્ત થયેલા છે, તે સદા કર્મના યોગે પરતંત્ર બનેલા જ સમજવા. તેથી જ્ઞાનીઓ કહે છે, કે—હે ચેતન ! તું મોહાદિકનો ત્યાગ કરી સમ્યક્ સ્વરૂપે જ્ઞાન-દર્શન તથા ચારિત્રને આરાધીને પૂર્ણ સ્વતંત્રભાવને ભજનારો થા. ૧૨

कल्पनां बाह्यभावेषु, स्वातन्त्र्यपारतन्त्र्ययोः ।
सन्त्यज्य ब्रह्मणः सत्यं, स्वातन्त्र्यं प्रकटीकुरु ॥ १३ ॥

ઇન્દ્રિયો મન-કાયાના વિષયો ભોગવવાની સ્વતંત્રતા કે પરતંત્રતા તો માત્ર બાહ્ય ભાવથી રાજા-પ્રજાના અધિકારીઓએ કલ્પેલી જ સ્વતંત્રતા કે પરતંત્રતા છે. વસ્તુતઃ કર્મના સંયોગથી પ્રાપ્ત થયેલા અનુકૂલ કે પ્રતિકૂલ વિષયોથી જીવો શાતા કે અશાતા અનુક્રમે અનુભવે છે. તેથી જ્યાં કર્મની પરતંત્રતા છે ત્યાં વસ્તુતઃ આત્મ-સ્વતંત્રતા છે જ નહિ માટે તેવી કલ્પનામય સ્વતંત્રતાનો ત્યાગ કરીને ઇન્દ્રિય અને મનને વિષયોથી વારીને સત્ય બ્રહ્મ-સ્વરૂપનો અનુભવ ધર્મ અને શુક્લધ્યાનવડે કરીને આત્મ-સ્વરૂપની સત્ય સ્વતંત્રતાને પ્રકટ કરો. ૧૩.

[illegible]

[illegible]

[illegible]

[illegible]

આત્મામાં પોતાના સત્ય સુખનો અનુભવ થાય છે. પણ આત્માથી જે અન્ય પૌદ્ગલિક પદાર્થો છે, તે વાસ્તવિક સુખ કદાપિ આપી શકતા નથી જ્યાં સુધી વિષયભોગોની વૃત્તિ મનમાં ઘોળાતી હોય ત્યાં સુધી આત્મા ચંચલવૃત્તિવાળો હોવાથી સ્થિરતાના અભાવને કારણે આત્માને ઓળખી શકતો ન હોવાથી સુખનો લાભ પણ પામી શકતો નથી. તેથી શાસ્ત્રકારો કહે છે, કે–ભવ્યાત્મન્! તું આત્મામાં સ્થિર દૃષ્ટિ કરીને બાહ્ય વસ્તુમાં ભમવાના સ્વભાવને ત્યાગ કરીને આત્મ–સ્વરૂપમાં જ સ્થિર થા તેથી જ તને સુખની પ્રાપ્તિ થશે. ૪૦.

यत्र नास्ति सुखं तत्र, सुखभ्रान्तिं निवारय।
सुखरूपो निजाऽऽत्माऽस्ति, तत्रैव स्थिरतां कुरु ॥४१॥

જે બાહ્ય પદાર્થોમાં સુખ આપવાની શક્તિ જ નથી તેવા બાહ્ય–પદાર્થોમાં અનાદિકાલથી સુખની મોટી ભ્રમણા થયેલી છે. તેને હે ભવ્યાત્મન્! તું દૂર કર અને સહજ સ્વભાવે સુખ રૂપ પોતાનો આત્મા જ છે, તેના ધ્યાનમાં સ્થિરતા કર જેથી સુખ પ્રાપ્ત થાય. ૪૧.

चक्रवर्त्यादिभोगेन, सुखं सत्यं न लभ्यते।
इन्द्रादिकपदेच्छातः, सुखं किञ्चिन्न लभ्यते ॥४२॥

હે ભવ્યાત્માઓ! તમે નિશ્ચયથી સમજશો કે ચક્રવર્તિઓ બાહ્યદૃષ્ટિએ મહાન્ માનવભોગોને ભોગવતાં પૂર્ણ સુખી દેખાય છે, પણ જો તેમના મનની દશા જોવામાં આવે તો તેઓ પણ બહુ જ અસંતોષી અને દુઃખી જણાશે તેથી જેમ

ત્વને પ્રાપ્ત થયેલા ભિક્ષુ-સાધુ થયા હોય છે, તેઓ વનવગડામાં ભોંય પર સુતેલ હોય કે મલિન-જીર્ણ વસ્ત્રથી શરીર ઢાંકેલ હોય કે લુખા-સુકા રોટલાના ટુકડાથી ભૂખને શાંત કરનારા હોય છે. જેઓ આત્મ-સ્વરૂપની વિચારણા કરનારા હોય, પરમાત્મ-સ્વરૂપનું ધ્યાન કરનારા હોય, તેઓ જે આત્મ-સુખનો અનિર્વચનીય આનંદ અનુભવે છે તેના સુખનો અલ્પ અંશ પણ ચક્રવર્તિ વગેરે અનુભવી શકતા નથી. કારણ કે-તેઓ વિષય-ભોગોની લાલચથી લેપાયેલા હોવાથી તેઓની તૃષ્ણા કદાપિ શાન્ત નથી જ થતી. ૪૪.

आत्मज्ञानिसुखस्याग्रे, स्पर्शेन्द्रियादिभोगतः ।
यत्सुखं तत्तु दुःखादि-कारकाद् दुःखमेव च ॥४५॥

અધ્યાત્મજ્ઞાનીઓ બાહ્ય પદાર્થોના ભોગની સામગ્રી ન હોવા છતાં પણ આત્મ-સ્વરૂપના ધ્યાનથી જે સુખનો અનુભવ નિરંતર કરી રહ્યા છે તેની આગળ સ્પર્શ-રસ-રૂપ-ગંધાદિ અનેક પ્રકારના વિષયભોગોના સુખો લક્ષાંશમાં પણ આવી શકતા નથી. તો પણ મોહથી જ તેમાં અનાદિકાલથી સુખની ભ્રાન્તિ થાય છે. તે ભ્રાંતિમય સુખો દુઃખના ઉપાદાન કારણો હોવાથી સમ્યગ્જ્ઞાનીઓ તે સુખને માત્ર એક દુઃખ રૂપ જ જણાવે છે. ૪૫.

सर्वग्रन्थिविनिर्मुक्तो भिक्षुकोऽस्ति स्वयं सुखी ।
तदग्रे चक्रवर्त्याद्या, ग्लायन्ते हि दुःखिनः ॥४६॥

જે અધ્યાત્માઓ સર્વ પ્રકારની જગત્‌ની સ્થિતિને જાણીને મનથી સ્વપરની મમતાનો ત્યાગ કરી-મોહગ્રન્થીથી મુક્ત

છોડી દેવો જોઇએ. અને સ્વશક્તિથી સ્થિરતાપૂર્વક આત્મ-સ્વરૂપની એકત્વભાવે હૃદયમાં જ શોધ કરવી જોઇએ. ૬૦

योगभेदसमूहोऽपि, चिदानन्दप्रकाशने ।
हेतुरेवं परिज्ञाय, मा मुहः साधनेष्वपि ॥६१॥

સર્વ યોગોના ભેદોનો સમૂહ ચિદાનંદ સ્વરૂપને પ્રકાશવામાં કારણ થાય છે. તેનું યથાસ્વરૂપ અનુભવમય જ્ઞાન પ્રાપ્ત કરીને આત્મસ્વરૂપને પ્રાપ્ત કરવાનો યત્ન કરવો, પણ તે હેતુઓમાં મોહ ન પામવો. સાધન તે સાધ્યની સિદ્ધિ માટે જ છે. તે સિદ્ધિ પ્રાપ્ત કરવી તે જ સાધનોના અનુષ્ઠાનનો હેતુ છે. ૬૧.

योगसाधनभेदेषु, धर्मभेदेषु च क्वचित् ।
ज्ञानिनो नैव मुह्यन्ति, सम्यग्विज्ञानशक्तितः ॥६२॥

યોગના સાધનના ભેદોમાં કોઇ પ્રકારે કે ધર્મના અનુષ્ઠાનના ભેદોમા સમ્યગ્જ્ઞાની આત્માઓ જરા પણ મુંઝાતા નથી. પણ જે સાધનથી આત્મસ્વરૂપની પ્રાપ્તિ થાય તેના વડે પ્રગતિ કરે છે. ૬૨.

सर्वदर्शनभेदेषु, विरुद्धेषु सुपण्डिताः ।
रागद्वेषौ न कुर्वन्ति, शुद्धब्रह्मोपयोगिनः ॥६३॥

જગતના સર્વ-ધર્મ-દર્શનમાં તત્ત્વજ્ઞાન, તપ, ક્રિયાનુષ્ઠાનો, મતો વગેરેમાં પરસ્પર ભેદના કારણે યોગાનુષ્ઠાનોમાં ભેદ પડે છે. તેવા પરસ્પર વિરુદ્ધતાના ભેદોમાં સમ્યગ્જ્ઞાની પંડિતો રાગ-દ્વેષ નથી જ કરતા. પણ એક શુદ્ધ બ્રહ્મજ્ઞાનમાં માધ્યસ્થ્યભાવે આત્મ-સ્વરૂપની સાધના કરે છે. ૬૩.

રની ભિન્નતા અનુભવતા છતાં તેમાં દરેક દર્શનોમાં નૈગમાદિક નયોની અપેક્ષાએ ગુણ-પર્યાય-દ્રવ્યત્વની અપેક્ષાએ જેટલા અંશમાં જે જે વિષયોમાં બ્રહ્મજ્ઞાનની પ્રાપ્તિમાં ઉપયોગી દેખાય તે તે સર્વ સત્યોને-સર્વ સત્ય જ્ઞાનને બ્રહ્મયોગીશ્વરો પ્રકાશ કરે છે. ૬૭.

परस्परविरुद्धेषु,-धर्मेषु दर्शनेषु च ।
सत्यं सापेक्षिकं यत्तद्, गृह्णन्ति नयकोविदाः ॥६८॥

જગત્માં તત્ત્વજ્ઞાનની અપેક્ષાએ, ક્રિયાની અપેક્ષાએ, તપ-જપની અપેક્ષાએ જે જે ધર્મોમાં અને દર્શનોમાં પરસ્પર વિરોધ આવતો હોય તેને નયનિક્ષેપ પ્રમાણ-જ્ઞાનમાં પંડિત પુરુષો તે તે અપેક્ષાને દૃષ્ટિ સન્મુખ રાખીને સત્ય વસ્તુતત્ત્વને ગ્રહણ કરે છે ૬૮.

सर्वदर्शनधर्माणां,-सापेक्षनयदृष्टितः ।
जैनधर्मे समावेशो, विश्वधर्मस्ततोऽस्ति सः ॥६९॥

જગત્માં જે જે દર્શનોવડે નવા નવા જુદા જુદા આકારે ધર્મો ઉત્પન્ન થયેલા છે તે સર્વ દર્શનરૂપ ધર્મોમાં એક એક નય-નિક્ષેપની અપેક્ષાએ તે તે નયરૂપ દૃષ્ટિમય દર્શન-ધર્મો છે. તે સર્વને સર્વનયરૂપ પ્રમાણસ્વરૂપ જૈનધર્મમાં સમાવેશ થતો હોવાથી જૈનધર્મ કે જે પરમજ્ઞાની કેવલી પરમાત્માથી પ્રરૂપાયેલો છે, તે જૈનધર્મ એક વિશ્વધર્મસ્વરૂપને પ્રાપ્ત થયેલો છે. ૬૯.

एकमेव चिदानन्द,-माऽऽत्मानं निर्विकल्पकम् ।
निर्विकल्पोपयोगेन, ध्यायन्ते पूर्णरागतः ॥ ७० ॥

જે આત્માઓએ મનને જીત્યું નથી તે બાહ્યસંપત્તિથી ઇન્દ્ર, મહેન્દ્ર, રાજા, ચક્રવર્તિ કે ગમે તેવો શક્તિશાલી હોય છતાં તે પામર જ છે. જ્યારે જેમણે પોતાના મનને વશમાં કર્યું છે તેવા સાધુપુરુષો નિર્ગ્રન્થ હોવા છતાં સર્વ દેવોથી અધિક ઐશ્વર્યવાળા, અને દેવેન્દ્રોથી પણ પૂજનીય છે. ૭૩.

ग्राह्यं त्याज्यं न चित्तेषु, यस्य किञ्चिन्न भासते।
साक्षी कायादिकार्येषु, ब्रह्मज्ञानी स उच्यते ॥७४॥

જે જ્ઞાન યોગિઓના ચિત્તમાં રૂપ-રસ-ગન્ધ-સ્પર્શ-શબ્દ રૂપ અનુકૂલ વિષયોમાં સ્વીકાર કરવાની વૃત્તિ અને પ્રતિકૂલ વિષયોમાં ત્યાગ કરવાની વૃત્તિ જરાપણ ઉઠતી નથી અને જે જે કાર્યો કરે છે તેમાં જરાપણ ન લેપાતા માત્ર સાક્ષીભાવે જ આત્માને માને છે, તે વસ્તુતઃ બ્રહ્મસ્વરૂપ હોવાથી બ્રહ્મ-યોગી જાણવા. ૭૪.

जडस्य सर्वभावेषु, स्वाऽऽत्मनः पर्ययेषु च।
अहंत्वमिति मोहेन, स्वाऽऽत्मशुद्धिर्न जायते ॥ ७५ ॥

સર્વ પૌદ્ગલિક પદાર્થોમાં આત્માની પોતાના સ્વરૂપની જે બુદ્ધિ તેથી-અજ્ઞાન, મિથ્યાત્વ, અવિરતિ, કષાયમય આત્માના પર્યાયો થાય છે. જેથી કોઇવાર તને રાજા, શેઠ કે ચક્રવર્તિ વગેરેના સ્થાનમાં અહંત્વ-મમત્વની જે બુદ્ધિ થાય છે, તે માત્ર મોહના જ સ્વરૂપો છે, તેવા પદાર્થોનો જે સંબંધ છે તેમાં આત્મશુદ્ધિ કદાપિ પણ થવાની જ નથી પણ તેવા સ્વરૂપવાળા મોહનીય પરિણામનો ત્યાગ કરવાથી જ આત્મ-શુદ્ધિનો સંભવ થાય છે. ૭૫.

પોતાનામાં રહેલા સદ્‌ગુણો કે દોષોને દેખીને તેના વિષયમાં રાગ-દ્વેષ નહિ કરતાં પોતાના દોષોને ત્યાગ કરવા પ્રવૃત્ત થાય અને અન્ય પ્રત્યે ઉપદેશથી દોષો નાશ કરાવવા પ્રવૃત્ત થાય છતાં તેમાં સાક્ષિભાવે જ જે મહાજ્ઞાની વર્તે છે તે જ સમયોગી-મહાન્ યોગી જાણવા. ૭૯.

यस्य दृष्ट्यां न मित्रत्वं, शत्रुत्वं न च भासते ।
निर्मोही वीतरागः स, जीवन्मुक्तो जिनो भवेत् ॥८०॥

જે યોગીની દૃષ્ટિમાં કોઈ પણ પ્રાણી પ્રત્યે કોઇ પણ પદાર્થ પ્રત્યે શત્રુપણું કે મિત્રપણું નથી, તે નિર્મોહી, વીતરાગ જીવન્મુક્ત જિનેશ્વર બને છે. ૮૦.

आत्मज्ञानप्रभावेन, मोहदृष्टि र्विनश्यति ।
सम्यग्दृष्टिर्भवेद्व्यक्ता, सर्वकर्मविनाशिका ॥ ८१ ॥

જ્યારે ભવ્યાત્માઓને સમ્યગ્‌ભાવે આત્મ-સ્વરૂપનું જ્ઞાન થાય છે, ત્યારે તે જ્ઞાનના પ્રભાવથી મિથ્યાત્વ, અજ્ઞાનરૂપ જે મોહમય દૃષ્ટિ છે તેનો નાશ થાય છે, સમ્યક્‌દૃષ્ટિ પ્રાપ્ત થાય છે, એવા અંતરાત્મ યોગીઓ શુક્લશ્રેણિએ ચડી સર્વ કર્મનો વિનાશ કરે છે.

सम्यगाऽऽत्मनि विज्ञाते, ज्ञातं विश्वं न संशयः ।
आत्मनि नैव विज्ञाते, न विज्ञातं जगत्त्रयम् ॥८२॥

જ્યારે જીવાત્માઓને અનન્તાનુબન્ધી કષાય મોહનીય કર્મનો નાશ થવાથી સમ્યગ્‌મોહનીય, મિશ્રમોહનીય અને મિથ્યાત્વ-મોહનીય કર્મ પ્રકૃતિનો ક્ષય, ઉપશમ કે ક્ષયોપશમ થવાથી

ધ્યાન વડે નાશ કરે છે ત્યારે તેના તે ગુણો પ્રકટ થાય છે. અને તે આત્મા જ્ઞાનયોગી–કેવલજ્ઞાનધારી બને છે. ૮૪.

मूर्तकर्मादिसंयोगी, देहस्थो मूर्तरूपवान् ।
शरीरपरिणामोऽपि, ज्ञानेन व्यापको विभुः ॥ ८५ ॥

ઔદારિક, વૈક્રિય, આહારક, તૈજસ, કાર્મણ વગેરે મૂર્ત પુદ્ગલના સંયોગથી આત્મા શરીરમાં રહેતો હોવાથી અને તેમાં લોહ–અગ્નિથી પેઠે વ્યાપક હોવાથી આત્મા પણ મૂર્ત-રૂપવાન કહેવાય છે. તેથી શરીર પરિણામ આત્મા હોવા છતાં પણ જ્ઞાન વડે વ્યાપક અને સમર્થ છે. ૮૫.

स्थातव्यं निर्जने स्थाने, प्रथमाभ्याससाधकैः ।
सर्वोपाधिविनिर्मुक्तैः, शुद्धोपयोगहेतवे ॥ ८६ ॥

આત્મસ્વરૂપની પ્રાપ્તિ માટે પ્રાથમિક યોગનો અભ્યાસ કરનાર સાધકોએ એકાન્ત સ્થાનમાં રહેવું જોઇએ અને સર્વ પ્રકારની ઉપાધિનો ત્યાગ કરીને, શુદ્ધ આત્મસ્વરૂપની પ્રાપ્તિ માટે નિરંતર પ્રયત્ન કરવો જોઇએ. ૮૬.

सात्त्विकाऽऽहारपानेन, योग्यनिद्राविहारतः ।
चित्तशुद्धिः प्रकर्त्तव्या, शुद्धोपयोगहेतवे ॥ ८७ ॥

ભવ્યાત્માઓએ આત્માનો શુદ્ધ સ્વરૂપમય ઉપયોગ પ્રાપ્ત કરવા માટે સાત્વિક પવિત્ર આહાર–પાન વડે અને યોગ્ય સમયે નિદ્રા અને આહાર કરવા વડે ચિત્તની શુદ્ધિ કરવી જોઇએ અને શુદ્ધ આત્મ-સ્વરૂપની પ્રાપ્તિ માટે નિરંતર પ્રયત્ન કરવો જોઇએ. ૮૭.

પોતાના સમાન ગણી મૈત્રી-પ્રમોદ-કારુણ્ય અને માધ્યસ્થ્ય ભાવના વડે સર્વ જીવોનું કલ્યાણ થાય તેવું કાર્ય કરવું જોઇએ. ૯૦.

क्रियमाणेषु कार्येषु, दुःखं सह्यं स्वधैर्यतः।
विपत्तौ संकटे चाप्ते, शीघ्रमाऽऽत्मोन्नतिर्भवेत् ॥९१॥

શીઘ્ર આત્માની ઉન્નતિ થાય એવું લક્ષ ધારણ કરીને ભવ્યાત્માએ દરેક અનુષ્ઠાનો કરવાં જોઇએ અને તેમાં જે દુઃખ આવે તેને ધૈર્યપૂર્વક સહન કરવું જોઇએ. કારણ કે આવેલા સંકટો અને વિપત્તિઓને સહન કરવાથી શીઘ્ર આત્માની ઉન્નતિ થાય છે. ૯૧.

दुष्टशत्रुकृते घोरे, संकटे चाऽऽत्मशुद्धता।
शुभेऽशुभे भवेदाऽऽत्म,-शुद्धिरध्याऽऽत्मवेदिनाम् ॥९२॥

અધ્યાત્મ જ્ઞાનના વિશારદોએ આત્માની શુદ્ધિ માટે નિરંતર પ્રયત્ન કરવો જોઇએ દુષ્ટ શત્રુઓએ કરેલા ઘોર ઉપસર્ગમાં પણ સમભાવમાં સ્થિર રહેવાથી આત્મશુદ્ધિ થાય છે.

युद्धेऽपि चाऽऽत्मसंशुद्धि-र्भोगे रोगे वने रणे।
अध्याऽऽत्मज्ञानिनां निद्रा,-स्वप्नादौ निजबोधतः ॥९३॥

જે આત્માઓ સમભાવમાં સ્થિર હોય છે તેઓને મંદિર કે સંઘ આદિની રક્ષા માટે વિષ્ણુકુમાર મુનિની પેઠે યુદ્ધમાં ચડવું પડે તો પણ તેઓનુ માનસ આત્મ-રમણતામાં જ લીન હોય છે ભોગોમાં પણ તેઓ જલ-કમલવત્ નિર્લેપ રહે છે.. સનત્કુમાર ચક્રવર્તિ જેવા પણ શરીરમાં અનેક રોગોથી

બ્રહ્મ-સ્વરૂપ ધ્યાનમાં-આત્મચિંતનમાં લીન હોય તો તે અવશ્ય મોક્ષને પ્રાપ્ત કરે છે.

तीव्रकर्मविपाकानां,-भोक्तारस्त्यागिनो जनाः ।
शुद्धोपयोगयुक्तास्ते, कुर्वन्ति निर्जरां भृशम् ॥ ९७ ॥

જે ભવ્યાત્માઓ સાધુ અવસ્થામા હોવા છતાં સનત્કુમાર ચક્રવર્તિની માફક પૂર્વના ભયંકર અશાતાવેદનીય કર્મના ઉદયથી તીવ્ર કર્મ વિપાકની વેદના ભોગવવા છતાં તે સમતા ભાવથી અનન્તકર્મનો ક્ષય કરે છે, સર્વથા કર્મને ખપાવી મોક્ષ પ્રાપ્ત કરે છે. ૯૭

प्रारब्धकर्मभोगस्तु, भुज्यते गृहिसाधुभिः ।
विना भोगं न मुच्यन्ते, इन्द्राद्या अपि जानत ॥ ९८ ॥

ગૃહસ્થ હોય, ત્યાગી હોય કે ચાહે ઇન્દ્ર હોય કરેલા કર્મો તો સૌને ભોગવવા પડે છે. કારણ કે ભોગવ્યા વિના છૂટતા નથી. ઇન્દ્રો વગેરે અવધિજ્ઞાનથી જાણવા છતાં પણ તે કર્મોથી મુક્ત થઇ શકતા નથી એમ તમે જાણો. ૯૮.

आत्मतत्त्वादिसज्ज्ञानं, कुर्वन्ति ज्ञानिनो जनाः ।
कर्मरूपं च जानन्तो, भवन्ति ब्रह्मसम्मुखाः ॥९९॥

જે ભવ્યાત્માઓ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના સ્વરૂપને સમજનારા હોય છે તેઓ પરમ ગુરુદેવની ઉપાસનાથી અવશ્ય આત્મ-સ્વરૂપને પ્રાપ્ત કરે છે અને કર્મના સ્વરૂપને જાણીને બ્રહ્મસ્વરૂપ તરફ ગમન કરનારા થાય છે ૯૯.

कर्मरूपं न जानन्तो, मुह्यन्ति घोरसंकटे।
आत्मादितत्त्ववेत्तारो, मुह्यन्ति नैव संकटे ॥१००॥

જે ભદ્રલોકો આત્મ-સ્વરૂપને અને કર્મના સ્વરૂપને જરાપણ જાણતા નથી તેવા કર્મના ઉદયથી ભયંકર સંકટોમા જ્યારે ફસાય છે, ત્યારે 'મારે શું કરવું ? કેવી રીતે આ દુઃખમાંથી મુક્ત થવુ ?' તેનો ઉપાય હાથમાં ન આવતાં બહુ જ મુંજાય છે અને તે વખતે અનેક સાચા-ખોટા બાહ્ય ઉપાયો કરે છે જ્યારે આત્મ-તત્ત્વને અને કર્મસ્વરૂપને જાણનારા જ્ઞાની પુરુષો ભયંકર કષ્ટમાં પણ મુંજાતા નથી. ૧૦૦.

आत्मज्ञानिमनुष्याणां, शुद्धोपयोगलक्ष्यतः।
स्वाधिकारेण कार्याणां, प्रवृत्तिर्जायते खलु ॥१०१॥

ભવ્યાત્માઓ-આત્મજ્ઞાની મનુષ્યો શુદ્ધ ઉપયોગપૂર્વક પોતપોતાના અધિકારપૂર્વક વ્યવહારના કે ધર્મના કાર્યોમાં-મતલબ કે દેવ-ગુરુ-ધર્મ, સંઘ, દેશ કે કુટુમ્બના હિત માટે અવશ્ય પ્રવૃત્તિ કરે છે. ૧૦૧.

प्रवृत्तौ वा निवृत्तौ वा, स्वतन्त्रा ज्ञानिनः सदा।
यद्योग्यं तत्प्रकुर्वन्ति, सर्वकार्यविवेकिनः ॥१०२॥

જે સમ્યગ્જ્ઞાનયોગી મહાત્માઓ હોય છે તે યોગ્ય સમયે દેશ-કાલને અનુસારે સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકા, ગામ-દેશના ભલા માટે યોગ્ય હોય તેવી પ્રવૃત્તિ કરે છે. પણ તેમાં પોતાને અયોગ્ય જણાય ત્યારે તે પ્રવૃત્તિથી મુક્ત થવામાં તે જ્ઞાની-મહાત્માઓ અવશ્ય સદાય સ્વતંત્ર જ હોય છે. તેઓ

ઉપર લૌકિક ધારા–ધોરણનો કોઇ પ્રતિબંધ હોઈ શકતો જ નથી જે સમયે જે યોગ્ય જણાય તે સર્વ કાર્યોમાં વિવેકપૂર્વક પ્રવૃત્તિ કરે છે, અન્યને પણ તેમાં જોડે છે અને અયોગ્ય જે પ્રવૃત્તિ લાગે તેથી નિવૃત્તિ પણ કરી શકે છે. ૧૦૨.

शुद्धाऽऽत्मराज्यलाभार्थ,–माऽऽत्मशुद्धोपयोगिनः ।
भवन्ति बाह्यराज्येषु, निर्लेपाः कर्मयोगिनः ॥१०३॥

આત્મસ્વરૂપના લાભ માટે આત્મસ્વરૂપના શુભ ભાવમય ઉપયોગવાળા યોગીજનો રૂપસ્થ ધ્યાન અને રૂપાતીત ધ્યાનના બળથી અવશ્ય શુદ્ધ આત્મરાજને પ્રાપ્ત કરનારા થાય છે. પરન્તુ બાહ્ય સર્વ પૃથ્વીના રાજ્યને માટે તેઓ મન–વચન–કાયાથી નિર્લેપ હોય છે. તેઓ કર્મયોગીઓ હોવાથી બાહ્ય રાજ્યમાં લોભાતા નથી. ૧૦૩.

सर्वसंगेषु निःसंगाः, क्रियासु चाक्रियाः स्वयम् ।
योगिनो नैव योगेषु, भोगेषु न च भोगिनः ॥१०४॥

નિર્લેપ કર્મયોગીઓ સર્વ લોકોની મધ્યમાં રહેવા છતાં અંતરંગથી તો તેઓ નિર્લેપ જ હોય છે. બાહ્ય ક્રિયાઓ કરવા છતાં અંતરંગથી અક્રિય જ હોય છે, સમભાવમાં સ્થિર હોય છે. હઠાદિ યોગની ક્રિયાઓ કરવા છતાં અંતરંગથી નિર્લેપ હોય છે. સરસ કે વિરસ આહારાદિ ભોગો ભોગવવાં છતાં મનથી તો અભોગી જ હોય છે. એટલે મનથી તેમાં લુબ્ધ નથી હોતા ૧૦૪.

मृतास्ते मोहभावेन, जीवन्तो ज्ञानभावतः ।
शुभा विकल्पसंकल्प,–त्यागेनाध्याऽऽत्मवेदिनः ॥१०५॥

તે યોગીઓ મોહના ભાવથી મરેલા હોય છે એટલે મોહ રહિત હોય છે અને નિરંતર આત્મચિંતવનમાં લીન હોવાથી જ્ઞાનસ્વરૂપે જીવતા હોય છે. સંકલ્પ–વિકલ્પથી રહિત હોવાથી બાહ્ય ભાવોનાં ચિંતનમાં સુતેલા હોય છે અને અધ્યાત્મ-સ્વરૂપના ધ્યાનમાં ઉપયોગવાળા હોવાથી તે સ્વરૂપે સદા જાગૃત હોય છે.

मोहस्वप्नो न यस्याऽस्ति, ज्ञानदृष्टयां भवोत्थितः ।
स ज्ञानी दिवसे रात्रौ, जागर्ति निद्रिताऽपि सन् ॥१०६॥

સમ્યગ્જ્ઞાનીઓની મોહ–ચેષ્ટાઓ મનથી સર્વથા નષ્ટ થએલી હોય છે, તેથી સ્વપ્નમાં પણ તેમને મોહને ઉત્પન્ન કરનારી વસ્તુઓ હોતી નથી. અને જ્ઞાનદષ્ટિમાં–આત્મસ્વરૂપના જ્ઞાન–દર્શન-ચારિત્ર-આનંદમય પર્યાયોમાં નિરંતર સ્થિર હોવાથી તેઓ સદા જાગતા જ હોય છે. બાહ્ય દષ્ટિએ શરીરથી તેઓ ઉંઘતા હોવા છતા પણ રાત–દિવસ અંતરથી જાગતા જ હોય છે. ૧૦૬.

रागद्वेषस्वरूपं तद्-द्वैतं यस्माद्विनिर्गतम् ।
स विश्वेशो महादेवो, विभुरस्ति सुखालयः ॥१०७॥

રાગ અને દ્વેષનું જે સ્વરૂપ એટલે ‘ આ મારું અને આ તારુ ’ એવું દ્વૈતપણું જેમાંથી ચાલ્યું ગયું છે, અથવા જેમને સારી વસ્તુ જોઇને રાગ થતો નથી અને નરસી વસ્તુ જોઇને દ્વેષ થતો નથી, એવા જ્ઞાની પુરુષો જ આ સંસારના સાચા સ્વામી છે, તેજ મહાદેવ છે, તેમજ સમર્થ છે, અને તે જ સુખના ધામ છે.

आत्मैव परमेशोऽस्ति, संग्रहनयसत्तया ।
एक आत्मा स संध्येयः, शुद्धात्मव्यक्तिहेतवे ॥१०८॥

સંસારમાં જડ અને ચેતન બન્ને પદાર્થો છે. કેટલાક લોકો ચિંતામણિરત્ન, કામકુંભ, કલ્પવૃક્ષ આદિ વસ્તુઓ જેને પ્રાપ્ત થઇ હોય તેને પરમ સુખી સમજે છે. પરંતુ તત્ત્વજ્ઞાની પુરુષો સંગ્રહનયની અપેક્ષાએ આત્માને જ પરમ સામર્થ્યવાન્ માને છે. તેથી શુદ્ધ આત્મ-સ્વરૂપ પ્રગટ કરવા માટે એક આત્માનું જ સારી રીતે ધ્યાન કરવું જોઈએ. ૧૦૮.

संग्रहनयसत्ताया,-अपेक्षातो विवेकिनः ।
आत्मसत्तां हृदि ध्यात्वा, भवन्ति परमेश्वराः ॥१०९॥

ઉપર જણાવ્યા પ્રમાણે સંગ્રહનયની સામાન્ય ભાવમય સત્તાની અપેક્ષાએ ઉર્ધ્વતા સામાન્યની અપેક્ષાથી અનાદિકાલથી પરંપરાગત અનેક ભવમાં જન્મ-મરણ ધારણ કરનાર નવનવા પરિણામમય અશુદ્ધ પર્યાયને પ્રાપ્ત કરતા તેમાં અનુગત સત્તાથી આત્મસ્વરૂપ રહેલું છે, તે વિવેકી પુરુષો સમજે છે. તેથી હૃદયમાં આત્મ-સત્તાનું ચિંતવન કરીને આત્માનું સ્વરૂપ વિચારીને યોગીઓ પરમેશ્વર થાય છે. પરમપદને પામે છે.

संग्रहनयसत्ताया,-दृष्ट्या सर्वं जगद्धृदि ।
एकब्रह्मस्वरूपेण, ध्यातारो यान्ति सत्पदम् ॥११०॥

જે ભવ્યાત્મા સંગ્રહનયની અપેક્ષાને દૃષ્ટિ સન્મુખ રાખીને સર્વ આત્માઓમાં સર્વ ગુણ-પર્યાયોનો સમાન ગુણ-ધર્મ શાશ્વતો હોવાથી 'એક આત્મા' પણ કહેવાય છે. અને

તેથી શુદ્ધ અદ્વૈત મતમાં 'सत्यं ब्रह्म जगन्मिथ्या' અથવા બધું બ્રહ્મસ્વરૂપ છે, એમ કહેવાય છે. તે દૃષ્ટિ લક્ષ્યમાં રાખીને ધર્મ, શુક્લ, રૂપસ્થ, રૂપાતીત ધ્યાનમાં સ્થિર થતા સર્વ જગત્ પોતાના હૃદયમાં પ્રતિબિમ્બિત થાય છે, અને તેવા ધ્યાની પુરુષો મોક્ષને પ્રાપ્ત કરે છે. ૧૧૦

शुद्धव्यवहृतेर्दृष्ट्या, ब्रह्मध्यानपरायणाः ।
आत्मशुद्धिं प्रकुर्वन्ति, गृहस्थास्त्यागमार्गिणः ॥१११॥

આત્મધ્યાનમાં પરાયણ જ્ઞાનીઓ શુદ્ધ ધર્મ વ્યવહારને લક્ષ્યમાં રાખીને શ્રાવકના બાર વ્રત, સામાયિક, પ્રતિક્રમણ, પૌષધવડે આત્મશુદ્ધિને કરે છે. ૧૧૧.

सर्वनयोक्तसापेक्ष,-दृष्ट्याऽऽत्मरूपचिन्तकाः ।
सम्यग्दृष्टिप्रभावेन-मिथ्यात्वनाशकारकाः ॥११२॥

સર્વનયથી કહેવાયેલી સાપેક્ષદૃષ્ટિથી આત્મસ્વરૂપની વિચારણા કરનારા સમ્યગ્દૃષ્ટિના પ્રભાવવડે આત્મ-સ્વરૂપનું ચિંતવન કરતા મિથ્યાત્વ-અજ્ઞાન-અવિરતિ ભાવનો નાશ કરે છે. ૧૧૨.

असंख्ययोगतो मुक्तिः, सर्वदर्शनधर्मिणाम् ।
नयसापेक्षबोधेन, भवत्येव यदा तदा ॥११३॥

જીવાત્માઓને આત્મ-સ્વરૂપની પ્રાપ્તિ માટે અનેક પ્રકારના સાધનો યોગો છે અને અસંખ્યાત યોગથી આત્મા મુક્તિને પ્રાપ્ત કરી શકે છે. સર્વ ધર્મદર્શનો પણ એક એક નયની અવલંબનાવડે-પોતાના ધર્મના અનુષ્ઠાનો તપ-જપ-ધ્યાનવડે અંશતઃ ધર્મના સ્વરૂપને પ્રાપ્ત કરી પછી સર્વનયની અપેક્ષાએ સંપૂર્ણ જ્ઞાનવડે મુક્તિને પ્રાપ્ત કરે છે. ૧૧૩.

सर्वनयोक्तसापेक्ष-ज्ञानं स्यात्सविकल्पकम् ।
निर्विकल्पं ततो भिन्नं, ज्ञानं शुद्धाऽऽत्मकारकम् ॥११४॥

ભવ્યાત્માઓને સર્વનયોની અપેક્ષાએ સર્વ દ્રવ્ય-ક્ષેત્ર-કાલ-ભાવથી સવિકલ્પ જ્ઞાન થાય છે. ત્યાર પછી વિકલ્પરહિત આત્મ-સ્વરૂપની શુદ્ધતાને કરનાર જ્ઞાન-દર્શન-ચારિત્ર પ્રગટ થાય છે. ૧૧૪

निर्विकल्पोपयोगेन, पूर्णानन्दः प्रकाशते ।
अनुभवप्रमाणेन, साक्षात्कारो निजाऽऽत्मनः ॥११५॥

સવિકલ્પ સમાધિનો અભ્યાસ કરતા અનુક્રમે નિર્વિકલ્પ સમાધિ યોગ પ્રાપ્ત થાય છે, નિર્વિકલ્પ સમાધિ યોગથી આત્મ-સ્વરૂપનો પૂર્ણભાવે આનંદમય પ્રકાશ પ્રાપ્ત થાય છે, તેના અભ્યાસથી અનુભવ પ્રમાણવડે પોતાના આત્મ-સ્વરૂપનો પ્રત્યક્ષ સાક્ષાત્કાર થાય છે. ૧૧૫.

अनुभवं विना कोऽपि, याति नैवाऽऽत्मदर्शनम् ।
आत्मसिद्धौ मया साक्षाद्, वेद्यतेऽनुभवः कलौ ॥११६॥

સમ્યક્ શાસ્ત્રોના અનુભવ વિના કોઇપણ આત્મદર્શન પ્રાપ્ત કરી શકતા નથી. પણ આ કલિયુગમાં સમ્યગ્જ્ઞાનના અનુભવથી મને સાક્ષાત્ આત્મ-સ્વરૂપની નિશ્ચલતાપૂર્વક સિદ્ધિ થઈ છે, એમ વેદાય છે-જ્ઞાનમાં જણાય છે. ૧૧૬.

सर्वनयोक्ततत्त्वानां,-बोधं विना जगज्जनाः ।
परस्परं च युद्ध्यन्ति, क्लिश्यन्ति धर्मभेदतः ॥११७॥

સર્વનયોના કહેલા અપેક્ષામય તત્ત્વોના બોધ વિના સંસા-રના પ્રાણીઓ પોતાના માન્ય રાખેલા તત્ત્વોનો આગ્રહ રાખીને

અને બીજાના તત્ત્વોને ખોટા સિદ્ધ કરતા પરસ્પર ધર્મના મતભેદને આગળ રાખીને લડે છે અને સીદાય છે. ૧૧૭.

आत्मज्ञानविकल्पो यः स तु श्रुतानुसारजः ।
निर्विकल्पं स्वभावेन, रागद्वेषविनिर्गतम् ॥११८॥

શાસ્ત્રના વચનોને અનુસારે આત્મજ્ઞાનમય વિકલ્પ ઉત્પન્ન થાય છે તેના અનુભવથી ધ્યાન કરતા રાગ-દ્વેષનો ક્ષય થાય છે. ત્યારે તેવા આત્મજ્ઞાની યોગીઓને સ્વભાવસિદ્ધ નિર્વિકલ્પ યોગથી પૂર્ણ આત્મ-સ્વરૂપનો અનુભવ થાય છે. ૧૧૮.

नयादिसद्विकल्पेभ्यो, भिन्नं द्वैतविनिर्गतम् ।
अद्वैतं निर्विकल्पं तु, ज्ञानं शुद्धाऽऽत्मवेदकम् ॥११९॥

નય-નિક્ષેપ-ભંગ આદિના અનુભવથી જે જે વિભિન્ન વિકલ્પ-સંકલ્પ ઉત્પન્ન થાય છે, તેથી દ્વૈતનો-અનેકતાનો અનુભવ થાય છે. પણ આત્મ-સ્વરૂપના ધ્યાનમાં એકત્વભાવમય અદ્વૈત-રૂપ નિર્વિકલ્પજ્ઞાન ઉપયોગી છે. કારણ તે નિર્વિકલ્પ જ્ઞાનથી જ શુદ્ધ-આત્મ-સ્વરૂપનો અનુભવ છે. ૧૧૯.

निर्विकल्पं परब्रह्म, क्षयमात्रं मुहुर्मुहुः ।
पूर्णानन्दस्वरूपेण, मयाऽनुभूयते मयि ॥१२०॥

હે ભવ્યાત્મા ! તું સમ્યગ્-ધ્યાનથી નિર્વિકલ્પ પરબ્રહ્મનું ધ્યાન પ્રત્યેક ક્ષણે નિરંતર કર, જેથી તને પૂર્ણ આનંદમય આત્મ-સ્વરૂપનો અનુભવ થશે, મને પણ નિર્વિકલ્પક સમાધિથી પ્રત્યક્ષભાવે પૂર્ણાનંદ સ્વરૂપ પરમબ્રહ્મનો સાક્ષાત્ અનુભવ થાય છે. ૧૨૦.

निर्विकल्पस्वरूपे तु, अहं त्वं तन्न भासते ।
ज्ञाता ज्ञानं तथा ज्ञेयं, तदैक्यं वर्तते स्वयम् ॥१२१॥

જ્યારે નિર્વિકલ્પ સ્વરૂપમય આત્મસમાધિમાં તદાકાર થાય છે ત્યારે હું, તું કે તે એવા રૂપે તથા જ્ઞાતા-ધ્યાન કરનાર, જ્ઞાન-ધ્યાન અને જ્ઞેય-ધ્યેય એ ત્રણેનું અભેદ સ્વરૂપે એકપણું નિર્વિકલ્પ ધ્યાનમાં આત્મા સ્વયં અનુભવે છે. ત્યાં અદ્વૈતભાવ આવી જાય છે એટલે ધ્યાતા પોતે જ ધ્યેયરૂપે અનુભવાય છે. ૧૨૧.

सविकल्पं परब्रह्म, मुहुर्मुहुर्निजात्मना ।
चिदानन्दस्वरूपेण, भृशं मयाऽनुभूयते ॥१२२॥

સવિકલ્પ સ્વરૂપે પરમ બ્રહ્મનું ધ્યાન આત્મામાં વારંવાર કરવાથી અત્યન્ત પ્રગટભાવે ચિદાનંદ સ્વરૂપ પરમ બ્રહ્મનો અનુભવ થાય છે. હું પણ તેવા સ્વરૂપનો અનુભવ કરૂં છું ૧૨૨.

आत्मैव परमाऽऽत्माऽस्ति, स्वाऽऽत्मना वेद्यते खलु ।
स्वाऽऽत्मानमन्तरा स्वान्य,-ज्ञाता कोऽपि न विद्यते ॥१२३॥

આત્મા તેજ વસ્તુતઃ પરમાત્મા છે, અને પોતાના સ્વરૂપો પોતે જ નિશ્ચયથી જાણે છે. પોતાના સત્ય-સ્વરૂપને પોતાથી અન્ય કોઇ જાણનારો કે દેખનારો નથી. ૧૨૩.

निजाऽऽत्मगुणपर्याय,-रक्षणं धर्म उच्यते ।
आत्मगुणस्य नाशो यो, हिंसैव कथ्यते बुधैः ॥१२४॥

પોતાના આત્માના જ્ઞાનાદિ ગુણો અને તેના ક્ષણે ક્ષણે બદલાતા જે પર્યાયો તેનું રક્ષણ કરતાં શુદ્ધ કરવા રૂપ જે ક્રિયા આત્મામાં થાય છે તે ધર્મ કહેવાય છે. અને નિશ્ચયથી

આત્માના જે જ્ઞાનાદિ ગુણો તેનો નાશ તેને જ પંડિતપુરુષો હિંસા કહે છે. જો કે લોકમાં બીજાના શરીરનો નાશ કરવો કે તેને દુભવવું તેને હિંસા કહે છે; એટલે બાહ્ય હિંસા કરવામા આત્મામાં કષાયરૂપ મલીનતા ઉત્પન્ન થતી હોવાથી દ્રવ્ય–હિંસામાં ભાવ–હિંસા આવી જાય છે. ૧૨૪.

साधनधर्मतो भिन्नः, साध्यधर्मो निजाऽऽत्मनि ।
आत्मतो नैव भिन्नोऽस्ति, स्वधर्मस्तु निजाऽऽत्मनि ॥१२५॥

પાંચ ઇન્દ્રિયોનો નિગ્રહ કરવો, પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિનું પાલન કરવું, દશ પ્રકારના યતિધર્મનું પાલન કરવું. આ બધા સાધન ધર્મોનો અભ્યાસ કરવાથી સાધ્યધર્મ–આત્મ-સ્વરૂપની પ્રાપ્તિ થવી તે સાધ્ય–ધર્મ આવે છે. કારણ કે પર્યાય નયની અપેક્ષાએ સાધ્ય અને સાધનમાં ભિન્નતા અવશ્ય અનુ-ભવાય છે. પરન્તુ તે આત્મ–રૂપ એક જ દ્રવ્યમાં પર્યાયરૂપે પૂર્વોત્તરભાવે પ્રાપ્ત થવા છતાં દ્રવ્યનયની અપેક્ષાએ એક જ છે–અભિન્ન છે. કારણ કે જેટલા દ્રવ્યો છે, તે સર્વે ગુણ–પર્યા-યને અભેદભાવે ધરનારા હોય છે. તેથી કહ્યું છે કે–" गुण-पर्यायवद्द्रव्यम् " ગુણ–પર્યાયવાળું હોય તે દ્રવ્ય કહેવાય. ૧૨૫.

बाह्यसाधनधर्माणां, भेदेषु बाह्यदृष्टितः ।
अज्ञानिनः प्रमुह्यन्ति, प्रमुह्यन्ति न कोविदाः ॥१२६॥

અજ્ઞાનીઓ વસ્તુસ્વરૂપને યથાર્થસ્વરૂપને નહીં જાણતા હોવાથી બાહ્ય સાધનો એટલે સંપ્રદાય ગચ્છ ભેદની બાહ્ય ક્રિયાઓના ભેદથી આપસમાં લડે છે, જેમ કે વર્તમાનમાં તિથિભેદ વગેરેથી લોકો ઝઘડે છે, વાસ્તવમાં તેઓને અજ્ઞા-

નીઓ જ સમજવા. અને તેવા અજ્ઞાનીઓ બાહ્યથી પોતાની ક્રિયાને સાચી માની અને અન્યની ક્રિયાને ખોટી માની આપસમાં ઝઘડે છે. ત્યારે જ્ઞાની પુરૂષો આત્મ-સ્વરૂપના રમણમાં પરમાનંદ અનુભવે છે. બાહ્ય ક્રિયાઓમાં મુંજાતા નથી. તેમજ તત્ત્વની બાબતમાં અપેક્ષાએ સમન્વય કરી આત્મધર્મનો અનુભવ કરે છે. ૧૨૬.

शुद्धाऽऽत्मा साध्यते सद्भि-रसंख्यधर्मसाधनैः ।
देशकालदशाबोध,-रुचिवैचित्र्यधारकैः ॥ १२७ ॥

ધર્મના સાધનો અસંખ્ય છે, સંત-પુરૂષો તેમાંથી દેશ, કાલ અવસ્થા, સંયોગ અને સંબંધને અનુકૂલ પોતાને જે શાસ્રોનો બોધ હોય તેને અનુસરે તથા પોતાની વિચિત્ર પ્રકારની રુચિને અનુસારે આત્મ-સ્વરૂપને સિદ્ધ કરવા પ્રયત્ન કરે છે. ૧૨૭.

शुद्धप्रेम्णा प्रलीनास्ते, भवन्ति हि निजाऽऽत्मनि ।
आत्मसमं न जानन्ति, चक्रवर्त्यादिकं पदम् ॥१२८॥

તે સંત-પુરૂષો પોતાના આત્મ-સ્વરૂપમાં શુદ્ધ પ્રેમ વડે લીન બનેલા હોય છે તેથી તેઓ ચક્રવર્તિ, દેવેન્દ્ર, નાગેન્દ્ર કે મહાન્ ધનપતિના પદને પણ પોતાના આત્મ-સ્વરૂપની આગળ તુચ્છ ગણે છે. કારણ કે ભોગો તો અનંતીવાર પ્રાપ્ત થાય પરંતુ તે ભોગોની તૃષ્ણા મટતી નથી અને શાન્તિ મળતી નથી. જ્યારે આત્મ-સ્વરૂપ પ્રાપ્ત કરવામાં જ સાચી શાન્તિ સમાયેલી છે. ૧૨૮.

विश्वरूपं निजाऽऽत्मानं, भावयन्तो ह्यपेक्षया ।
आत्मवद्विश्वजीवांश्च, पश्यन्ति ब्रह्मभावतः ॥ १२९ ॥

યોગીઓ અપેક્ષાએ સર્વ વિશ્વને પોતાના આત્મ-સમાન ગણે છે, તેથી પોતાના જીવાત્માને તથા સર્વ વિશ્વને પરમ-બ્રહ્મ-સ્વરૂપ ભાવથી એકરૂપે જ જૂએ છે. તેથી તેઓમાં અનુકૂલ પ્રત્યે રાગ કે પ્રતિકૂલ પ્રત્યે દ્વેષ ઉત્પન્ન થતો નથી. ૧૨૯.

दर्शनं वर्तनं जीवैः, सार्धमाऽऽत्मैक्यभावतः ।
भवेदध्यात्मबोधेन, ब्रह्मानन्दप्रकाशकम् ॥१३०॥

જગતના સર્વ જીવો પ્રત્યે જેને અધ્યાત્મ-બ્રહ્મસ્વરૂપનો અપૂર્વ જ્ઞાનમય બોધ પ્રાપ્ત થયેલો હોય છે તેવા યોગિઓ સર્વ જીવોને અભેદ દૃષ્ટિથી જોવે છે. અને વર્તન પણ એક સરખું જ કરે છે. તેઓના હૃદયમાં બ્રહ્માનંદ પ્રકટ થયેલો જોવાય છે. ૧૩૦

निजाऽऽत्मनि परप्रेम, कुरुष्व मोक्षहेतवे ।
आत्मानन्देन जीव !! त्वं, मा जीव !! देहजीवनात् ॥१३१॥

હે ભવ્યાત્મન્ ! તું તારા પોતાના આત્મ-સ્વરૂપને પરમ-પ્રેમથી વ્યાપક કર કે જેથી તે પરમપ્રેમ તને બાહ્ય જડ પ્રેમથી વિરક્ત કરીને મોક્ષનું ઉપાદાન કારણ બને. અને તું આત્મ-સ્વરૂપના આનંદ વડે અનન્ત સમય સુધી જીવ. દેહ-જીવન એટલે મોહમય જીવનનો ત્યાગ કરનાર થા. ૧૩૧.

चिदानन्दस्वरूपं हि, चेतनस्य स्वभावतः ।
यस्य प्रकाशते तस्य, साक्षादात्मा प्रभुः स्वयम् ॥१३२॥

નિશ્ચયથી વિચારતાં સમજાય છે, કે આત્માનું સ્વભાવથી તો ચિદાનંદ સ્વરૂપ છે. એટલે આત્મા સ્વભાવથી જ્ઞાન-દર્શન-ચારિત્રમય છે. એવું ચિદાનંદ સ્વરૂપ જેનું પ્રગટ થાય છે, તે આત્મા સાક્ષાત્ સ્વયં પ્રભુ-સ્વરૂપ છે. ૧૩૨.

ज्ञानानन्दस्वरूपोऽस्ति, निजाऽऽत्मा शाश्वतः प्रभुः ।
याचको न च दीनोऽस्ति, लिङ्गी जातिर्न रूपवान् ॥१२३॥

આત્માનું શાશ્વતસ્વરૂપ જ્ઞાન-દર્શન-ચારિત્રરૂપ આનંદમય છે. તેવું મારૂં આત્મ-સ્વરૂપ હોવાથી હું નિશ્ચયથી મારો સ્વામી છું. અને તેથી મારા સ્વરૂપને પ્રકટ કરવા સમર્થ છું. અને તેથી મારા સ્વરૂપની પ્રાપ્તિ માટે કોઇની યાચના કરવાની જરૂર નથી. તેથી હું યાચક કે દીન પણ નથી. વળી આત્મામાં સ્રીલિંગ, પુરૂષલિંગ, નપુસંકલિંગ, તેનુ લિંગ નથી હોતું, ઉંચ-નીચ આદિ જાતિ પણ હોતી નથી. તેમજ કાળો-ધોળો તેવું રૂપ પણ નથી હોતું. ૧૩૪.

भिद्यते छिद्यते नैव, न च कालेन भक्ष्यते ।
द्रव्यरूपेण नित्योऽस्ति, पर्यायेण ह्यशाश्वतः ॥१३४॥

આત્મા બાહ્ય પદાર્થોથી ભેદાતો કે છેદાતો નથી. કાલ તેનું ભક્ષણ કરી શકતો નથી. દ્રવ્યરૂપે આત્મા શાશ્વત છે. જ્યારે મનુષ્ય-તિર્યંચ આદિ પર્યાયરૂપે અશાશ્વત-નાશવંત છે. ૧૩૪.

मृतोऽपि देहभावेन, ज्ञानानन्देन जीवति ।
जडानन्दविमुक्तो य, आत्मानन्दमहोदधिः ॥१३५॥

આત્મા-શરીર-ઇન્દ્રિયાદિ પ્રાણોરૂપે નાશ પામે છે. જ્યારે જ્ઞાનાનન્દ-સ્વરૂપે તે સદાય જીવતો જ રહે છે. આત્મા પૌદ્ગલિક આનન્દથી રહિત હોય છે. અને પોતાના જ્ઞાન-દર્શન-ચારિત્રમય આનન્દરૂપી મહા-સમુદ્રમાં વ્યાપ્ત હોય છે. ૧૩૫.

देहस्थितोऽपि वैदेह, आत्मारामो हरिर्हरः ।
स्वानुभवेन गम्योऽस्ति, सच्चिदानन्दरूपवान् ॥१३६॥

આત્મા કર્મના સંબંધને કારણે શરીરમાં વસતો હોવા છતાં તે મૂળ સ્વરૂપે તો દેહ વિનાનો જ છે. આત્મ-સ્વરૂપમાં રમનારો છે. કર્મને હણનારો હોવાથી હરિ છે. સર્વ દુઃખોને હરતો હોવાથી હર પણ કહેવાય છે. આત્માનું જ્ઞાન પોતાના અનુભવથી જ થાય છે. અને તે સત્-ચિત્-આનંદ-સ્વરૂપવાળો છે. ૧૩૬.

नाशो न देहनाशेऽपि, चेतनस्य स्वभावतः ।
भिन्नो यः पञ्चभूतेभ्यः, सोऽहमाऽऽत्मा तनुस्थितः ॥१३७॥

આત્મા પોતાના સ્વભાવથી સદા શાશ્વત જ છે, એટલે શરીરનો નાશ થવા છતાં આત્માનો નાશ થતો નથી. અને પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને આકાશ આ પાંચ મહાભૂતોથી ભિન્ન એવો આત્મા શરીરમાં વ્યાપીને રહેલો છે. ૧૩૭.

स्वान्यविश्वस्य वेत्ताऽहं, पुद्गलस्थो न पुद्गली ।
कर्मपर्यायभिन्नोऽस्मि, ब्रह्मरूपः सनातनः ॥१३८॥

હું આત્મા પોતાના સ્વરૂપનો તથા ચેતન-જડરૂપ અન્ય સર્વ પદાર્થોનો, તેમના ગુણપર્યાયનો જ્ઞાતા છું. કર્મયોગે શરીર-ઇન્દ્રિય-મન અને કાર્મણરૂપ પુદ્‌ગલમય શરીરમાં વસતો હોવા છતાં નિશ્ચયનયથી હું પુદ્‌ગલરૂપ નથી. શરીરમાં વસવાના કારણે કર્મના પર્યાયોને ગ્રહણ કરવા તથા છોડવારૂપ ક્રિયા કરવા છતાં હું કર્મના પર્યાયોથી ભિન્ન છું, અને ચૈતન્યસ્વરૂપ-બ્રહ્મરૂપે સનાતન-શાશ્વત છું. ૧૩૮.

अनन्तज्ञानवान्पूर्णो, देवो विभुर्निरञ्जनः ।
निराकारश्च साकारो, ह्यलक्ष्यो चित्तबुद्धितः ॥१३९॥

અનન્તજ્ઞાનવાળો, સમર્થ, દેવાધિદેવ, જ્ઞેયની જે વ્યાપકતા તેનાથી યુક્ત, જ્ઞપ્તિની વ્યાપકતાથી યુક્ત-વિભુ અને રાગ-દ્વેષથી રહિત, શરીરના કારણે આકારવાળો હોવા છતાં મૂળ સ્વરૂપે નિરાકાર તથા મન અને બુદ્ધિથી નહિ જણાતો એવો હું બ્રહ્મસ્વરૂપ આત્મા છું.

आत्मज्ञानिगुरोः संगाद्, बोधादाऽऽत्मा प्रकाशते ।
गुरुं विना न बोधोऽस्ति, गुरुः सेव्यः सुमानवैः ॥१४०॥

ભવ્યાત્માઓને આત્મજ્ઞાની ગુરુઓના સંગથી આત્મતત્ત્વનો શ્રેષ્ઠ બોધ થાય છે. તેવા જ્ઞાની ગુરુની ઉપાસના વિના સમ્યક્ પ્રકારે કોઇપણ આત્માને બોધ થતો નથી. તેથી શ્રેષ્ઠ પુરુષોએ જ્ઞાની ગુરુની સેવા કરવી જોઇએ ૧૪૦

गुरुगमं विना ज्ञानं, कदापि नैव जायते ।
गुरुकृपां विना सत्यं, ज्ञायते नैव पण्डितैः ॥१४१॥

પૂજ્ય ગુરુઓની સેવા કર્યા વિના શુદ્ધ આત્મજ્ઞાન કોઈને પણ કદાપિ થતું નથી. પંડિતો પણ ગુરુકૃપા વિના ભલે શાસ્ત્રો ભણી જાય, પરન્તુ સત્ય-તત્ત્વને સમજી શકતા નથી. ૧૪૧.

सद्गुरोः श्रद्धया प्रीत्या, सेवया बहुमानतः ।
गुर्वात्मीभूतशिष्याणा,-मात्मज्ञानं प्रकाशते ॥१४२॥

સાચા ગુરુ ઉપર પૂર્ણ શ્રદ્ધા, અંતરંગ પ્રેમ અને આદર-પૂર્વક સેવા કરવાથી ગુરુની પ્રસન્નતા જેમના ઉપર ઉતરી છે તેથી તેમના આત્મભૂત બનેલા શિષ્યોમાં જ આત્મ-જ્ઞાન-સત્યતત્ત્વનું જ્ઞાન પ્રકાશને પામે છે. ૧૪૨.

ब्रह्मभावनया ब्रह्म-रूपो भवति मानवः ।
सर्वत्र ब्रह्मभावेन, व्यापको भवति प्रभुः ॥१४३॥

મનુષ્યો જ્યારે સર્વ વિશ્વના આત્માને પોતે જેમ સંગ્રહ નયની સત્તાથી જ્ઞાન-દર્શન-ચારિત્ર-વીર્ય-ઉપયોગમય ગુણોથી પૂર્ણ છે, તેમ જગતના સર્વ પ્રાણિઓ પણ સંગ્રહનયની સત્તાથી પરિપૂર્ણ છે. એમ બ્રહ્મરૂપ બને છે. અને તેથી સર્વ આત્માઓ પ્રત્યે બ્રહ્મરૂપ ભાવના કરનારો ભવ્યાત્મા બ્રહ્મભાવથી વ્યાપક બને છે. ૧૪૩.

जडभावनया दुःखं, सुखमीश्वरचिन्तनात् ।
समाधिब्रह्मभावेन, यत्र तत्र यदा तदा ॥१४४॥

જ્યાં જ્યાં અને જ્યારે જ્યારે પુદ્ગલ ભોગોની ભાવના હૃદયમાં ઉપજે છે ત્યા દુઃખોની પરંપરા સમાયેલી છે. મનની એકાગ્રતાપૂર્વક સત્ય સ્વરૂપે ઇશ્વરનું ચિંતન કરવાથી સુખની પ્રાપ્તિ થાય છે.

आत्मा न नामरूपेषु, नामरूपादिवासनाम् ।
त्यक्त्वा ब्रह्मस्वरूपेण, सर्वविश्वं विलोकय ॥१४५॥

આત્મસ્વરૂપની જ્યારે શુદ્ધતા પ્રાપ્ત થાય છે, ત્યારે કોઇ પણ વ્યક્તિના નામની કે રૂપની ખ્યાતિ નથી જ રહેતી, તે સિદ્ધ-સ્વરૂપ બને છે. અને એવી દશામાં નામ કે રૂપની ઇચ્છા પણ નથી રહેતી. કર્મના યોગે જ બધી વાસનાઓ રહેલી છે. યોગી પુરુષો તેનો ત્યાગ કરીને આખા બ્રહ્માંડને પોતાના સ્વરૂપે દેખે છે. તું પણ બ્રહ્મસ્વરૂપનું ધ્યાન કરીને સર્વ વિશ્વને તારામાં અવલોકન કર. ૧૪૫.

कीर्त्तिः सुखं न मन्यस्व, ज्ञात्वा स्वप्नोपमं जगत् ।
आत्मन्येव कुरु प्रीतिं, मा मुहः पुद्गलेषु वै ॥१४६॥

હે ભવ્યાત્મન્ ! આ સંસાર સ્વપ્ન સરખો જાણીને આ સંસારની બાહ્ય કીર્તિમાં તું સુખ ન સમજ, આત્મા ઉપર પ્રેમ કર અને પુદ્ગલોનાં સુખમાં જરાપણ મુંજાઇશ નહિ. ૧૪૬.

वर्णगन्धरसस्पर्श-युक्तेषु जडवस्तुषु ।
नास्ति ब्रह्मसुखं सत्यं, मा मुहस्तत्र चेतन ! ! ! ॥१४७॥

પાંચ વર્ણ, બે ગન્ધ, છ રસ, આઠ સ્પર્શ અને ત્રણ પ્રકારના શબ્દોથી યુક્ત જડ પદાર્થોમાં વાસ્તવિક સુખ નથી એટલે હે ચેતન ! તેમાં તું મોહ ન પામ. ૧૪૭.

पुद्गलभोगतः शर्म, जायते तत्तु कल्पितम् ।
पश्चाद्दुःखं भृशं ज्ञात्वा, जडभोगं न वांछय ॥१४८॥

જીવો પુદ્ગલોના ભોગથી સુખ થાય છે એમ માને છે,

પરન્તુ તે તો કલ્પના માત્ર જ છે, કારણ કે પૌદ્ગલિક સુખમાં પરિણામે ભયંકર દુઃખ રહેલું છે, એમ સમજી જડ-ભોગની-પૌદ્ગલિક સુખની હે ભવ્યાત્મન્! તું જરા પણ ઇચ્છા ન કરીશ. ૧૪૮.

नरस्त्रीदेहरूपेषु, स्पर्शेषु न च शर्मता ।
सुखं न स्पर्शरूपेभ्यो, मा मुहस्तत्र चेतन ! ॥१४९॥

હે ચેતન! જડ એવા શરીર કે જે પુરુષરૂપે હોય કે સ્ત્રીરૂપે તેના રૂપમાં કે સ્પર્શરૂપ મૈથુન ભોગવવામાં વાસ્તવિક સુખ નથી. તેથી હે ચેતન! તેવા રૂપ કે સ્પર્શસુખમાં તું લુબ્ધ ન બન. ૧૪૯.

स्पर्शरूपेषु धावद्यन्मनो, वारय चेतन ! ।
रसगन्धेषु धावन्न-न्मनो वारय चेतन ! ॥१५०॥
कामभोगेषु धावन्न-न्मनो वारय चेतन ! ।
अल्पसुखं भृशं दुःखं, जायते कामभोगतः ॥१५१॥

હે ચેતન! સ્પર્શ, રૂપ, રસ અને ગન્ધમાં લુબ્ધ બની તે તરફ દોડતા એવા તારા મનને તું વશમા રાખ. હે ચેતન! વિષયરૂપ કામભોગો તરફ દોડતા એવા તારા મનને ત્યાંથી વાળી લે. કારણ કે તે કામ-ભોગોનું સેવન કરવાથી સુખ તો તને જરાક મળશે. જ્યારે પરિણામે દુઃખ ઘણું જ ભોગવવું પડશે. ૧૫૦-૧૫૧.

दुःखं मोहपरिणामा-त्सुखमाऽऽत्मस्वभावतः ।
दुःखं जडे सुखभ्रान्त्या, जडेऽहंवृत्तितश्च मोः ॥१५२॥

દુઃખનું મૂળ કારણ મોહના પરિણામો છે, આત્મસ્વભાવથી સહજ સુખની પ્રાપ્તિ થાય છે. જડ પદાર્થોમાં સુખ, એ વાસ્તવિક સુખ નથી, સુખની ભ્રમણા છે અને અન્તમાં દુઃખરૂપે પરિણમે છે. અને ભ્રાન્તિનું કારણ આત્મા અજ્ઞાનથી જડપદાર્થમાં પોતાપણું કલ્પે તે છે. ૧૫૨.

राज्यं शुद्धाऽऽत्मनो यत्तत्पुद्गलमोहवर्जितम् ।
अनन्ताऽऽनन्दसम्पन्नं, तत्र प्रीतिं कुरुष्व भोः ॥१५३॥

જ્યારે આત્માને પુદ્ગલ વસ્તુ ઉપરનો મોહ નાશ પામે છે ત્યારે તેને શુદ્ધ આત્મ-સ્વરૂપનું અનંત-આનન્દ સમ્પન્ન અખંડ રાજ્ય પ્રાપ્ત થાય છે. માટે હે ભવ્યાત્મન્! આત્મ-સ્વરૂપમાં પ્રેમ કર અને મોહનો ત્યાગ કર. ૧૫૩.

बाह्यराज्यं महामोह-युक्तं दुःखादिकारकम् ।
कामभोगकषायाद्यै-र्युक्तं स्वातन्त्र्यनाशकम् ॥१५४॥

દેશ-નગર-ગામ વગેરેનું બાહ્યરાજ્ય મહામોહથી યુક્ત હોવાથી દુઃખ-ક્લેશ-સંતાપને કરનારૂં છે. તથા કામ-ભોગની વાસનાવાળું છે. કામ-ક્રોધ-માન-માયા-લોભ વગેરે કષાયોથી યુક્ત છે. અને આત્માની સ્વતંત્રતાને નાશ કરનારૂં છે. ૧૫૪.

बाह्यराज्ये सुखं नास्ति, विष्ठासमं विजानत ।
भोगान्रोगसमान्वि[illegible] [illegible]राज्ये [illegible] ॥१५५॥

બહારના રાજ્યમાં [illegible] વિ[illegible] [illegible].સાર [illegible] સમજો. ભોગોને રોગસ[illegible] [illegible] [illegible]જ્ય [illegible] આત્મના સ્વરૂપમાં સ્થિ[illegible] [illegible]૫.

ब्रह्मदेशः स्वदेशोऽस्ति-तत्र प्रीतिं कुरुष्व भोः ।
आत्मदेशे सुखं सत्यं, दृश्यते ज्ञानचक्षुषा ॥१५६॥

પોતાનો દેશ પરમ બ્રહ્મસ્વરૂપ તેજ છે, તેથી તેમાં પ્રીતિ કરો. આત્મ-સ્વરૂપ ચિંતવનમાં જ સાચું સુખ રહેલું છે. એમ જ્ઞાનચક્ષુવડે દેખાય છે. ૧૫૬.

स्वतन्त्र आत्मदेशोऽस्ति. निर्भयो निश्चलः सदा ।
जन्ममृत्युजरातीतो, निराकारो निरञ्जनः ॥१५७॥

આત્મ-દેશ-આત્મા પોતાના મૂળ સ્વરૂપે સ્વતંત્ર છે, નિર્ભય છે, નિશ્ચલ છે, જન્મ, જરા (વૃદ્ધાવસ્થા) અને મૃત્યુથી રહિત છે, આકાર વગરનો છે અને નિરંજન એટલે જેમાં કદિ ય ફેરફાર થતો નથી એવો છે. ૧૫૭.

चिदानन्दस्वरूपोऽस्ति, स्वदेशः पूर्णनिर्मलः ।
अध्यात्मज्ञानतः पश्य, स्वदेशं पूर्णनिर्मलम् ॥१५८॥

હે ભવ્યાત્મન્! તું ચિદાનન્દ સ્વરૂપ છો, એટલે જ્ઞાન-દર્શન-ચારિત્રમય છો. અસખ્ય આત્મપ્રદેશરૂપ તારો દેશ સ્ફટિકની સમાન પૂર્ણ નિર્મલ છે. તે પૂર્ણ નિર્મલ સ્વદેશને અધ્યાત્મજ્ઞાનથી તું જો. ૧૫૮.

बाह्यस्वदेशराज्येषु, मा मुहः सुखबुद्धितः ।
देहेन्द्रियवशं कृत्वा, ब्रह्मराज्यं कुरुष्व भोः ॥१५९॥

બહારના તમારા તાબાના દેશ અને રાજ્યોમાં આનાથી અમને સુખ મળશે એવી બુદ્ધિથી મોહિત ન બનો પરન્તુ

શરીર અને ઈન્દ્રિયોને વશમાં કરીને હે ભવ્યાત્મન્! તમારા આત્મા ઉપર રાજ્ય કરો. ૧૫૯.

आत्मराज्यं कुरु स्पष्टं, ज्ञानध्यानसमाधितः ।
बाह्यराज्यं मनोराज्यं, ब्रह्मराज्यं तु चान्तरम् ॥१६०॥

જ્ઞાન-ધ્યાન અને સમાધિવડે આત્મરાજ્યને પ્રગટ કરો. બાહ્યરાજ્ય જે દેશ-ઘર-ધનની માલિકીનું છે, અને મનથી કલ્પેલું છે તે બાહ્યરાજ્ય છે. જે રાજ્ય સાચું સુખ આપી શકતું નથી, પરન્તુ બ્રહ્મરાજ્ય-આત્મરાજ્ય જ સાચું સુખ આપી શકે છે. ૧૬૦.

अप्रतिबद्धभावेन, साक्षिभावेन च स्वयम् ।
स्वाधिकारक्रियायोगी, निर्बन्धः सर्वकर्मसु ॥१६१॥

જે ભવ્યાત્માઓ ગૃહસ્થ હોય કે ત્યાગી હોય જગતમાં સર્વ કાર્યો પોતાના અધિકાર પ્રમાણે કરતો છતો અને તેમાં મનથી નહીં બંધાતો એવો ક્રિયાયોગી મહાત્મા સર્વ કાર્યોમાં સાક્ષીભાવે રહ્યો છતો પોતાના અધિકાર પ્રમાણે ક્રિયા કરતો છતો કર્મથી લેપાતો નથી. ૧૬૧.

सर्वेष्वपि न सर्वेषु, त्वमगम्योऽसि मोहिनाम् ।
देहेऽकल्प्य फलावन्त,-मात्मानं वेद्मि बोधतः ॥१६२॥

આ અપૂર્વ આત્માનું જે સ્વરૂપ સહજભાવે છે તે મોહ માયારૂપ પ્રકૃતિમા મુંઝાયેલા સર્વ પ્રાણિઓને સમજાય તેવુ ન હોવાથી અગમ્ય છે. તે આત્મા સર્વ પદાર્થોમાં વસતો છતે પણ સર્વ પદાર્થોથી વિલક્ષણ સ્વરૂપવંત હોવાથી તે અકલ્પ્ય આત્માને હું સમ્યગ્જ્ઞાનના યોગે ગુરુકૃપાથી જાણું છું. ૧૬૨.

उन्मत्त इव जातोऽस्ति, शुद्धात्मन्ते स्वभावतः ।
त्वत्स्वरूपे विलीनोऽह-मवधूतः स्वरागतः ॥१६३॥

હું સ્વસ્વરૂપના ધ્યાનમાં લીન થયેલો હોવાથી ઉન્મત્તની જેવો બહારથી દેખાઉં છું, છતાં સ્વભાવથી શુદ્ધ આત્મ-સ્વરૂપે છું. તેથી હે પરમાત્મા ! હું તમારા સ્વરૂપમાં અભેદ-ભાવે લીન થયો છતો આત્મ-સ્વરૂપના રાગથી અવધૂત બનેલો છું. ૧૬૩.

त्वमेवाऽहं त्वमेवाऽहं, देहस्थो देहसाक्षिकः ।
असंख्यातप्रदेशोऽहं, भजामि स्वाऽऽत्मना निजम् ॥१६४॥

હે પરમાત્મન્ ! જે સ્વરૂપે તમે છો તે જ સ્વરૂપે હું છું તેથી 'त्वमेव अह' તું જ છે તે હું છું. હું શરીરમાં રહ્યો છતો શરીરથી ભિન્ન દેહસાક્ષિરૂપે તેમાં વસું છું. હું અસંખ્યાત પ્રદેશવાળો છું. અને પોતાના આત્માના વડે તમારા શુદ્ધ સ્વરૂપને ભજું છું. ૧૬૪.

अनादिकालतः कर्म, बलवद् दुःखदायकम् ।
आत्मा शुद्धोपयोगेन, ह्येकक्षणे निहन्ति तद् ॥१६५॥

અનાદિકાળથી બળવાન દુઃખદાયી કર્મોને આત્મા પોતાના શુદ્ધ ઉપયોગ વડે સમ્યગ્જ્ઞાન વડે એક જ ક્ષણમાં નિશ્ચય નાશ કરે છે.

अनन्तशक्तिमानाऽऽत्मा, तदग्रे कर्मणो बलम् ।
किञ्चिदपि न विज्ञेयं, व्यक्ते ज्ञाने सति ध्रुवम् ॥१६६॥

આત્મા અનન્ત શક્તિનો ધણી છે, તેની આગળ કર્મોનું

બળ રજમાત્ર પણ નથી. આત્મા જો પોતાનું શુદ્ધ સ્વરૂપ સમજે-પ્રગટ કરે તો તે ગમે તેવા કર્મોને પણ ક્ષણમાત્રમાં નાશ કરી શકે છે. ૧૬૬.

अल्पकर्म प्रबध्नाति, करोति बहुनिर्जराम् ।
भुंजन्हि सर्वभोगान्स, ज्ञानी याति शिवं स्यात् ॥१६७॥

આત્મસ્વરૂપનું ધ્યાન કરનારા યોગીઓ, ઇન્દ્રિયો અને મન પોતાના કાબૂમાં હોવાથી ઘણી જ ઓછી પ્રવૃત્તિ કરે છે, અને જે કરે છે તેમાં પણ પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિનો ઉપયોગ મૂકીને કરતા હોવાથી કર્મનો બંધ અલ્પ કરે છે અને અસંખ્યગણી કર્મની નિર્જરા કરે છે. અને નિરાસક્ત-પણે સર્વ ભોગોને ભોગવવા છતાં જ્ઞાનીપુરુષો શીઘ્ર પરમપદને પ્રાપ્ત કરે છે. ૧૬૭.

प्रकाशाग्रे तमोवृन्दं, तिष्ठति न स्वभावतः ।
व्यक्ते ज्ञाने तथा कर्म, तिष्ठति नेति भाषितम् ॥१६८॥

જેમ જળહળતા પ્રકાશની આગળ અંધકારનો સમૂહ સ્વાભાવિક રીતે જ ઉભો રહેતો નથી તેવી જ રીતે શુદ્ધ જ્ઞાન પ્રગટ થયે છતે કર્મ ટકતું નથી તેમ તીર્થંકર ભગવંતોએ કહ્યું છે. ૧૬૮.

भारतस्य महासम्राट्, भरतो राज्यभोग्यपि ।
आत्मोपयोगतो जातः, केवली गृहसंस्थितः ॥१६९॥

ભારતવર્ષના મહાસમ્રાટ ભરત મહારાજાએ રાજ્યને ભોગવવા છતા પણ, ઘરમાં રહેલા હોવા છતાં પણ આત્માના

શુદ્ધ ઉપયોગથી અનિત્ય ભાવના ભાવતાં કેવલજ્ઞાનને ઉપાર્જન કર્યું હતું. ૧૬૯.

राज्ञामपि महाराजः, स्वर्गेन्द्राणामधीश्वरः।
आत्मारामस्त्वमेवाऽसि, किञ्चिन्न्यूनं न ते पदे ॥१७०॥

રાજાઓના પણ મહારાજ અને સ્વર્ગના ઇન્દ્રોના પણ અધીશ્વર એવો તું જ આત્મારામ છો, તારી આગળ કોઈ પદની ન્યૂનતા રહેતી નથી. જ્ઞાન-દર્શન-ચારિત્રમય આત્માજ સર્વ-શ્રેષ્ઠ છે. ૧૭૦.

दाता त्वमेव सर्वेषां, पुद्गलानां न भिक्षुकः।
ज्ञानानन्दस्वरूपेण, देवोऽसि देहमन्दिरे ॥१७१॥

તું પુદ્ગલોનો ભોગ કરવા છતાં પણ તે પુદ્ગલોને તારાં સ્વરૂપનું દાન કરનારો થયો છે, પણ વસ્તુસ્વરૂપે કદાપિ ભીખ માંગનારો નથી. જડ પુદ્ગલોને તારા સ્વરૂપનું દાન કરીને અજ્ઞાન ભાવે તું એને ભોગવે છે. પણ હવે જ્ઞાનાનંદ શુદ્ધ સ્વરૂપ વડે તું દેવ છો અને આયુષ્યકર્મના યોગે દેહ-મંદિરમાં રહેલો છે. ૧૭૧.

मा कुरु मोहविश्वासं, मोहेन स्वाऽऽत्मविस्मृतिः।
भवत्येव हृदि ज्ञात्वा, कुरु मोहपराजयम् ॥१७२॥

હે ભવ્યાત્મન્! તું ક્રોધ-માન-માયા-લોભ આદિ ઉપર વિશ્વાસ ન કરતો. મોહથી પોતાના આત્મ-સ્વરૂપનું વિસ્મરણ જ થાય છે એ પ્રમાણે મનમાં સમજીને મોહના સુભટોનો પરાજય કર. ૧૭૨.

अनेकवृत्तिरूपेण, मोहश्चित्ते प्रजायते ।
आत्मोपयोगभावेन जायते मोहसंक्षयः ॥१७३॥

આત્મામાં અનેક વૃત્તિઓ રૂપ-આકાર ધારણ કરીને મનમાં મોહ ઉત્પન્ન થાય છે અને સંસારમાં નાનારૂપે ભ્રમણ કરાવે છે. આત્માના શુદ્ધોપયોગરૂપ સમ્યગ્જ્ઞાન વડે મોહનો નાશ થાય છે. ૧૭૩.

कर्तुं निजाऽऽत्मनो हानिं, शक्ता इन्द्रादयोऽपि न ।
कर्मोदयं विना हानिं, कर्तुं शक्ता न शत्रवः ॥१७४॥

પોતાના શુદ્ધ સ્વરૂપની હાનિ કરવાને ઇન્દ્રો વગેરે પણ સમર્થ નથી. શત્રુઓ પણ કર્મના ઉદય વિના નુકશાન કરવા સમર્થ નથી. ૧૭૪.

अतः शत्रुषु मा वैरं, कुरुष्व भव्यचेतन ।
शत्रुभिर्मा बिभेषि त्वं, शुद्धरूपं विचारय ॥१७५॥

હે ભવ્યાત્મન્! તું તારા માનેલા શત્રુઓ ઉપર વેર-વિરોધ ન કરીશ. શત્રુઓથી ભય પણ ન પામીશ. કારણ કે કોઇ કોઇનું બગાડી શકતું નથી. એટલે આત્મ-સ્વરૂપની શુદ્ધ ભાવનાની વિચારણા કર. આત્માના શુદ્ધ સ્વરૂપનું ધ્યાન કરવ[illegible] આત્મા પરમાત્મા બની જાય છે. ૧૭૫.

[illegible]नीचा[illegible] भावा, बाह्येषु न चिदात्मनि ।
[illegible], नश्यति मोहभावना ॥१७६॥

[illegible]વહારનયથી સંસારમાં ગણાતા કુલ-જાતિ-જ્ઞાતિના ઊંચ-[illegible]ભાવો ચિદાનંદ સ્વરૂપ આત્મામાં માત્ર બાહ્ય સ્વરૂપે જ

अनेकवृत्तिरूपेण, मोहश्चित्ते प्रजायते ।
आत्मोपयोगभावेन जायते मोहसंक्षयः ॥१७३॥

આત્મામાં અનેક વૃત્તિઓ રૂપ-આકાર ધારણ કરીને મનમાં મોહ ઉત્પન્ન થાય છે અને સંસારમાં નાનારૂપે ભ્રમણ કરાવે છે. આત્માના શુદ્ધોપયોગરૂપ સમ્યગ્જ્ઞાન વડે મોહનો નાશ થાય છે. ૧૭૩.

कर्तुं निजाऽऽत्मनो हानिं, शक्ता इन्द्रादयोऽपि न ।
कर्मोदयं विना हानिं, कर्तुं शक्ता न शत्रवः ॥१७४॥

પોતાના શુદ્ધ સ્વરૂપની હાનિ કરવાને ઇન્દ્રો વગેરે પણ સમર્થ નથી. શત્રુઓ પણ કર્મના ઉદય વિના નુકશાન કરવા સમર્થ નથી. ૧૭૪.

अतः शत्रुषु मा वैरं, कुरुष्व भव्यचेतन ।
शत्रुभिर्मा विभेषि त्वं, शुद्धरूपं विचारय ॥१७५॥

હે ભવ્યાત્મન્! તું તારા માનેલા શત્રુઓ ઉપર વેર-વિરોધ ન કરીશ. શત્રુઓથી ભય પણ ન પામીશ. કારણ કે કોઇ કોઇનું બગાડી શકતું નથી. એટલે આત્મ-સ્વરૂપની શુદ્ધ ભાવનાની વિચારણા કર. આત્માના શુદ્ધ સ્વરૂપનું ધ્યાન કરવાથી આત્મા પરમાત્મા બની જાય છે. ૧૭૫.

उच्चनीचादयो भावा, बाह्येषु न चिदात्मनि ।
आत्मस्वरूपसंस्मृत्या, नश्यति मोहभावना ॥१७६॥

વ્યવહારનયથી સંસારમાં ગણાતા કુલ-જાતિ-જ્ઞાતિના ઉચ-નીચાદિ ભાવો ચિદાનંદ સ્વરૂપ આત્મામાં માત્ર બાહ્ય સ્વરૂપેજ

રહેલા છે, તેથી આત્માના સ્વરૂપનો વિચાર કરવાથી બાહ્ય મોહભાવના નષ્ટ થાય છે. ૧૭૬.

तीव्रकामोदये जाते, प्रारब्धकर्मयोगतः ।
अध्यात्मभावना तीव्रा, भव्या वैराग्यकारिका ॥१७७॥

જીવે પૂર્વભવમાં બાંધેલા શુભાશુભ કર્મો ઉદયમાં આવ્યે છતે જેને દબાવી ન શકાય તેવી કામભોગની અત્યન્ત તીવ્ર કઠીન વાસના ઉદયમા આવે છે, ત્યારે જો તે આત્મસ્વરૂપના અધ્યાત્મ-સ્વરૂપની અપૂર્વ શ્રેષ્ઠ તીવ્ર ભાવના કે જે વૈરાગ્યથી ઉપજેલી હોય તેવી ભાવવી જેથી કઠણ એવી કામભોગની ભાવના નષ્ટ થાય છે. ૧૭૭.

तीव्रवैराग्यभावेन, तीव्रकामो विनश्यति ।
मुहुर्मुहुर्भृशं भाव्यं, शुद्धरूपं निजाऽऽत्मनः ॥१७८॥

અત્યન્ત તીવ્ર વૈરાગ્યની અધ્યાત્મ-સ્વરૂપ ભાવનાવડે તીવ્ર વિષય-ભોગની ભાવના નષ્ટ થાય છે. માટે હે ભવ્યાત્મન્! તું વારંવાર પ્રત્યેકક્ષણે વૈરાગ્ય ભાવનાને ભાવતો છતો આત્માના શુદ્ધ સ્વરૂપને પ્રગટ કરજે. ૧૭૮.

परपुद्गलभोगेन, सुखं तु कल्पितं वृथा ।
भृशं दुःखं ततः पश्चा-ज्ज्ञात्वा स्वाऽऽत्मरतिं कुरु ॥१७९॥

હે ભવ્યાત્મન્! તું આત્માથી ભિન્ન પુદ્ગલોનાં ભોગમાં જે સુખની કલ્પના કરે છે તે વૃથા છે-નકામી છે. તેનાથી વાસ્તવમાં તને કંઈ લાભ થવાનો નથી પરન્તુ પાછળથી ભયંકર દુઃખ મળવાનું છે, એમ સમજી પોતાના આત્મ-સ્વરૂપમાં પ્રેમ કર. ૧૭૯.

दासोऽसि जडरागेण ब्रह्मरागेण, भूपतिः ।
परतन्त्रं सुखं त्याज्यं, पुद्गलाधीनभावजम् ॥१८०॥

હે ભવ્યાત્મન્! બાહ્ય જડ પદાર્થોમાં મોહ પામેલો હોવાથી તું જગતનો દાસ બનેલો છો. જો તું બ્રહ્મરાગ-આત્મરાગવાળો આત્મધ્યાનમાં મસ્ત બને તો તું મહાન્ ભૂપતિ બનીશ. માટે બાહ્ય પુદ્ગલોને આધીન પરતંત્ર સુખનો ત્યાગ કરવો જોઇએ અને સાચા આત્મિક સુખને પ્રાપ્ત કરવું જોઇએ. ૧૮૦.

मनोवाक्काययोगानां,-शक्तिह्रासोऽस्ति भोगतः ।
लभ्यते ब्रह्मचर्येण, ध्यानमाऽऽत्मसुखं परम् ॥१८१॥

જેમ જેમ મનુષ્યો વિષયભોગમાં રક્ત થાય છે તેમ તેમ તેના મન-વચન અને શરીરના યોગની શક્તિનો નાશ થાય છે. જ્યારે બ્રહ્મચર્ય વડે-આત્મસ્વરૂપના ધ્યાન વડે ઉત્કૃષ્ટ આત્મસુખની-મહાન્ આનંદની પ્રાપ્તિ થાય છે. ૧૮૧.

अनन्तदुःखसम्प्राप्ति-र्नारीदेहादिभोगतः ।
सुखं तु दुःखरूपं हि, ज्ञात्वा कामं विनाशय ॥१८२॥

હે ભવ્યાત્મન્! તું પુરુષપણાના અભિમાનથી સ્ત્રીના શરીર આદિનો ઉપભોગ કરવાથી અનન્ત દુઃખની પરંપરા પ્રાપ્ત કરીશ. વિષયભોગનું સુખ પરિણામે દુઃખરૂપ જ છે એમ સમજી કામ-વાસનાનો વિનાશ કર. ૧૮૨.

व्यक्ते ब्रह्मोपयोगे तु कामवृत्तिर्न तिष्ठति ।
तीव्रं निकाचितं कर्म,-प्रारब्धं नैव नश्यति ॥१८३॥

જ્યારે આત્મા સ્પષ્ટપણે બ્રહ્મસ્વરૂપમાં ધ્યાનયોગમાં સ્થિર

થાય છે ત્યારે કામ-ભોગની વાસના રહેતી નથી. છતાં પૂર્વ-કાલમાં બાંધેલા અત્યન્ત તીવ્ર કર્મના ઉદયથી તેવી વૃત્તિ જો કે નષ્ટ નથી થતી. છતાં નંદિષેણની પેઠે તે વસ્તુને હૃદયથી ત્યાજ્ય સમજીને ઉપદેશ કરતા તેવી વૃત્તિઓ પણ આત્મબલના યોગથી નષ્ટ થાય છે. ૧૮૩.

सम्यग्दृष्टिपरैर्लोकैः प्रारब्धकर्मयोगतः ।
भुज्यते कामभोगो हि, तीव्रवैराग्यभावतः ॥१८४॥

સમ્યગ્દૃષ્ટિમાં પરાયણ એવા લોકો પૂર્વકાલના નિકાચિત કર્મના યોગથી કદાચિત્ વિષયભોગો ભોગવે છે, છતાં તેમના હૃદયમાં તે ભોગો પ્રત્યે અત્યન્ત ઘૃણાની ભાવના હોય છે. અને મન તીવ્ર વૈરાગ્ય રંગથી રંગાયેલું હોય છે. તેથી તેઓ શીઘ્ર તેનાથી મુક્ત બને છે. ૧૮૪.

कर्मणो निर्जरा बह्वी, स्वल्पबन्धोऽस्ति देहिनाम् ।
ज्ञानिनां हि गृहावास-वर्तितीर्थंकरादिवत् ॥१८५॥

જે ભવ્યાત્મા સમ્યગ્જ્ઞાન-દર્શનથી યુક્ત હોય છે. તેઓ ગૃહસ્થદશામાં હોવાથી આરંભ-સમારંભ કરે છે, કામ-વિષયોને પણ ભોગવે છે, છતાં તેઓ વિષયોને વિષ સમાન સમજે છે. તેથી ભોગવવાં છતાં ઘણા કર્મોની નિર્જરા કરે છે. અને કર્મનો બંધ અલ્પ કરે છે-જેમ ગૃહસ્થ અવસ્થામાં રહેલા તીર્થંકરો. ૧૮૫.

कामभोगेऽपि भुक्ते हि, नासक्तिस्तत्र विद्यते ।
भोगानन्तरवैराग्यं, पश्चात्तापो भवेद् भृशम् ॥१८६॥

પૂર્વકર્મના યોગે કામભોગો ભોગવવા છતાં તેમાં આસક્તિ જરાપણ રાખતા નથી. પરન્તુ ભોગ પછી તુર્ત જ વૈરાગ્યની ભાવના ભાવતાં અત્યન્ત પશ્ચાત્તાપ કરે છે. ૧૮૬.

कामभोगसुखश्रद्धा, तद्धृदि नास्ति बोधतः।
आत्मन्येव सुखश्रद्धा, तद्धृदि निश्चिताऽपि सा ॥१८७॥

સમ્યગ્જ્ઞાનને કારણે ભવ્યાત્માઓના હૃદયમાં કામભોગોમાં સુખ છે એવી શ્રદ્ધા નથી હોતી. જ્યારે આત્મ-રમણતામાં જ સાચું સુખ છે એવી શ્રદ્ધા તેમના હૃદયમાં દઢ થયેલી હોય છે. ૧૮૭.

अध्यात्मज्ञानतो ज्ञानी, प्रारब्धकर्मशक्तितः।
कामभोगे ह्यनासक्तो, भोगभोक्ता न बध्यते ॥१८८॥

જે ભવ્યાત્માઓ અધ્યાત્મ જ્ઞાનવડે સંપૂર્ણ જ્ઞાની થયેલા હોય છે તેમને પણ પૂર્વકાલના ભોગાવલી કર્મના ઉદયથી કામભોગો ભોગવવાં છતાં પણ તેમાં જરાપણ આસક્તિ હોતી નથી. તેથી ભોગો ભોગવવાં છતાં પણ તેઓ કર્મોનો નવો બંધ નથી કરતા. ૧૮૮.

अभोगी कामभोगेषु, भोगभोक्ता हि तादृशः।
आत्मज्ञानी निरासक्त, आन्तरमोहवर्जितः ॥१८९॥

નિરાસક્તપણે કામભોગોને ભોગવનારા અભોગી કહેવાય છે. એવા ભવ્યાત્માઓ ભોગ ભોગવવા છતાં કર્મોથી લેપાતા નથી. આત્મજ્ઞાની મોહથી રહિત હોવાથી વિષયોમાં તેમને આસક્તિ ઉપજતી નથી. ૧૮૯.

अज्ञानी जडभोगेषु, सुखं मत्वा विमुह्यति।
सुखं हि कामभोगेभ्यो, जायते तस्य निश्चयः ॥१९०॥

અજ્ઞાની પ્રાણિઓ કે જે આત્મા અને જડના ગુણદોષોને યથાસ્વરૂપે જાણતા નથી તેઓ પૌદ્ગલિક ભોગોમાં સુખ માનીને મુંજાય છે. અને કામભોગોમાં સુખ છે એ પ્રમાણે તેમના હૃદયમાં વિશ્વાસ હોય છે. ૧૯૦.

जडानन्दस्य विश्वासी, जडानन्दाय वर्तते।
जडानन्दं विना ब्रह्म,-सुखस्य नास्ति निश्चयः ॥१९१॥

અજ્ઞાની આત્માઓ પૌદ્ગલિક રૂપ-રસ-ગન્ધ-સ્પર્શરૂપ વિષયોમાં અપૂર્વ આનંદ છે એમ માને છે. અને તેવો તેમને વિશ્વાસ હોય છે. તેઓનું મન જડ-પદાર્થોમાં વિલાસી હોય છે. અને આત્મિક-સુખમાં આનંદ છે એમ તેઓ બિચારા સમજી શકતા નથી. કારણ કે આત્મા વગેરે અરૂપી-ઇન્દ્રિયોથી અગ્રાહ્ય પદાર્થોમાં સુખનો નિશ્ચય જ નથી હોતો. ૧૯૧.

स्पर्शेन्द्रियादिभोगेभ्य, सुखं मत्वा प्रजीवति।
भोगान् भुक्त्वा पुनर्भोगा,-निच्छति भोगरागतः ॥१९२॥

સ્પર્શ, રસ, ગન્ધ, રૂપ શબ્દાદિ પાંચ પ્રકારના તેવીશ વિષયોમા જ નિત્ય મહાસુખ પ્રવર્તે છે, એ પ્રમાણે માનીને વિશેષ પ્રકારે જીવનને તેમાં લગાડે છે. સિનેમા, નાટક, પ્રદર્શન, હાસ્ય, શૃંગાર આદિ નવરસની કથાના દૃશ્યોને ભોગવી પુનઃ તેવા ભોગોને રાગપૂર્વક ઇચ્છે છે. ૧૯૨.

भोगान् भुक्त्वा प्रमोदी सः पुनस्तत्रैव मुह्यति।
जडानन्दाय जन्माऽस्ति, जानात्येव हि मोहतः ॥१९३॥

અજ્ઞાનીઓ જે ભોગોને ભોગવ્યા હોય, જેમાં ખૂબ આનંદ માણ્યો હોય તેમાં જ પાછા મોહને પામે છે. મોહવશ પૌદ્ગલિક સ્પર્શાદિમાં જ આનંદ છે એમ માની પોતાનું સમગ્ર જીવન તેમાં જ ગુમાવે છે ૧૯૩

अज्ञानिनां भृशं तीव्र-कर्मबन्धपरम्परा ।
वर्तते निर्जरा स्वल्पा, भवेषु भ्रमणं भृशम् ॥१९४॥

આવી રીતે અજ્ઞાની આત્માઓ વિષયભોગ માટે અનેક પ્રકારના આરંભ-સંમારંભમય કાર્યોને કરતા તેમાં અત્યન્ત પ્રેમ-પ્રમોદ કરતા ગભરૂ પ્રાણિઓની હિંસા સિત્કાર કરતા ભયંકર તીવ્ર અશુભ કર્મોના બંધને બાંધતા આજકાલ સુધીની પરંપરાગત પ્રવાહરૂપે કર્મની સ્થિતિ વધારે છે, જો કે કોઇક વખત અજ્ઞાનભાવે વિષયોના લાભની અપેક્ષા રાખીને તાવ-ટાઢની વેદના સહે છે. પંચાગ્નિ જેવી તીવ્ર તપસ્યા કરીને કેટલાક કર્મોનો નાશ પણ સમ્યગ્જ્ઞાન, દર્શન, ચારિત્રમય વિવેકરૂપ પ્રવૃત્તિનો અભાવ હોવાથી ભાવ-બીજનો નાશ કરી શકતા નથી અને ચારગતિ ચોરાશીલાખ જીવાયોનિમાં અનંતકાલની ભવપરંપરા તે બહુ જ વધારે છે. ૧૯૪

ज्ञानिनो मूढलोकाना-माहारादिप्रवर्त्तनम् ।
दृश्यते बाह्यतस्तुल्य,-मन्तरे नास्ति तुल्यता ॥१९५॥

જ્ઞાનીઓ અને અજ્ઞાની લોકોના આહાર-નિદ્રા આદિમાં પ્રવૃત્તિ બહારથી તો સમાન દેખાય છે પરંતુ આંતરિક દૃષ્ટિએ. જોઇએ તો તેમાં ઘણો ભેદ રહેલો છે ૧૯૫.

पातालाकाशवज्ज्ञेय-मान्तरमन्तरं महद् ।
ज्ञानिनां च विमूढाना-मान्तरबाह्यदृष्टितः ॥१९६॥

જ્ઞાનીઓ અને મૂર્ખલોકોના બાહ્યદૃષ્ટિએ આહાર-વિહાર સમાન દેખાતાં છતાં અંતઃકરણની પરિસ્થિતિ જોઈએ તો તેમાં આકાશ-પાતાલ જેવું મોટું અંતર દેખાય છે. ૧૯૬.

न ज्ञानी बध्यते यत्र, नास्तिकस्तत्र बध्यते ।
ज्ञानमिथ्यात्वभेदेन, भेदोऽस्ति ह्यान्तरो महान् ॥१९७॥

જ્ઞાનીઓ વસ્તુને ભોગવવા છતાં તેમાં બંધાતા નથી જ્યારે અજ્ઞાનીઓ આસક્તિને કારણે તેમાં બંધાય છે. આજ જ્ઞાન અને મિથ્યાત્વના ભેદથી તેઓમાં આંતરિક મહાન્ ભેદ રહેલો છે. ૧૯૭.

आन्तरदृष्टिमान् ज्ञानी, मिथ्यात्वी बाह्यदृष्टिमान् ।
मुक्त्यर्थं जीवति ज्ञानी, मिथ्यात्वी च भवाय हि ॥१९८॥

જ્ઞાની અંતરંગ દૃષ્ટિવાળો હોય છે, જ્યારે અજ્ઞાની બાહ્ય દૃષ્ટિવાળો હોય છે. જ્ઞાનિ મુક્તિની પ્રાપ્તિ માટે જીવે છે જ્યારે મિથ્યાત્વી સંસાર વધારવાને માટે જીવે છે. ૧૯૮.

आत्मानन्दस्य विश्वासः, सम्यग्दृष्टेरनन्तरम् ।
भवेत्तथापि दैवस्य,-सातभोगो विमुज्यते ॥१९९॥

સમ્યગ્દૃષ્ટિ જીવને અંતરંગમા દેવ-ગુરુ-ધર્મ પ્રત્યે શ્રદ્ધા હોવાથી આત્માના સ્વરૂપમાં જ આનંદ છે એવો વિશ્વાસ હોય છે, પણ દૈવ-કર્મને આધીન હોવાથી સાતાથી ભોગવાય તેવા ભોગની ઇચ્છા કરે છે. ૧૯૯.

तथापि ज्ञानिनो नास्ति, भोगेषु सुखबुद्धिता ।
अनादिकालतो दैव,-बलेन तत्र वर्तनम् ॥२००॥

અનાદિકાલની પરંપરાથી વિષયભોગોમાં પૂર્વોપાર્જિત કર્મના બળથી જીવોની પ્રવૃત્તિ થાય છે, તો પણ સમ્યગ્દષ્ટિવંત આત્માઓને તેવા ભોગોમાં સુખની બુદ્ધિ નથી જ હોતી. ૨૦૦

आत्मज्ञानप्रकाशेऽपि, चारित्रे मोहभावतः ।
ज्ञानिनामपि मोहस्य,-चेष्टा भोगेषु वर्तते ॥२०१॥

ભવ્યાત્માઓને દેવ-ગુરુ-ધર્મની ઉપાસના કરતા જ્ઞાનાવરણ, દર્શનાવરણ અને મોહનીય કર્મના કેટલાક અંશ ક્ષયોપશમ થવાથી સદ્ગુરુની કૃપાના યોગે આત્મ-સ્વરૂપનો બોધ થાય છે તો પણ ચારિત્ર મોહનીય કર્મના ગાઢ ઉદયથી કદાચિત્ તેવા સમ્યગ્જ્ઞાનીને પણ વિષયના ભોગોમાં મોહથી પ્રવૃત્તિ થાય છે. ૨૦૧.

आत्मज्ञाने सति व्यक्ते, जाते स्वाचरणे हृदि ।
आत्मवीर्यप्रभावेण, मोहवीर्यं प्रणश्यति ॥२०२॥

જ્યારે ભવ્યાત્માને સમ્યગ્ આત્મ-સ્વરૂપનું જ્ઞાન વ્યક્તભાવે પ્રગટ થાય છે ત્યારે શ્રેષ્ઠ ચારિત્રની આચરણા કરવાનો હૃદયમાં ઉલ્લાસ પ્રગટે છે અને એ આત્મવીર્યના પ્રભાવથી મોહનું બળ તરત જ નાશ પામે છે. ૨૦૨.

ततो भोगेषु मोहस्य,-बुद्धिचेष्टा न वर्तते ।
ततः पश्चान्न कामत्वं, मोहस्य ज्ञानिनां भवेत् ॥२०३॥

જ્યારે આત્મ-જ્ઞાનીઓને ચારિત્રમોહનો વિનાશ થાય

છે ત્યારે વિષયભોગોમાં મોહની બુદ્ધિ કે ચેષ્ટા નથી જ હોતી. અને એવી ચેષ્ટાના અભાવે મોહરાજાનું દાસપણું કરવાનું નથી રહેતું અને મુક્તિ-સામ્રાજ્યના ભોક્તા થવાની યોગ્યતા પ્રાપ્ત થાય છે. ૨૦૩.

मोहाधीना महादासाः, परतन्त्राश्च नास्तिकाः ।
जडेषु सुखमन्तारः, पापकार्यपरायणाः ॥२०४॥

જે આત્માઓ વિષયોના આધીન થયા છે તે ગમે તેવા મોટા હોય તો પણ મોહરાજાના મહા દાસ છે, પરાધીન છે, અને દેવ-ગુરુ-ધર્મને નહિ માનનારા એવા નાસ્તિક છે. તેથી જડ પદાર્થોમાં જ સુખને માનનારા છે અને પાપકર્મમાં તલ્લીન એવા તેઓ ભયંકર અવદશાને પામે છે. ૨૦૪.

आत्माधीनाः स्वतन्त्रा हि, ब्रह्मानन्दप्रवादिनः ।
हत्वा मोहादिकं कर्म, यान्ति मुक्तिं सुखालयम् ॥२०५॥

જે યોગીશ્વરો ઇન્દ્રિય-મન અને શરીરને, આત્માને આધીન કરેલા હોય છે તેઓ સ્વતંત્ર કહેવાય છે અને આત્માનંદનો જ ઉપદેશ કરે છે. તેવા યોગીશ્વરો મહાન્ વીર્યનો ઉલ્લાસ ફોરવીને મોહાદિક સર્વ કર્મોને હણીને પરમ સુખના સ્થાન મોક્ષમાં જાય છે. ૨૦૫.

आत्मानमन्तरा ज्ञानं, सुखं कुत्राऽपि नास्ति वै ।
यत्र ज्ञानं सुखं तत्र, ब्रह्मसत्ता प्रवर्त्तते ॥२०६॥

આ જગતમાં આત્માનો ત્યાગ કરીને બીજે ક્યાંય સુખ કે જ્ઞાનનો સંભવ નથી. જ્યા સમ્યગ્જ્ઞાન અને સુખની સત્તા છે ત્યા બ્રહ્મની સત્તા રહેલી છે. ૨૦૬

ज्ञानानन्दस्य लेशोऽपि, वैभाविको निजाऽऽत्मनि ।
चिज्ञानन्दस्य लेशस्तु, कदापि न जडेषु हि ॥२०७॥

જે કંઇ સાચું-ખોટું વિજ્ઞાન અને આનંદનો અનુભવ થાય છે, તે જડ પદાર્થોના ભોગોથી આત્મા વૈભાવિક કહેવાય છે, તે આત્મા જ ભોગ કરે છે તેથી અન્ય કોઇ જ્ઞાન અને ભોગ નથી જ કરતું. આથી એ વાત સિદ્ધ થાય છે, કે-ચિદાનંદના એક લાખમા અંશનો પણ આનંદ આત્મા પોતાના સ્વરૂપની શક્તિથી જ લે છે, અન્યને આનંદ લેવાની, જ્ઞાન કરવાની કદાપિ પણ શક્તિ આવતી જ નથી. ૨૦૭

जडभोगात्सुखं किञ्चिद्, यत्तु स्वाऽऽत्मजं मतम् ।
जडस्य जडरूपत्वाज्, ज्ञानं सुखं न तद्गुणः ॥२०८॥

જડ પુદ્ગલભોગથી જે કંઇ સુખ પ્રાપ્ત થાય છે, તે પણ પોતાના આત્માથી જ પ્રાપ્ત થાય છે, તેમ જ્ઞાનીઓનો મત છે, જડ પદાર્થ જડ-સ્વરૂપ હોવાથી તેમાં જ્ઞાનનો ગુણ હોતો નથી તેમ સુખ પ્રાપ્ત કરવાનો પણ ગુણ હોતો નથી. ૨૦૮.

शुद्धं च मिश्रितं ज्ञानं, सुखं वा स्वाऽऽत्मसंस्थितम् ।
अतः स्वाऽऽत्मनि संशोध्यं, ज्ञानं सुखं च सज्जनैः ॥२०९॥

પરમ શુદ્ધ જ્ઞાન અને સુખ તેમજ ઇન્દ્રિયો અને મન દ્વારા આત્માએ ગ્રહણ કરેલા જ્ઞાન અને સુખ મિશ્રભાવે થાય છે પણ તેનું જ્ઞાન તો આત્મામાં રહે છે, તેથી તેની શોધ આત્મામા જ સજ્જનોએ કરવી જોઇએ. તે જ્ઞાન અને સુખ આત્મામા જ પ્રાપ્ત થશે. ૨૦૯.

आत्मनः श्रद्धया पूर्णं,-चारित्रं सत्प्रकाशते ।
पूर्णानन्दो भवेत्तेन, मुक्तिः पश्चाद् भवेद् ध्रुवम् ॥२१०॥

દેવગુરુ-ધર્મની શ્રદ્ધાથી પરિપૂર્ણ જ્યારે ચારિત્ર આત્મામાં સારી રીતે પ્રકાશિત થાય છે, ત્યારે આત્મામાં પૂર્ણ આનંદ પ્રગટે છે અને તેથી મોક્ષની પ્રાપ્તિ જરૂર થાય છે, એ નિશ્ચિત છે. ૨૧૦.

आत्मानमन्तरा ज्ञानं, सुखं जडे न विद्यते ।
विज्ञायैवं परप्रीत्या, स्मराऽऽत्मानं क्षणे क्षणे ॥२११॥

હે ભવ્યાત્મન્ ! તું નિશ્ચયથી માનજે કે આત્માને છોડીને બીજા કોઈ પણ પદાર્થમાં જ્ઞાન કે સુખ જરા પણ નથી હોતાં. એ પ્રમાણે સારી રીતે સમજીને શ્રેષ્ઠ પ્રીતિ વડે આત્માને પ્રત્યેક ક્ષણે સ્મરણ કર. ૨૧૧.

आत्मोपरि परं प्रेम, कुरुष्वाऽऽत्मन्निजाऽऽत्मना ।
आत्मराज्यं विना शान्ति,-र्भूता न च भविष्यति ॥२१२॥

હે ભવ્યાત્મન્ ! તું તારા આત્મા ઉપર પરમ-શ્રેષ્ઠ પ્રેમ કરજે. એટલે આત્માને આત્માથી પ્રેમથી જોજે, એટલે સર્વ જીવોને સમદૃષ્ટિથી જોતા શીખજે. આત્મરાજ્ય પ્રાપ્ત કર્યા વિના સુખ કે શાંતિ મળી નથી અને મળશે નહિ. ૨૧૨.

अहं त्वं तन्न यत्राऽस्ति, मनश्चारोऽपि यत्र न ।
निर्विकल्पं परं ब्रह्म, ध्यानेन हृदि भासते ॥२१३॥

જ્યાં હું તું, મારૂં તારૂં, એવા સંકલ્પ-વિકલ્પો સાથે મનનો અનેક વિષયોમાં ગમન કરવાનો, ભોગો ભોગવ-

વાનો સ્વભાવ નથી, ત્યાં જ નિર્વિકલ્પ પરમબ્રહ્મસ્વરૂપમય ધ્યાન હૃદયમાં કરનારા યોગીઓ શુદ્ધ આત્મ-સ્વરૂપનું દર્શન અવશ્ય કરે છે. ૨૧૩.

प्रारब्धं देहपर्यन्त,-माऽऽत्मना सह तिष्ठति ।
अशुभे च शुभे व्यक्ते,-प्रारब्धे समतां धर ॥२१४॥

ઉદયમાં આવેલા શુભાશુભ કર્મના સંબંધથી શરીર-ઇન્દ્રિય-મન કર્મ જ્યાં સુધી તારા આત્મા સાથે રહેલા છે ત્યાં સુધી તુ સમતાભાવે દેહાદિકમાં રહેવાનો જ છે અને તેની સાથે ઉદયમાં આવેલા શુભ કે અશુભ કર્મોના ફલોને સમતા ભાવે રાગ-દ્વેષ છોડીને તું ભોગવજે. ૨૧૪.

सर्वजीवेषु मित्रत्वं, कुरुष्व ब्रह्मभावतः ।
सद्गुणानां कुरु प्रीतिं, माध्यस्थ्यं हृदि धारय ॥२१५॥

હે ભવ્યાત્મન્ ! તું સર્વ જીવો પ્રત્યે મૈત્રીભાવ ધારણ કરજે અને તેઓને તારા આત્મા સમાન-બ્રહ્મસ્વરૂપ જ સમજજે. તેમ જ જે મહાત્માઓમાં શ્રેષ્ઠ ગુણોનો વિકાસ થયેલો છે તેઓ પ્રત્યે પ્રીતિ કરજે. તેમજ અલ્પ સદ્ગુણોનો જ્યાં વિકાસ દેખાય તેઓ પ્રત્યે તું માધ્યસ્થ્યભાવ અને દુઃખી પ્રત્યે કરુણાભાવ હૃદયમાં ધારણ કરજે. ૨૧૫.

आत्मोपरि यथा प्रीति,-स्तथा सर्वजनोपरि ।
शुद्धप्रीतिं कुरुष्वाऽऽत्मन्, क्रोधं वैरं विहाय भो ॥२१६॥

હે ભવ્યાત્મન્ ! તને જેમ તારા આત્મા ઉપર પ્રેમ છે, તેમ સર્વ પ્રાણિઓ પ્રત્યે પ્રેમ કરજે. ક્રોધ અને વૈરને છોડીને સર્વ પ્રાણીઓ ઉપર નિર્મળ પ્રેમ ધારણ કરજે. ૨૧૬.

श्रेयः कुरु परप्रीत्या, वैरिणामपराधिनाम् ।
मा कुरु वैरभावं त्वं, कलङ्कादिप्रदातृषु ॥२१७॥

. હે ભવ્યાત્મન્! તું તારા અપરાધી એવા દુશ્મનોનું પણ શુદ્ધ પ્રેમ વડે કલ્યાણ કરજે. તારા ઉપર ભયંકર કલંક કે ઉપ-સર્ગ કરનાર પ્રાણીઓ ઉપર પણ તું વૈર-ભાવ ન કરજે. ૨૧૭.

समभावं कुरु ज्ञानाद्, वैरिषु स्तुतिकर्तृषु ।
अहितं मा कुरु क्रोधात्, केषांचिद् दुःखदायिनाम् ॥२१८॥

હે ભવ્યાત્મન્! તું તારી સ્તુતિ કરનાર કે નિંદા કરનાર વૈરીઓ ઉપર પણ જ્ઞાનપૂર્વક સમજીને સમભાવ ધારણ કરજે. અને દુઃખ આપનાર કોઈ પણ જીવોનુ તું ક્રોધથી અહિત ન કરજે. અને પૂર્વે કરેલા કર્મોનું જ આ બધું ફળ છે, એમ સમજજે. ૨૧૮.

महापापोपरि क्रोधं, मा कुरु भव्यचेतन ! ।
विश्वोपरि कृपादृष्टिं, धारय करुणोदधे ! ॥२१९॥

હે ભવ્યાત્મન્! મહાન પાપી ઉપર પણ ક્રોધ ન કર. હે કરુણાના ભંડાર! સંસારના સમસ્ત પ્રાણીઓ ઉપર દયા-દૃષ્ટિ ધારણ કરજે.

पक्वात्मज्ञानिसंगं भो, कुरुष्व पूर्णरागतः ।
पक्वाऽऽत्मज्ञानिलोकाना,-मुन्मत्तस्येव वर्तनम् ॥२२०॥

હે ભવ્યાત્મન્! તુ પૂર્ણ પાકેલા સમ્યગ્જ્ઞાનીઓનો પૂર્ણ રાગથી સંગ કરજે, તેવા જ્ઞાનીઓની સેવા-ભક્તિ બહુમાન-પ્રેમથી કરજે. તેમજ તેવા જ્ઞાનીને તું કેવી રીતે ઓળખીશ

તે જરા તપાસ કરજે. તે અધ્યાત્મજ્ઞાની-યોગીઓ તો ઉન્મત્ત ભાવને પામેલા હોવાથી બાહ્ય દૃષ્ટિએ ઉન્માદિત જેવા-સર્વ બાહ્ય વ્યવહારથી જુદા પડતાં ગાંડા જેવા દેખાશે, પરંતુ તું જો તેઓના સહવાસમાં રહીશ તો તેઓ તને આત્મલક્ષી દેખાશે. ૨૨૦.

परस्परविरुद्धा या, असंख्या धर्मदृष्टयः ।
अविरुद्धा भवन्त्येव, सम्प्राप्याध्यात्मवेदिनम् ॥२२१॥

જગતમાં દર્શનરૂપી ધર્મદૃષ્ટિઓ જે તત્ત્વજ્ઞાનમાં, તપ-જપમાં, ક્રિયાનુષ્ઠાનોમાં એક-બીજાથી વિરોધ-ભાવને ધરનારી હોય છે. તે વસ્તુના સ્વરૂપને યથાર્થ રીતે જાણનારા અધ્યાત્મ-જ્ઞાની પુરૂષને પ્રાપ્ત કરીને અવિરૂદ્ધ બની જાય છે. અર્થાત્ એવા અધ્યાત્મજ્ઞાની પુરુષો વિરોધિ લાગતી વસ્તુઓમાં પણ એકતાને જૂએ છે અને પ્રબોધે છે. ૨૨૧.

एताद्दग्ज्ञानिसंगेन, व्यक्ताऽऽत्मा जायते प्रभुः ।
कोटिकार्यं परित्यज्य, ज्ञानिसंगं कुरुष्व भोः ॥२२२॥

ઉપર જણાવ્યા તેવા અધ્યાત્મજ્ઞાની મહાત્માઓનો સંગ કરવાથી આત્મ-સ્વરૂપની પૂર્ણ વ્યક્તતા પ્રગટ થાય છે. અને આત્મા પરમબ્રહ્મરૂપ સમર્થ બને છે. તેથી અન્ય સાંસારિક ક્રોડો કામોને પડતા મૂકીને હે ભવ્યાત્મન્! તું તેવા જ્ઞાનીનો સંગ કરજે. તેમાં જ તારું હિત સમાયેલું છે. ૨૨૨

ज्ञानिनां भक्तिमेनागः, आत्मशुद्धिः प्रकाशते ।
आत्मशुद्धया भवेज्ज्ञानं, ततो मोक्षसुखोदधिः ॥२२३॥

હે ભવ્યાત્મન્! તું સમ્યગ્જ્ઞાની પરમયોગી એવા જ્ઞાની મહાત્માઓની સેવા-ભક્તિ કરજે. તે ભક્તિ-સેવાના બળથી તારા આત્મા ઉપર લાગેલા અજ્ઞાનના આવરણ દૂર થશે અને આત્મા પોતાના નિર્મલ સ્વભાવે પ્રગટ થશે. આત્મશુદ્ધિ થવાથી સાચું જ્ઞાન પ્રગટ થશે અને તેથી મોક્ષસુખના સમુદ્રની પ્રાપ્તિ થશે. ૨૨૩.

रागद्वेषादिसंकल्प-विकल्पवर्जितं मनः ।
यदा भवेत् तदा ब्रह्म-समाधिर्धर्मदेहिनाम् ॥२२४॥

જ્યારે રાગ-દ્વેષ-મોહ-માયા-ઝેર-વેર-વિષય-વાંછાથી મન પર બને છે ત્યારે ધર્મ જ છે પ્રાણ જેનો એવા પ્રાણીઓને સાચી બ્રહ્મસમાધિ-આત્મજ્ઞાન પ્રગટ થાય છે. ૨૨૪.

आत्मसमाधिलाभेन, पूर्णानन्दोऽनुभूयते ।
आत्मना ब्रह्मलीनत्वा-त्सर्वकर्मक्षयस्ततः ॥२२५॥

જ્યારે રાગ-દ્વેષના ભાવ રહિત-આત્મ-સમાધિનો લાભ થાય છે ત્યારે આત્મા પૂર્ણ આનંદને અનુભવે છે. અને આત્મા બ્રાહ્મસ્વરૂપમાં લીન થવાથી આત્માની સાથે લાગેલા અનંત ભવના સર્વ કર્મો અલ્પ કાળમાં ક્ષય કરીને શાશ્વત સુખને ભોગવનારો થાય છે. ૨૨૫.

आत्मरसं समास्वाद्य, पौद्‌गलिकसुखभ्रमः ।
नश्यति तत्क्षणं वेगात्, सर्वत्रानुभवः सताम् ॥२२६॥

સંત પુરુષોના સમાગમથી આત્મસ્વરૂપના સમાધિરસને પ્રાપ્ત કરીને પૌદ્‌ગલિક વસ્તુઓમાં રહેલા સુખનો ભ્રમ તત્ક્ષણ

શીઘ્રપણે નાશ પામે છે. એમ સર્વત્ર સંત પુરુષોને અનુભવ થયેલો છે. ૨૨૬.

आत्मनो निश्चयात् सिद्धिं, प्राप्नोति स्वार्पणोद्यमात् ।
नश्यति संशयी चित्त-चाञ्चल्यदुर्बलत्वतः ॥२२७॥

એ પ્રમાણે આત્મ-સ્વરૂપનો યથાર્થ નિશ્ચય થવાથી આત્મા અવશ્ય સિદ્ધિને પ્રાપ્ત કરે છે. અને પૂજ્ય ગુરુદેવ-પરમાત્માને આત્મા અર્પણ કરવાથી સંશયોનો નાશ થાય છે. પરંતુ જે આત્મા દુર્બલ હોય છે તે પોતાના ચિત્તની અસ્થિરતાના કારણે સંશયી બને છે અને વિનાશને પામે છે. ૨૨૭.

आत्मादितत्त्वविश्वासा-दाऽऽत्मशक्तिः प्रकाशते ।
आत्मादितत्त्वशङ्कात आत्मशक्तिर्विनश्यति ॥२२८॥

જેના હૃદયમાં પૂજ્ય ગુરુદેવોએ આત્માદિ સર્વ તત્ત્વનો ઉપદેશ કરેલો હોય છે, અને તેથી તેમાં વિશ્વાસ ઉત્પન્ન થયેલો હોય, તેની આત્મશક્તિ અવશ્ય પ્રકટ થાય છે. પણ જેઓ આત્માદિ તત્ત્વમાં શંકાશીલ હોય છે તેઓની આત્મશક્તિ વિનાશ પામે છે. ૨૨૮

आत्मादितत्त्वबोधेन, स्थिरप्रज्ञा प्रजायते ।
स्थिरप्रज्ञावतां योग-सिद्धिश्च कर्मयोगिता ॥२२९॥

આત્માદિ તત્ત્વના યથાર્થ બોધ વડે અનુભવી આત્મા સ્થિર બુદ્ધિવાળો થાય છે અને સ્થિર બુદ્ધિવાળા આત્માઓ યોગની સર્વ સિદ્ધિઓ પ્રાપ્ત કરે છે, માટે કર્મયોગીપણું પ્રાપ્ત કરો. ૨૨૯.

आत्मज्ञानं हि विश्वस्य,-लोकानां शान्तिकारणम् ।
आत्मज्ञानं हि लोकानां, पूर्णानन्दप्रदायकम् ॥२३०॥

. આત્મસ્વરૂપનું યથાર્થ જ્ઞાન જ સંસારના પ્રાણિઓને પરમ-શાન્તિનું કારણ છે. અને આત્મજ્ઞાન જ લોકોને પૂર્ણ આનંદ આપવાવાળું છે. ૨૩૦

आत्मज्ञानं हि सर्वासां, शक्तीनां मूलकारणम् ।
आत्मज्ञानं विना सत्य-स्थैर्यं कस्यापि नो भवेत् ॥२३१॥

આત્મજ્ઞાન જ સમથ શક્તિઓનું મૂલ કારણ છે. આત્માના યથાર્થ જ્ઞાન વિના સત્યમાં સ્થિરતા પણ કોઇની થતી નથી. મતલબ કે આત્મ-સમાધિ પ્રાપ્ત થતી નથી. ૨૩૧.

मन एवाऽस्ति संसारो, मनो भवस्य कारणम् ।
आत्मायत्तं मनः स्वर्गं, मोक्षं च विद्धि मानव ॥२३२॥

મન એજ સંસાર છે. મનના સંકલ્પ-વિકલ્પમય રાગ-દ્વેષમય પરિણામોથી જીવ નવનવા કર્મો બાંધે છે અને તેથી મન એજ સંસારનું કારણ છે. હે મનુષ્ય! જેણે મનને પોતાના આધીન કર્યું છે તેનો સ્વર્ગ અને મોક્ષ પયેલો જ છે, એમ સમજ. ૨૩૨.

रागादिवासितं चित्तं, यावत्तव प्रवर्तते ।
तावत्संसार एवास्ति, यद्योग्यं तत्समाचर ॥२३३॥

. જ્યાં સુધી રાગ-દ્વેષ આદિ કષાયોથી યુક્ત તારૂં ચિત્ત છે, ત્યાંસુધી તારો સંસાર વધતો જ રહેવાનો છે જ્યારે આ

કષાયોથી રહિત થઇશ ત્યારે જ તારૂં ભવભ્રમણ મટશે માટે તને જે ઉચિત લાગે તેનું આચારણ કર. ૨૩૩.

प्रवर्तते यदा चित्तं, रागद्वेषविनिर्गतम् ।
तदाऽऽत्मा प्रभुरूपोऽस्ति, निर्मोहं स्वं मनःकुरु ॥२३४॥

જ્યારે ચિત્ત રાગદ્વેષથી દૂર થઇ આત્મ-સ્વરૂપની અવગાહનામાં પ્રવૃત્તિ કરે છે ત્યારે સ્વયં પ્રભુ સમાન થાય છે. તેથી હે ભવ્યાત્મન્! તું મનને મોહથી રહિત કર જેથી સાચા સુખનો ભોક્તા બની શકે. ૨૩૪.

स्वर्गः श्वभ्रं च जीवोऽस्ति, शुभाशुभविचारतः ।
शुभाशुभमनोमुक्त, आत्मैव परमेश्वरः ॥२३५॥

શુભ કે અશુભ વિચારોને કારણે જીવ સ્વર્ગને યોગ્ય કે નરકને યોગ્ય બને છે. જ્યારે આત્મા શુભ અને અશુભ બન્ને પ્રકારના મનથી-વિચારોથી રહિત બને છે ત્યારે આત્મા જ પરમેશ્વરરૂપે બને છે. ૨૩૫.

स्वार्थेन सर्वसम्बन्धा, वध्यन्ते सर्वदेहिभिः ।
स्वार्थं विना न सम्बन्धः, केनाऽपि भुवि वध्यते ॥२३६॥

હે ભવ્યાત્મન્! સંસારમાં ભાઇ-બ્હેન, માતા-પિતા, પુત્ર-મિત્ર, સ્ત્રી આદિ સર્વ સમ્બન્ધો સ્વાર્થને લીધે જ બધાય છે. સ્વાર્થના અભાવે સંસારમાં કોઇનો કોઇની સાથે સંબન્ધ રહેતો નથી. ૨૩૬.

स्वार्थं विना न जीवानां, रागोऽस्ति न प्रवर्तनम् ।
आत्मनो मुक्तये कर्म,-परमार्थं च तत्स्मृतम् ॥२३७॥

જગતમાં જે ગાઢ રાગમય સંબંધો બંધુ આદિકમાં દેખાય છે, તે સ્વાર્થ વિનાની પ્રવૃત્તિ હોય તેમ નથી જ. આત્માનો સંસારથી મુક્ત થવા માટે જે દેવ-ગુરુ-ધર્મ ઉપર રાગ બંધાય છે તેજ સાચો પારમાર્થિક રાગ છે, એમ ગીતાર્થો કહે છે. ૨૩૭.

अशुभं च शुभं स्वार्थं, त्यक्त्वा ब्रह्मणि रागिणः ।
निजाऽऽत्मानं परब्रह्म, कुर्वन्ति रागनाशतः ॥२३८॥

જે ભવ્યાત્માઓ શુભ કે અશુભ સર્વ પ્રકારના સ્વાર્થનો ત્યાગ કરી એક પરબ્રહ્મમાં રાગવાળા થાય છે, તે પોતાના આત્માને મોહનો સમૂલ નાશ કરીને પરબ્રહ્મ સ્વરૂપ કરે છે. ૨૩૮.

सर्वत्र स्नेहसम्बन्धान्, मिथ्या ज्ञात्वा निजाऽऽत्मनि ।
व्यकीनो भव प्रीत्या, मुह्यसि किं पुनः पुनः ॥२३९॥

હે ભવ્યાત્મન્! તું સર્વત્ર-બધે ઠેકાણે સ્નેહ-સંબંધો પોતાના આત્મામાં મિથ્યા સમજવા છતાં પણ વારંવાર સંસારના મોહના કારણે એમાં આસક્ત બને છે અને પછી કેમ ગભરાય છે? ૨૩૯.

मा प्रीतिं कुरु जीवेषु, स्वार्थयुक्तेषु चेतन ! ।
स्वार्थिनः सन्ति पुत्राद्याः, शिष्याद्याः स्वार्थरागिणः ॥२४०॥

હે ભવ્યાત્મન્! તું સ્વાર્થથી યુક્ત જીવોમાં જરાપણ પ્રેમ ધારણ ન કરીશ. કારણ પુત્ર, મિત્ર, ભાઇ, કલત્ર વગેરે સૌ સ્વાર્થી છે, અને શિષ્ય વગેરે પણ સ્વાર્થના મતલબી છે 'સ્વાર્થ સર્યો એટલે વૈદ્ય વેરી' એ કહેવત મુજબ તેઓ જો પોતાના સ્વાર્થમાં જરાપણ આંચ આવશે તો તમારા દુશ્મન થઇને ઉભા રહેશે. માટે સંસાર સ્વાર્થી છે. ૨૪૦.

त्वामन्यं त्वां विना कोऽपि, प्रियं वेत्ति न मानवः ।
असारः सर्वसंसारः, स्वार्थकामादिपूरितः ॥२४१॥

હે ભવ્યાત્મન્! તારા સિવાય બીજો કોઈપણ તારૂં હિત જાણી શકતો નથી. આ સંસાર અસાર છે. અને સ્વાર્થ તથા કામાદિ કષાયોથી ભરેલો છે. ૨૪૧.

स्वकीया देहसम्बन्धा, क्षणिकाः स्वप्नवन्मृपा ।
ज्ञात्वैवं त्वं परप्रीत्या, लीनो भव चिदाऽऽत्मनि ॥२४२॥

આપણે જે દેહ-ઇન્દ્રિયો-મન વગેરેનો નિત્ય સંબન્ધ ગણીએ છીએ, તેથી આત્માને દેહાદિકથી જુદો જોઇ કે જાણી શકતા નથી. પણ જ્યારે સદ્ગુરુની ઉપાસના કરતા સમ્યગ્ ભેદજ્ઞાન થાય છે ત્યારે તે દેહાદિરૂપે હું નથી, તે મારા આત્મ સ્વરૂપે નથી. તેમાં તો કર્મના યોગે અવતાર લીધો છે એમ ભેદ સમજાય છે. તે દેહાદિ પણ આપણા નથી. તેનો સંબંધ આયુષ્યકર્મ પૂર્ણ થાય ત્યારે ત્યાગ કરવો પડે છે. તે ક્યારે છોડવું પડશે તેનો ખ્યાલ ન હોવાથી તેમાં રાગવાળા થઈએ છીએ. પરન્તુ તે બધા સંબન્ધો સ્વપ્નની માફક ક્ષણિક છે એમ સમજી ચિદાનંદ સ્વરૂપ આત્મામાં રાગવાળો થા. ૨૪૨.

संसारे सार आत्माऽस्ति, चिदानन्दमयः प्रभुः ।
तत्र मनोलयो यस्य, तस्य मुक्तिः प्रजायते ॥२४३॥

હે ભવ્યાત્મન્! આ સંસારમાં સારભૂત જો કોઇ વસ્તુ હોય તો તે આત્મા જ છે તે આત્મા ચિદાનન્દમય છે અને સમર્થ છે. તે આત્માના સ્વરૂપમાં જેમનું મન લાગેલું છે તેની મુક્તિ જરૂર થાય છે. એમ ગીતાર્થો કહે છે. ૨૪૩.

अशुभं च शुभं यच्च, चित्तेन तत्तु कल्पितम् ।
तत्र किञ्चिन्न सारोऽस्ति, तत्र ज्ञानी न मुह्यति ॥२४४॥

મનવડે કલ્પેલી આ વસ્તુ સારી છે કે આ વસ્તુ ખોટી છે, તો તેમાં કંઇપણ સાર નથી. અર્થાત્ મનથી કલ્પેલું સાચા-ખોટાપણું એ ખોટું છે, અને જ્ઞાની તેમાં મુંઝાતો નથી. ૨૪૪.

अशुभं च शुभं सर्वं, कल्पितं तन्मृषा खलु ।
जानात्येव स्वयं ज्ञानी, मुक्तोऽद्वैतः प्रजायते ॥२४५॥

આપણે આપણી અલ્પબુદ્ધિવડે જગત્‌ના પદાર્થોમાંથી એકાદને શુભ કે અશુભભાવે જાણી લઇએ છીએ. પરન્તુ વાસ્તવિક રીતે તે બધું મિથ્યા છે. વસ્તુતઃ સર્વ પદાર્થો જડ હોવાથી આત્માને આત્મભાવમાં ઉપયોગી નથી એમ સમ્યગ્જ્ઞાનીઓ સ્વયં જાણીને તેના સંબંધથી રાગદ્વેષથી મુક્ત બનીને પરમ-બ્રહ્મરૂપ-અદ્વૈતરૂપ મુક્તિપદને પામે છે. ૨૪૫.

ब्रह्मभावनया स्वाऽऽत्मन् !, देहिभिश्च जडैः सह ।
वर्तस्व स्वार्थरागादि, मोहं त्यक्त्वा महीतले ॥ २४६॥

હે ભવ્યાત્મન્ ! તું બ્રહ્મસ્વરૂપ ભાવનાવડે જગત્‌ના સર્વ પ્રાણિઓ અને જડપુદ્‌ગલોની સાથે સ્વાર્થ-રાગ-કામ-ક્રોધ આદિ મોહનો ત્યાગ કરીને આ પૃથ્વી ઉપર સુખથી રહેજે. ૨૪૬.

आत्मभावेन संजीव्य, मत्वा च देहिनं प्रभुम् ।
विश्वस्थसर्वजीवानां, सेवां कुरुष्व साम्यतः ॥२४७॥

હે ભવ્યાત્મન્ ! તું સર્વ દેહ ધારણ કરનાર પ્રાણિઓને તારા સમાન સંગ્રહનયની અપેક્ષાએ તિર્યક્ સામાન્યતાએ

અસંખ્ય આત્મપ્રદેશ જ્ઞાન-દર્શન-ચારિત્રાદિ ચૈતન્ય ગુણોની સત્તાએ સમાનતા રહેવાથી સર્વ પ્રભુસમાન ગણજે. અને એવા ભાવથી રાગદ્વેષના અભાવપૂર્વક સાક્ષીભાવે સર્વ જીવોની સેવા-ભક્તિ કરજે. ૨૪૭.

साक्षिभावेन कार्याणि, कुरुष्व भव्यमानव ! ।
शुद्धात्मा संभवस्त्वाऽऽत्मन् ! ! त्वत्कार्यमीदृशं खलु ॥२४८॥

હે ભવ્યાત્મન્! તું સર્વ કાર્યો રાગદ્વેષના અભાવપૂર્વક સાક્ષીભાવે કરજે. તેથી તારા આત્મ-સ્વરૂપને શુદ્ધતા પ્રાપ્ત થવાનો સંભવ સમજજે. તારા બધાં કાર્યો એવા હોવા જોઈએ કે જેથી તારા શુદ્ધ સ્વરૂપની તને પ્રાપ્તિ થાય. ૨૪૮.

स्वनामरूपकीर्तौ च, प्रतिष्ठायां च चेतन ! ।
शुभं प्रकल्पितं मिथ्या, तद्भिन्नं स्वं निभालय ॥२४९॥

હે ભવ્યાત્મન્! તું પોતાના નામ, રૂપ, કીર્તિ, યશ, સત્તા, પ્રતિષ્ઠામાં સારા-શુભપણાની જે કલ્પના કરે છે, તે સર્વ મિથ્યા છે, તું તારા આત્માને આ પૌદ્ગલિક વિષયોથી જુદો જ સમજ. ૨૪૯.

सर्वतस्त्वं प्रभिन्नोऽसि, चेतन ! स्वं विचारय ।
मग्नो भव स्वरूपे त्वं, किं बाह्येषु प्रधावसि ॥२५०॥

હે ભવ્યાત્મન્! તું ચેતનાચેતન એવા સર્વ પદાર્થોથી ભિન્ન જ છો. એ પ્રમાણે તું તારી મેળે વિચાર કરજે. તું તારા આત્મસ્વરૂપમાં જ લીન બન. બાહ્ય પદાર્થો તરફ શામાટે દોડે છે? એમાં તો ધુમાડામાં બાચકા ભરવા જેવું છે માટે આત્મ-સ્વરૂપનું જ ધ્યાન કર. ૨૫૦.

कोऽपि नास्ति त्वदीयो भो, ममेदमिति मा कुरु ।
आत्मानमन्तरा कोऽपि, तव नास्ति कदाचन ॥२५१॥

• હે ભવ્યાત્મન્! આ સંસારમાં તારૂં કોઇ નથી, આ ઘર, સ્ત્રી, પુત્ર, પરિવાર મારા છે એમ ન સમજ. તારા આત્મા સિવાય બીજું કોઇ તારૂં કદાપિ છે નહિ અને થશે નહિ. ૨૫૧.

गृहादिवस्तुसार्थोऽपि, नैव सार्धं गमिष्यति ।
जागृहि स्वाऽऽत्मरूपेण, मोहनिद्रां परित्यज ॥२५२॥

ઘર-મહેલ-વાડી-બગીચા-મોટર આદિ વસ્તુઓનો સમૂહ પણ સાથે નહિં જાય. તેથી તારા આત્મ-સ્વરૂપને જાગૃત કર અને મોહ-નિદ્રાનો ત્યાગ કર. ૨૫૨.

मोहनिद्रापरित्यागाद्, ब्रह्मरूपं विलोक्यते ।
समत्वं सर्वजीवेषु, जडेषु च प्रजायते ॥२५३॥

અજ્ઞાન-રૂપ મોહ-નિદ્રાનો ત્યાગ થવાથી આત્માનું અસલ સ્વરૂપ-બ્રહ્મરૂપના દર્શન થાય છે અને તેથી સર્વ જીવો અને જડ ઉપર સમભાવ-સમદૃષ્ટિ ઉત્પન્ન થાય છે. ૨૫૩.

अन्तर्ज्ञानं सुखं व्यक्त-मात्मरूपं तदेव हि ।
व्यक्तोऽस्ति जैनधर्मः सः विश्वधर्मश्च शाश्वतः ॥२५४॥

હે ભવ્યાત્મન્! આત્માના સ્વરૂપનું શુદ્ધજ્ઞાન જેને પ્રાપ્ત થાય છે. તેને વ્યક્ત-પ્રગટપણે આત્મ-સ્વરૂપનો અનુભવ થાય છે તે વખતે જે પ્રમોદ, જે આનંદ અનુભવાય છે તે વ્યક્ત આત્મ-સ્વરૂપ જ છે, તેમ જાણવું. ગુણ અને ગુણીનો અભેદ-ભાવ હોય છે. તે જ આત્મસ્વરૂપનો જે સાક્ષાત્કાર તે જ

વસ્તુતઃ વ્યક્તભાવે પ્રગટેલો જૈનધર્મ આત્મધર્મ છે અને તે સર્વ વિશ્વમાં શાશ્વતભાવે પ્રત્યક્ષ અનુભવાય છે. ૨૫૪.

चिदानन्दमयं ब्रह्म, पूर्णव्यक्तं यदा भवेत् ।
तदाऽऽत्मा हि परब्रह्म, सिद्धोऽस्ति भगवान् स्वयम् ॥२५५॥

જ્યારે પરમ આનંદ સ્વરૂપ આત્મા પૂર્ણપણે પ્રગટ થાય છે ત્યારે આત્મા પરમજ્ઞાનવાન્ બની સિદ્ધપણાને પામે છે અને સ્વયં ભગવાન બને છે. ૨૫૫.

चिदानन्दमयं ब्रह्म,-धर्मेषु नास्तिकेषु च ।
व्यक्ताव्यक्तस्वरूपेण, सर्वत्रास्ति हि देहिषु ॥२५६॥

ચિદાનંદમય બ્રહ્મસ્વરૂપ જ્યારે પૂર્ણપણે પ્રગટ થાય છે ત્યારે આપણો આત્મા પરમ બ્રહ્મ એટલે સર્વ બાહ્ય-આભ્યંતર કર્મ-મલ રહિત પૂર્ણ સિદ્ધપણાને પામે છે અને સ્વયંસિદ્ધ બને છે. ૨૫૬.

व्यक्तं ज्ञानं सुखं यत्र, तत्राऽऽत्मव्यक्तदर्शनम् ।
स्वानुभवप्रमाणेन, व्यक्तः सोऽहं प्रभुः स्वयम् ॥२५७॥

જ્યાં જે આત્મામાં વ્યક્તભાવે પ્રગટભાવે સમ્યગ્ જ્ઞાન-દર્શન-ચારિત્ર ગુણમય સુખનો જેટલા અંશે અનુભવ થયો હોય ત્યાં તેટલા પ્રમાણમાં આત્મસ્વરૂપનું વ્યક્ત દર્શન ભવ્યાત્માઓને થાય છે. પોતાના યથાર્થ અનુભવ પ્રમાણે વ્યક્ત થાય છે. અને પૂર્ણપણે વ્યક્ત આત્મ-સ્વરૂપનું દર્શન જ્યારે થાય છે ત્યારે વ્યક્તભાવે તે પરમાત્મા છે, તે જ હું પણ તેવો પરમાત્મા છું, એવું સોઽહં ભાવે વ્યક્ત સ્વયં પ્રભુપણું આત્મામાં પ્રગટ થાય છે. ૨૫૭.

स्वानुभवेन शुद्धाऽऽत्मा, ज्ञानं सुखं च वेद्यते ।
तत्रान्यशास्त्रलोकानां, नास्ति साक्षिप्रयोजनम् ॥२५८॥

- શુદ્ધ આત્માઓ શુદ્ધ આત્મસ્વરૂપનો સ્વયં અનુભવ કરતા હોય છે, અને જ્ઞાન તથા સુખરૂપ પરમાનંદને વેદતા હોય છે, ભોગવતા હોય છે. ત્યા અન્ય દર્શનના શાસ્ત્રોનો તથા લોકોના ક્રિયાનુષ્ઠાનો-તપ જપ વગેરેની સાક્ષિનું પ્રયોજન નથી રહેતું. જે આત્માઓને આવરણનો ક્ષયોપશમ અંતરક્રિયાથી થતો હોય ત્યાં બાહ્ય નિમિત્તોના પ્રમાણો મળતા આવતા નથી. ૨૫૮.

स्वानुभवं विना स्वाऽऽत्मा, बाह्यतो नानुभूयते ।
शास्त्रेण च विवादेन, व्याख्यानश्रवणादितः ॥२५९॥

વસ્તુતઃ આત્માનો અનુભવ જ્ઞાનાદિકર્મોના આવરણો જેટલા અંશે ક્ષય થાય છે તેટલા અંશે અનુભવાય છે, શાસ્ત્રશ્રવણ, વાદવિવાદ કે વ્યાખ્યાનશ્રવણ આદિ બાહ્ય કારણોથી અનુભવ થતો નથી. ૨૫૯.

स्वानुभवः प्रमाणं हि, स्वाऽऽत्मानुभवदर्शने ।
आत्मानन्दश्च सज्ज्ञानं, स्वानुभवेन वेद्यते ॥२६०॥

પોતાના આત્મ-સ્વરૂપના દર્શનમાં પોતાનો સમ્યગ્જ્ઞાન વડે થયેલો જે અનુભવ તે જ પ્રમાણ છે. આત્મિક આનંદ અને સમ્યગ્જ્ઞાનને પોતાના અનુભવથી પ્રામાણિકપણે વેદે છે, અનુભવે છે. ૨૬૦.

आत्मानुभवतो यस्य, सुखं ज्ञानं प्रवेद्यते ।
तस्य वादविवादे,-र्नास्ति किञ्चित्प्रयोजनम् ॥२६१॥

જેને આત્માના અનુભવથી સમ્યગ્જ્ઞાન-દર્શન પ્રગટ થાય છે તે સ્વયં જ્ઞાન અને સુખનો અનુભવ કરે છે. તેમાં વાદ-વિવાદ કે શંકાનું કોઇ પ્રયોજન નથી. ૨૬૧.

व्यक्तं ज्ञानं सुखं यस्य, तस्याऽऽत्मा व्यक्त इष्यते ।
तस्य प्रमाणहेतूनां, किञ्चिन्नास्ति प्रयोजनम् ॥२६२॥

જે યોગી જ્ઞાન અને આનંદ સ્પષ્ટપણે અનુભવતા હોય છે, તેવા આત્માને આત્મ-સ્વરૂપ વ્યક્ત થયેલું હોય છે. તેમ આનંદઘન જેવા અનુભવી યોગીઓ કહે છે. તેમાં પ્રમાણ કે હેતુનું કોઈ પ્રયોજન નથી. ૧૬૨.

व्यक्तज्ञानसुखस्यैव, वेत्ताहं व्यापकः स्वयम् ।
आत्मना स्वाऽऽत्मनि स्वाऽऽत्मा, मयानुभूयते स्वतः ॥२६३॥

આત્મામાં જે જ્ઞાન-દર્શન-ચારિત્ર-આનંદમય સુખાદિગુણો રહેલા છે તેને હું વ્યક્તજ્ઞાનની પેઠે સ્વયં અનુભવું છું, તે સુખાદિગુણો આત્મામાં વ્યાપકભાવે અનુભવાય છે. અને તે ઇન્દ્રિયોથી નથી અનુભવાતો પણ આત્મા પોતાના આત્મશક્તિ-વડે સ્વયં અનુભવે છે. ૨૬૩.

व्यक्तज्ञानसुखात्माऽहं, क्षयोपशमभावतः ।
क्षायिकभावरूपेण, भविष्यामि हि भाविनि ॥२६४॥

હું વ્યક્ત જ્ઞાન-સુખ-આદિ ગુણ-પર્યાયનો ભોક્તા છું, તે હાલમાં જ્ઞાનાદિ આવરણોનો જેટલા અંશે ક્ષયોપશમભાવ થવાથી ગુણો વ્યક્ત થયા છે, તેનો હું જ્ઞાતા છું તો પણ સમ્યગ્જ્ઞાન-દર્શન-ચારિત્ર-તપની સેવા કરવાથી યોગી આાગા-

યામ-પ્રત્યાહારથી મનને સ્થિર કરીને એકત્વભાવે રૂપસ્થ, રૂપાતીતભાવે પરમાત્મસ્વરૂપનું ધ્યાન કરતા સર્વ કર્મોનો ક્ષય કરવાથી જ્ઞાન-દર્શન-ચારિત્રના પર્યાયરૂપ ગુણોને પ્રત્યક્ષરૂપે ભાવી કાલમાં પ્રગટ કરશે જ. ૨૬૪.

वैषयिकसुखं तत्तु, भवेदिन्द्रियभोगतः ।
अतीन्द्रियं सुखं यत्तदाऽऽत्मसुखं स्वभावतः ॥२६५॥

ઈન્દ્રિયોના ભોગથી વિષયજનિત સુખ ઉત્પન્ન થાય છે, પરંતુ તે સુખ વાસ્તવિક નથી હોતું. જ્યારે અતીન્દ્રિયસુખ-આત્મિકસુખ તે આત્મ-સ્વભાવથી જ ઉત્પન્ન થાય છે.

इन्द्रियविषयेभ्यो यज्जायमानं सुखं तु तद् ।
बाह्यं च क्षणिकं ज्ञेयं, तत्र मोह्यं न साधुभिः ॥२६६॥

પાંચ ઈન્દ્રિયોના ૨૩ વિષયો અનુભવવાથી જે સુખ ઉત્પન્ન થાય છે તે સુખ બાહ્ય અને ક્ષણિક છે, આત્માર્થી પુરુષોએ તેમાં મોહિત થવું ન જોઈએ. ૨૬૬.

आत्मसुखं ततो भिन्नं, देहेन्द्रियविनिर्गतम् ।
क्षयोपशमभावेन, क्षायिकेण च जायते ॥२६७॥

આત્માના સ્વરૂપનું સુખ ઉપર જણાવેલા શરીર અને ઈન્દ્રિયોથી ભોગવાતા વિષય-સુખોથી સર્વથા સર્વ પ્રકારે ભિન્ન સ્વરૂપના છે. તે આત્માના સુખો ઈન્દ્રિય સુખથી વિશેષ પ્રકારે જુદા પડતા ઈન્દ્રિયના વિષયો જેમાંથી ચાલ્યા ગયા છે તેવા આત્મ-સ્વરૂપના સુખો તે ક્ષયોપશમ જ્ઞાન-દર્શન-ચારિત્રવાળા આત્માઓને ક્ષયોપશમભાવે અનુભવાય છે. ૨૬૭.

अन्तर्मुहूर्तमानं तु, क्षायोपशमिकं सुखम् ।
नश्यति जायतेऽसंख्यवारं तत्तु मुहुर्मुहुः ॥२६८॥

જે પદાર્થો ક્ષયોપશમભાવથી સુખ આપનારા છે, તે ક્ષણિક હોવાથી અન્તર્મુહૂર્ત્ત સુધી રહીને નાશ પામે છે. અને તે અસંખ્યાતવાર વાર વાર ઉત્પન્ન થાય છે. અને નાશ પામે છે. ૨૬૮

क्षायिकभावसम्पन्न-माऽऽत्मसुखमतीन्द्रियम् ।
जायते ह्येकवारं तत्पुनस्तन्न विनश्यति ॥२६९॥

સર્વ કર્મોના ક્ષય થવાથી સહજ સ્વભાવે આત્મ-સ્વરૂપના આનંદમય જે સુખ છે તે ક્ષાયિકભાવે પ્રાપ્ત થયેલું હોય છે, અતીન્દ્રિય છે, તે એક જ વાર જીવનમાં પ્રાપ્ત થાય છે અને પ્રાપ્ત થયા પછી નાશ નથી પામતું. ૨૬૯.

क्षायिकं यत्सुखं तत्तु, पूर्णानन्दः प्रकथ्यते ।
जीवन्मुक्तः सुखं नित्यं, भुनक्ति ब्रह्मजीवकः ॥२७०॥

વીતરાગ પરમાત્માઓને ક્ષાયિકભાવે કેવલજ્ઞાન-દર્શન-ચારિત્રરૂપ જે સુખ પ્રાપ્ત થાય છે, તે પૂર્ણ આનંદમય જ હોય છે. તેથી તે વીતરાગ ભગવંતો, તીર્થંકરો કે સામાન્ય કેવલીઓ આયુષ્યકર્માદિ અઘાતિ ચાર કર્મના સંબંધથી જીવન જીવતાં છતાં કર્મો બાંધતા ન હોવાથી જીવનમુક્ત બ્રહ્મ સ્વરૂપે જ જીવતા હોય છે. ૨૭૦

देहातीतस्य सिद्धस्य, पूर्णानन्दः सदास्ति वै ।
सुखाय सर्वजीवानां, ब्रह्मज्ञानं प्रजायते ॥२७१॥

દેહથી રહિત લોકના અગ્રભાગમાં બિરાજેલા સિદ્ધ પર-

માને સદા પૂર્ણાનંદજ હોય છે પ્રત્યેક પ્રાણિઓને બ્રહ્મજ્ઞાન-લજ્ઞાન પરમ સુખને માટે જ ઉત્પન્ન થાય છે. ૨૭૧.

मुह्यन्ति ये जडानन्दे, मूढा हिंसादिभावतः ।
अतिदुःखं समायान्ति, भ्रान्त्वा भवे ह्यनेकशः ॥२७२॥

જે મૂઢ પુરુષો પૌદ્ગલિક આનંદમા હિંસા વગેરે ભાવથી મોહ પામે છે, તે અનેકવાર આ સંસારમાં ભ્રમણ કરીને ભીષણ દુઃખને પ્રાપ્ત કરે છે.

परतन्त्रो जडानन्दः, सर्वदुःखप्रदायकः ।
मोहिनस्तत्र मुह्यन्ति, लभन्ते न निजं सुखम् ॥२७३॥

હે ભવ્યાત્મન્! તું જડ પદાર્થમાં સુખ માને છે, પરંતુ તે ખરૂં સુખ નથી, પરતન્ત્ર છે, પરાધીન છે. અને અંતમાં સર્વદુઃખોને દેવાવાળું છે, મૂઢ પુરુષો જ એવા સુખમાં મુગ્ધ બને છે. તેથી એવા પરતંત્ર સુખમા આત્માનૃ જે વાસ્તવિક સુખ છે તે પ્રાપ્ત થતું નથી. ૨૭૩.

आत्मानन्दः स्वतन्त्रोऽस्ति, सर्वोपाधिविवर्जितः ।
आत्मवशं सुखं सत्यं, आत्मनो दुःखनाशकम् ॥२७४॥

હે ભવ્યાત્મન્! એ તુ સત્ય સમજજે કે સાચું-સ્વતંત્ર સુખ આત્મિક સુખ જ છે. તે આત્મિક સુખ સંસારની સર્વ ઉપાધિથી રહિત છે તેમા કોઇને આધીન કે કોઇની આજ્ઞા માનવાનું નથી રહેતું. આત્માધીન જ સાચું સુખ છે, અને તે સર્વ દુઃખનો વિનાશ કરનારૂં છે. ૨૭૪.

परवशं सुखं नास्ति, किन्तु दुःखं भृशं सदा ।
राज्यभोगादिजन्यं परपराधीनं सुखं च तत् ॥२७५॥

રાજપાટ અને વિષયાદિ ભોગો ભોગવવાથી ઉત્પન્ન થતું જે સુખ તે સુખ પરાધીન છે. અને પરાધીન સુખ તે વાસ્તવિક સુખ નથી પરંતુ ભયંકર દુઃખ છે. કારણ કે રાજ્ય અને સ્ત્રીઓ માટે સંસારમાં ભયંકર લડાઇઓ અને ખાનાખરાબી થઇ છે. અને આત્માએ ભયંકર કર્મો ઉત્પન્ન કરી અનન્ત દુઃખ પ્રાપ્ત કર્યું છે. એ સુખનું કારણ કેવી રીતે હોઇ શકે? ૨૭૫.

आत्मानन्दाय भोगानां,-नास्ति किञ्चित्प्रयोजनम् ।
भोगाय पारतन्त्र्यं तु, कुर्वन्ति ते हि मोहिनः ॥२७६॥

હે ભવ્યાત્માઓ! જો તમે આત્મિક આનંદ લેવા ઇચ્છતા હો તો તેમાં વિષયભોગોની જરાય જરૂર નથી. ભોગોમાં સુખ માની તે માટે જે પરતંત્રતા સ્વીકારો છો તે પરતંત્રતા તમને સંસારના રાગી બનાવે છે. અને અન્તે દુઃખો આપનારી થાય છે. ૨૭૬.

जडानन्दाय राज्यादि,-कार्येषु ये परायणाः ।
रागद्वेषौ च कुर्वाणाः, सुखं यान्ति न मानवाः ॥२७७॥

પૌદ્‌ગલિક આનંદને માટે રાજ્યાદિ કાર્યોમાં જેઓ સારી રીતે પરાયણ બને છે, તેઓ નિરંતર તે રાજ્યાદિ માટે રાગ-દ્વેષ-છલ-પ્રપંચ કરતા આર્ત-રૌદ્ર ધ્યાન કરતાં આત્મિક આનંદ એક ક્ષણભર પણ ભોગવી શકતા નથી. ૨૭૭.

परस्परं प्रयुद्ध्यन्ति, राज्यदेशादिमोहतः ।
मोहाधीनाश्च ते भूत्वा, यान्ति दुःखपरम्पराम् ॥२७८॥

રાજાઓ-મહારાજાઓ-ચક્રવર્તિઓ રાજ્ય અને દેશોને

આધીન કરવા માટે પરસ્પર યુદ્ધો કરે છે, અને મોહમાં મસ્ત બની દુઃખોની પરમ્પરાને પ્રાપ્ત કરે છે. ૨૭૮.

लक्ष्मीस्त्रीभूमिराज्यानां, मोहेन मूढमानवाः ।
कुर्वन्ति जनताघातं, ततो यान्ति हि दुर्गतिम् ॥२७९॥

લક્ષ્મીના લોભથી, પરસ્ત્રીના લોભથી, ભૂમિના લોભથી અને રાજ્યના લોભથી મહામૂઢ મનુષ્યો લાખો પ્રાણીઓનો સંહાર કરે છે. અને અન્તમાં તે બધું છોડીને દુર્ગતિરૂપ નરકમાં જાય છે. ૨૭૯.

स्पर्शेन्द्रियादिभोगेभ्यो, जन्यं परवशं सुखम् ।
वस्तुतो दुःखमेवास्ति, तत्र ज्ञानी न मुह्यति ॥२८०॥

સ્પર્શેન્દ્રિયાદિ અને અન્ય વિષયોના ભોગોમાં પરાધીન થયેલા આત્માઓને જરાપણ સત્ય સુખ મળતું નથી. પરંતુ અનન્ત દુઃખની પરંપરા જ પ્રાપ્ત થાય છે. આવું સમ્યગ્જ્ઞાનીઓ જાણતા હોવાથી તેઓ તેમાં મોહ પામતા નથી. ૨૮.

जडभोगसुखेच्छातः-तत्प्रवृत्तिः प्रजायते ।
ततः क्रोधादयो दोषाः, भवन्ति दुःखदायिनः ॥२८१॥

જડ પદાર્થોનાં ભોગથી સુખની ઇચ્છા થાય છે અને તેથી તે વસ્તુ પ્રાપ્ત કરવાની પ્રવૃત્તિ થાય છે. અને તેથી ક્રોધ, માન, માયા, લોભ, ઇર્ષ્યા-દ્વેષ આદિ મહાન્ દોષો ઉત્પન્ન થાય છે. જે અંતમાં ગજાઓ આદિને દુઃખ દેવાવાળા થાય છે ૨૮૧

कामदेवादिभोगानामिच्छा च परतन्त्रता ।
ततो मोहेन हिंसाद्य-रागाद्यं प्रवर्तते ॥२८२॥

હે ભવ્યપ્રાણીઓ! તમે નિશ્ચયથી સમજજો કે અજ્ઞાન-મોહને આધીન બનેલા અને કામ-ભોગાદિ શરીરના અન્ય વિષયભોગોની ઈચ્છા;કરનારાઓ સર્વ મોહ-માયાને પરાધીન બનેલા હોવાથી અનેક નિર્દોષ પ્રાણિઓની હિંસા અને લુંટ-ફાટ આદિ કાર્યોમાં પ્રવૃત્તિ કરે છે અને તેથી અનંતકાલ સુધી સંસારમાં રખડે છે અને દુઃખી થાય છે. ૨૮૨.

जडानन्दाय विश्वस्थलोकानां हि प्रवर्तनम् ।
स्वल्पं किञ्चित् सुखं तेषां, भृशं दुःखपरम्परा ॥२८३॥

સંસારી લોકોની પ્રવૃત્તિ પૌદ્ગલિક સુખને માટે જ હોય છે. પરંતુ તેમાં સુખ અતિ અલ્પ હોય છે જ્યારે પરિણામે ભયંકર દુઃખોની પરંપરા સહવી પડે છે. જેમ તલવારની ધારે રહેલા મધને ચાટતાં જીભ કપાઈ જાય છે. ૨૮૩.

प्रत्यक्षं तत्प्रविज्ञाय, तथापि सुखकांक्षिणः ।
जडभोगेषु मुह्यन्ति, विरमन्ति न मोहतः ॥२८४॥

આમ પ્રત્યક્ષ દુઃખોનો અનુભવ કરવા છતાં પણ ભ્રમવશ જડ પદાર્થોમાં સુખની ઇચ્છાથી મુંઝાય છે અને મોહવશ તેનાથી અટકતા નથી. ૨૮૪.

बाह्यतः सुखमन्तारः पराधीनाश्च चक्रिणः ।
स्वस्मिन् सुखं न जानन्ति रुदन्ति जडमोहतः ॥२८५॥

ઇન્દ્રિયોના વિષયભોગોમાં મસ્ત બનેલા ચક્રવર્તિ-વાસુદેવ રાજા-મહારાજા વગેરે બાહ્ય પદાર્થોમાં જ સુખને માની રહ્યા છે. અને તેમાં જ પરાધીન બનેલા આત્મિક સુખને સમજી

શકતાં નથી. જ્યારે આ બધી વસ્તુઓ તેમના હાથમાંથી ચાલી જાય છે, અથવા મરણ પથારીએ પડયા હોય છે ત્યારે બીચારા આ પૌદ્ગલિક મોહથી આંસુ સારે છે, અને છાતી કૂટે છે. ૨૮૫.

आत्मन्येव सुखं सत्यं, बाह्येषु न सुखं क्वचित् ।
ज्ञात्वा ज्ञानी स्वतन्त्रं स्वं, सुखं याति निजाऽऽत्मनः ॥२८६॥

આત્મિક સુખ એ જ સાચું સુખ છે. બાહ્ય પદાર્થોમાં ક્યાંય પણ સુખ રહેલું નથી, તે તો માત્ર ઝાંઝવાના નીરની જેમ ભ્રમણા માત્ર છે એમ જ્ઞાની પુરુષો સમજીને પોતાના આધીન આત્મિક સુખને પ્રાપ્ત કરે છે ૨૮૬.

जडानन्दाय मन्यन्ते, राज्यं स्त्रियं धनादिकम् ।
क्रोधं मानं च मायां च, लोभं तदर्थसेविनः ॥२८७॥

કેટલાક વસ્તુના સ્વરૂપને યથાર્થ સમજનારા ન હોવાથી મહામોહને આધીન બની રાજ્ય, સ્ત્રી, ધન વગેરે પૌદ્ગલિક સુખ ભોગવવા માટે જ છે એમ માને છે. અને તેમાં જ આસક્ત બનેલા મૂઢાત્માઓ તે માટે ક્રોધ, માન, માયા, લોભ આદિ કષાયો કરે છે. ૨૮૭.

मनोवाक्काययोगानां,–प्रवृत्तिर्जडशर्मणे ।
म्रियमाणा भृशं दुःखं, यान्ति च स्वप्नवत्सुखम् ॥२८८॥

અજ્ઞાની આત્માઓના મન-વચન અને શરીરના વ્યાપારની પ્રવૃત્તિ હમેશાં પૌદ્ગલિક સુખને માટે હોય છે. પરંતુ એવી પ્રવૃત્તિ કરતા તેઓ ભયંકર યાતનાઓ સહે છે અને સુખ તો સ્વપ્નના સુખ જેવું પ્રાપ્ત કરે છે. ૨૮૮.

आत्मानन्दरसस्वादा,-ज्जडानन्दो निवर्तते ।
इच्छति न ततः पश्चा,-दाऽऽत्मा जडसुखं खलु ॥२९६॥

મોહાદિ અશુભ કર્મોનો નાશ કર્યા પછી જે આત્મિક આનંદના રસને અનુભવતો હોય તેને પૌદ્‌ગલિક આનંદ નાશ પામે છે. ત્યાર પછી આત્મા પૌદ્‌ગલિક સુખને ઇચ્છતો નથી. ૨૯૬.

बाह्यराज्यादिकर्त्तार उद्विग्ना जडशर्मणि ।
आत्मानन्दप्रकाशाय, भवन्ति त्यागिनो जनाः ॥२९७॥

બાહ્ય રીતે જ્ઞાનીઓ રાજ્ય-ઋદ્ધિ વગેરેને ભોગવનારા અંતરથી પૌદ્‌ગલિક સુખથી ત્રાસેલા હોય છે. ત્યાગી પુરુષો આત્માના આનંદને પ્રગટ કરવા માટે જ બધી ક્રિયા કરતા હોય છે. ૨૯૭.

आत्मानन्दप्रकाशार्थ-मिच्छाऽस्ति सर्वयोगिनाम् ।
आत्मानन्दरसास्वादं, विना स्थैर्यं न यान्ति ते ॥२९८॥

સમસ્ત યોગી પુરુષોની ઇચ્છા એજ હોય છે, કે ક્યાં આત્માનો સાચો આનંદ પ્રગટ થાય. તેઓનો બધો પુરુષાર્થ આત્માના આનંદના રસનો સ્વાદ લેવા માટે જ હોય છે, અને એ આનંદ જ્યાંસુધી ન મળે ત્યાં સુધી તેઓ પોતાના પુરુષાર્થને છોડતા નથી, અને ચુપચાપ બેસતા નથી. ૨૯૮

आत्मानुभवयोगेन, ब्रह्मानन्दः प्रकाशते ।
आनन्दानुभवी सैव, निर्विकल्पसमाधिमान् ॥२९९॥

જે અધ્યાત્માઓ આત્માનો અનુભવ પ્રાપ્ત થવાથી પરમ બ્રહ્મસ્વરૂપનો આનંદ પ્રગટભાવે અનુભવે છે અને પ્રકાશરૂપે દેખે છે, તે મહાત્માઓ આત્મ-સ્વરૂપના આનંદના અનુભવી થાય છે. ૨૯૯.

रागद्वेषविकल्पानां, नाशो यत्र प्रजायते।
चिदानन्दप्रकाशत्वं, स्वानुभवः प्रकथ्यते ॥३००॥

જે અધ્યાત્માઓ સમ્યગ્જ્ઞાન-દર્શન-ચારિત્રમાં અપ્રમાદી છે તે ધર્મધ્યાનમાં ગુણશ્રેણિએ ચડતા અપૂર્વકરણ વડે ક્ષાયિકભાવે અનિવૃત્તિ સૂક્ષ્મ સંપરાય ગુણશ્રેણિમાં આગળ ચડીને બારમા ક્ષીણમોહરૂપ ગુણશ્રેણિમાં પ્રવેશ કરનારા રાગદ્વેષરૂપ સર્વ વિકલ્પોનો વિનાશ કરીને ચિદાનંદરૂપ પ્રકાશને પ્રાપ્ત કરે છે, તેને યોગીઓ સ્વાનુભવ કહે છે. ૩૦૦.

परोक्षेऽपि चिदानन्दे, विद्यते स्वाऽऽत्मना स्वयम्।
चित्तेन्द्रियस्य साहाय्यं,-विनाऽऽत्मानुभवो महान् ॥३०१॥

ક્ષયોપશમ-ભાવના સમ્યગ્જ્ઞાન-દર્શન-ચારિત્રવડે જ્ઞાન યોગના અભ્યાસીઓ-યોગીઓ હોય છે તેને પણ ચિદાનંદ સ્વરૂપની પ્રત્યક્ષતા પૂર્ણ ન થતી હોવાથી શાસ્ત્રના અભ્યાસ અને પૂજ્ય સદ્ગુરુદેવોની સેવાભક્તિના યોગે પરોક્ષભાવે પણ ચિદાનંદનો દર્શનરૂપ અનુભવ થાય છે અને તે પોતે સ્વયં આત્મામાં અનુભવે છે. તેમાં ઇન્દ્રિયોની કે મનની સહાયતા નથી હોતી પણ શાસ્ત્રના અનુભવ પ્રમાણે આત્મ-સ્વરૂપનો પરોક્ષભાવે મહાન્ અનુભવ તે યોગીઓને થાય છે. ૩૦૧

स्वानुभवप्रकाशोऽस्ति, ब्रह्मणि लीनयोगिनाम् ।
क्षयोपशमभावेन, स्वानुभवा असंख्यकाः ॥३०२॥

બ્રહ્મ-સ્વરૂપમાં લીન બનેલા યોગીઓને આત્મ-સ્વરૂપતા અનુભવનો પ્રકાશ થયેલો હોય છે. ક્ષયોપશમભાવ વડે અસંખ્યાતીવાર જ્યારે આત્મા સ્થિરતામાં હોય છે ત્યારે પ્રત્યક્ષપણે આત્મ-સ્વરૂપની કંઇક ઝાંખી અનુભવે છે. ૩૦૨.

असंख्यानुभवानां च, वैचित्र्यं विविधं मतम् ।
क्षयोपशमभावीय,-तारतम्येन देहिनाम् ॥३०३॥

ધ્યાન કરનાર યોગિઓને જ્ઞાનાવરણાદિક કર્મોનો વિચિત્ર પ્રકારનો ક્ષયોપશમભાવ થવાથી જુદા જુદા પ્રકારે વિચિત્ર અનુભવો થાય છે. અને તેઓના મતમાં પણ વિચિત્રતા આવે એમ અપેક્ષાથી સત્ય જાણવું તેમાં સર્વ પ્રાણિઓને જ્ઞાનાદિકના ક્ષયોપશમભાવે સામાન્ય મતિજ્ઞાન કે શ્રુતજ્ઞાનના અનુભવમાં તાર-તમ્યતા જોવાય છે. ૩૦૩.

आत्मानुभवयोगेऽपि, ब्रह्मानुयायिदेहिनाम् ।
स्वानुभवः समानो न, समानश्चाऽऽत्मनिश्चये ॥३०४॥

બ્રહ્મ-સ્વરૂપની તરફ ગમન કરનારા ભવ્યાત્માઓને જો કે આત્મ-સ્વરૂપનો અનુભવ થાય છે, તો પણ સર્વને એક સમાન પ્રકારનો નથી જ હોતો. જેવા પ્રકારનો કર્મરૂપ આવરણનો ક્ષયોપશમ હોય તેવા પ્રકારે આત્મ-સ્વરૂપનો બોધ પ્રત્યેક આત્માઓને જુદા જુદા પ્રકારે થાય છે. તેથી પ્રત્યેક આત્માઓને સ્વાનુભવ સમાન ન હોવા છતાં પણ આત્મ-સ્વરૂપનો સામાન્યસ્વરૂપે નિશ્ચય તો સમાન જ હોય છે. ૩૦૪.

आत्मानुभवलाभेन, जीवन्मुक्तो जनो भवेत् ।
शब्दसमभिरूढस्य, दृष्टितो गीयते मया ॥३०५॥

• જે આત્માઓને યથાર્થ આત્મ-સ્વરૂપનો લાભ પ્રાપ્ત થાય છે તે શબ્દનય અને સમભિરૂઢ નયની અપેક્ષાએ જીવન્-મુક્ત થાય છે. એમ અમારા અનુભવવામા આવે છે. ૩૦૫.

स्वानुभवः प्रकर्तव्यः, कोटिकोटिप्रयत्नतः ।
स्वानुभवप्रभोः प्राप्त्या, स्थिरप्रज्ञा प्रजायते ॥३०६॥

હે ભવ્યાત્મન્ ! આત્માના શુદ્ધ સ્વરૂપને લાખો કરોડો પ્રયત્ન કરીને પ્રાપ્ત કરવું જોઇએ. સ્વાનુભવરૂપ પ્રભુને પ્રાપ્ત કરવાથી આત્મા અવશ્ય સ્થિર-પ્રજ્ઞ બને છે. ૩૦૬.

स्थिरप्रज्ञावतां शान्ति,-र्निर्भयत्वं प्रकाशते ।
रागद्वेषं विना तेषां, बन्धनं नास्ति विश्वतः ॥३०७॥

સ્થિરતાવાળા યોગીપુરુષો પૂર્ણ શાંતિ અને નિર્ભયતાને અનુભવે છે. અને તેઓ રાગદ્વેષથી રહિત હોવાથી સંસારમાં તેમને કોઇ જાતનું બંધન નથી હોતું. સર્વત્ર નિર્ભયપણે વિચરી શકે છે. ૩૦૭.

अप्रमत्तसतां ज्ञान-ध्यान-समाधियोगतः ।
स्वानुभवः स्थिरप्रज्ञ-ब्रह्मानन्दश्च जायते ॥३०८॥

અપ્રમાદિ એવા સતપુરુષોને સમ્યગ્જ્ઞાન-ધ્યાન અને સમાધિના યોગથી સ્થિરપ્રજ્ઞપણું પ્રાપ્ત થાય છે. અને તે સ્થિરપ્રજ્ઞના બળે પરમાનંદમય આત્મ-સ્વરૂપનો અનુભવ કરે છે. ૩૦૮.

सम्यग्दृष्टिमनुष्याणां, स्वानुभवः प्रकाशते ।
तदुत्तरे गुणस्थाने, विशेषतारतम्यता ॥३०९॥

સમ્યગ્દૃષ્ટિ મનુષ્યોને સ્વાત્માનુભવ પ્રત્યક્ષ થાય છે, અને તેમાં તેના ગુણસ્થાનો પ્રમાણે તે અનુભવમાં વિશેષતા આવે છે. કેવલી પરમાત્માને સયોગી ગુણસ્થાને પૂર્ણ આત્મ-સ્વરૂપનો અનુભવ હોય છે અને તેઓ ભવ્યાત્માઓને ઉપદેશ કરી મોક્ષમાં ગમન કરાવે છે. ૩૦૯

चतस्रो भावना भाव्याः, सर्वकर्मविनाशिकाः ।
द्वादश भावना भाव्या, मोहादिविषनाशिकाः ॥३१०॥

મૈત્રી, પ્રમોદ, કારુણ્ય અને માધ્યસ્થ એ ચાર પ્રકારની ભાવનાઓ ભાવવી જોઇએ. એ ભાવનાઓ આત્મા ઉપર લાગેલાં સર્વ કર્મોને નાશ કરનારી છે મોહનીયાદિ કર્મોના મહા વિષને નાશ કરનારી અનિત્ય આદિ બાર ભાવનાઓ ભાવવી જોઇએ. ૩૧૦.

धर्मध्यानं हृदि ध्येयं, धर्मध्यानस्य भावना ।
यत्र तत्र सदा भाव्या, दिने रात्रौ यदा तदा ॥३११॥

ઉપર્યુક્ત ભાવના ભાવવા સાથે ધર્મધ્યાનને પણ તારા હૃદયમાં રાખજે. આજ્ઞારૂપ, અપાયવિચારરૂપ, વિપાકવિચાર તથા લોકસ્વરૂપ એ ચાર પ્રકારના ધર્મ-ધ્યાનથી આત્માના સ્વરૂપનો તથા જડના સ્વરૂપનો નિશ્ચય થાય છે. તેથી રાત્રે કે દિવસે જ્યારે સમય મળે ત્યારે ગમે તે સ્થળે ઉપરની ચાર ભાવના હમેશાં ભાવવી જોઇએ. ૩૧૧

सर्वथा सर्वदा ब्रह्मदृष्ट्या विश्वं निभालय।
सर्वत्र ब्रह्मदृष्टिं त्वं, धारयस्व स्वमुक्तये ॥३१२॥

હે ભવ્યાત્મન્ ! તું એકત્વભાવે–અભેદભાવે બ્રહ્મસ્વરૂપમય જગતના સર્વ પ્રાણીઓને સમ્યગ્દષ્ટિથી સર્વદા જોજે. જેથી સર્વત્ર તારી બ્રહ્મદષ્ટિ–અભેદદષ્ટિ થવાથી શત્રુ-મિત્ર ભાવનો વિનાશ થવાથી તારાં કર્મો દૂર થશે અને તું મુક્તિને પ્રાપ્ત કરીશ. ૩૧૨

एकमेव निजाऽऽत्मानं, चिन्तय स्वोपयोगतः।
अन्यं सर्वं च विस्मृत्य, मग्नो भव निजाऽऽत्मनि ॥३१३॥

હે ભવ્યાત્મન્ ! સંસારના સર્વ જીવોને મિત્રસમ ગણીને તારા આત્મ-સ્વરૂપનું નિજાત્મામાં ઉપયોગપૂર્વક ચિંતવન કરજે બાકી બધુ ભૂલી જઈને પોતાના આત્મ-સ્વરૂપમાં જ લીન બનજે. ૩૧૩.

बाह्यसुखपदार्थेषु, सुखं दुःखं च नास्ति भोः।
दुःखदातृत्वशक्तित्वं, जडेषु नास्ति जानत ॥३१४॥

હે ભવ્યાત્મા ! બહારથી લાગતા સુખદાયક પદાર્થોમાં વાસ્તવમાં સુખ-દુઃખ નથી. ભોક્તાના અધ્યવસાય પ્રમાણે તે વસ્તુ તેવી રીતે ભોગવાય છે. એક માણસને એક વસ્તુ સુખરૂપ લાગે છે બીજાને તે વસ્તુ દુઃખરૂપે ભાસે છે તેથી જડ પદાર્થોમાં સુખ આપવાની કે દુઃખ આપવાની શક્તિ નથી–એ નિશ્ચયથી જાણજે. ૩૧૪.

दुःखं आत्मस्वभावो न, सुखमाऽऽत्मस्वभावतः ।
दुःखं वैभाविकं चास्ति, सुखं स्वाभाविकं निजे ॥३१५॥

શરીરમાં દુઃખ કે સુખ ઉપજે છે તે આત્માનો સ્વભાવ નથી. આધ્યાત્મિક સુખ એ જ આત્માનો સ્વભાવ છે. દુઃખ એ વિભાવ દશાનું કારણ છે. જ્યારે સુખ એ સ્વાભાવિક છે. ૩૧૫.

दुःखं भवति मोहेन, सुखं निर्मोहभावतः ।
आत्मोपयोगतः कर्म, जित्वा सुखी भव स्वयम् ॥३१६॥

મોહથી પ્રાણી દુઃખી થાય છે. અને નિર્મોહ દશાથી સુખ પ્રાપ્ત થાય છે. તેથી હે ભવ્યાત્મન્! તું તારા આત્મસ્વરૂપના ધ્યાનથી કર્મોને જીતીને સ્વયં સુખી થા. ૩૧૬.

प्रमादं मा कुरु स्वाऽऽत्मन्!! जागृहि त्वं प्रतिक्षणम् ।
शुद्धोपयोगवीर्येण, कर्मनाशोऽस्ति निश्चयः ॥३१७॥

હે ભવ્યાત્મન્! તું જરા પણ ગફલતમાં ન રહીશ, પ્રતિક્ષણ જાગતો રહેજે અને તારા શુદ્ધ આત્માના ઉપયોગ-રૂપ વીર્યને ફોરવીને તારા કર્મોનો નાશ કરજે. ૩૧૭.

सर्वाचारविचारेषु, साक्षी समो यदा भवेत् ।
कृत्स्नकर्मक्षयो मोक्षः प्रत्यक्षमनुभूयते ॥३१८॥

સર્વ પ્રકારના પરંપરાગત આચાર-વિચારોમાં આત્મા જ્યારે સાક્ષીરૂપે વર્તે છે ત્યારે સર્વ કર્મોનો ક્ષય કરીને આત્મા મોક્ષ-સુખનો પ્રત્યક્ષ અનુભવ કરે છે. ૩૧૮.

मोक्षानन्दस्तु चात्रैव, प्रत्यक्षमनुभूयते ।
मया ध्यानोपयोगेन, क्षयोपशमभावतः ॥३१९॥

પરમ ધ્યાન કરનારા અધ્યાત્મ યોગીઓને અહીં જ મોક્ષના આનંદનો અનુભવ થાય છે જેમ આનંદઘન, ચિદાનંદ, મણિચંદ, દેવચંદ્ર વગેરે મહાત્માઓ આત્મ-સ્વરૂપમાં મગ્ન થઈ ક્ષયોપશમભાવે મોક્ષસુખનો અનુભવ કરતા હતા; તેમ મને પણ શુદ્ધ નિર્વિકલ્પક ધ્યાનના બળે ક્ષયોપશમભાવથી મોક્ષાનંદનો પ્રત્યક્ષ અનુભવ થયો છે. ૩૧૯.

शुभाशुभपदार्थेषु, शुभाशुभं न भासते ।
तदाऽऽत्मनो भवेन्मुक्ति-स्तत्र किञ्चिन्न संशयः ॥३२०॥

જ્યારે આત્માને સારા કે નરસા પદાર્થોમાં સારૂં કે નરસું ભાસતું નથી ત્યારે આત્માની મુક્તિ થાય છે એમાં જરાય શંકા નથી. ૩૨૦.

बध्नन्ति न निजाऽऽत्मानं, विषया मोहमन्तरा ।
आत्मशुद्धोपयोगेन, मोहो नश्यति दुःखदः ॥३२१॥

પદાર્થોમાં જે મોહ રહેલો છે તે મોહ આત્માને કર્મોથી જકડે છે. આત્માના શુદ્ધોપયોગથી તે દુઃખદાયી મોહ નાશ પામે છે. ૩૨૧.

व्यक्तशुद्धोपयोगेन, वर्तितव्यं क्षणे क्षणे ।
व्यक्तशुद्धोपयोगेन, वर्तस्व चेतन ! स्वयम् ॥३२२॥

હે ભવ્યાત્મન્! વ્યક્ત એવા શુદ્ધ સ્વરૂપથી આત્માના ઉપયોગમાં ક્ષણે ક્ષણે અપ્રમાદી થઈને પ્રવૃત્તિ કરજે. કેમ કે સ્વયં તું પોતે જ વ્યક્તભાવે-પ્રત્યક્ષપણે શુદ્ધોપયોગી પરમ-બ્રહ્મ છે. ૩૨૨.

सर्वत्र सत्तया भाव्या, शुद्धाद्वैतस्य भावना ।
तया जागर्ति देहस्थः, शङ्करो निर्गुणो जिनः ॥३५१॥

હે ભવ્યાત્મન ! તું અદ્વૈત ભાવનાવડે સર્વ જીવાત્માઓને એક શંકર સમાન નિર્ગુણ સત્વ, રજ અને તામસ ગુણરહિત શુદ્ધ જિનેશ્વર સમાન ભાવનામાં ઉતારજે. જેથી શરીરમાં રહેલો આત્મા, મોહ, નિદ્રા, ત્યાગ કરીને આત્મસ્વરૂપ પરમ ભાવનાને ભજનારો થાય. ૩૫૧

सर्वत्र भावना भाव्या, ह्येकाऽऽत्मनश्च सत्तया ।
अभेदब्रह्म जागर्ति, रागद्वेषौ विना हृदि ॥३५२॥

સર્વત્ર સર્વ જીવાત્માઓ પ્રત્યે સંગ્રહનયની સત્તાએ એક સ્વરૂપે અભેદભાવે રાગ-દ્વેષના અભાવ વિના એક આત્મત્વની ભાવના, સમત્વભાવે ભાવવાથી પરમ બ્રહ્મ-સ્વરૂપની હૃદયમાં જાગૃતિ થાય છે ૩૫૨.

द्वैतं हि रागरोषस्थं, निर्जितं येन योगिना ।
शुद्धाद्वैतः स विज्ञेयो, जिनो रामो हरिर्हरः ॥३५३॥

આ મારું, આ તારું એવી રાગ-દ્વેષની ભાવનાથી યુક્ત જે દ્વૈતપણું તે જે યોગીએ નાશ કર્યું છે તે યોગી સમભાવમાં સ્થિર હોવાથી તે શુદ્ધ અદ્વૈતવાદી સમજવા અને તેઓ રાગદ્વેષને જિતનારા હોવાથી જિન, આત્મસ્વરૂપમાં રમણ કરનારા હોવાથી રામ, સર્વ પ્રાણિઓના પાપને હરણ કરનાર હોવાથી હરિ તથા જન્મ-મરણને હરનારા હોવાથી હરના નામથી ઓળખાય છે ૩૫૩

एकेश्वरो हृदि व्यक्तो, निजाऽऽत्मा दृश्यते प्रभुः ।
देहसृष्टेः प्रकर्ताऽपि, चाकर्ता ब्रह्मभावतः ॥३५४॥

હે ભવ્યાત્મન્ ! આપણા શરીરમાં રહેલો મનોગાજ્યનો અધિષ્ઠાતા વ્યક્તપણે એક જ ઇશ્વર પ્રભુ છે, અને ધ્યાનબળે તેને જોઇ શકાય છે. તે શરીર સૃષ્ટિને ઉત્પન્ન કરનારા હોવા છતાં અને શરીરનો ભોગ કરનાર હોવા છતાં, નિશ્ચયનયથી તે જ્ઞાન-દર્શન-ચારિત્રના જ ગુણવાળો હોવાથી અકર્તા પણ છે. ૩૫૪.

दर्शन-ज्ञान-चारित्र,-विशिष्टोऽनादिकालतः ।
आत्मैव कर्मनाशात्स, भवेन्नारायणः प्रभुः ॥३५५॥

આત્મા અનાદિકાળથી જ્ઞાન-દર્શન અને ચારિત્રગુણથી યુક્ત રહેલો છે, અને આત્મા ઉપર અનાદિકાળથી જે કર્મો લાગેલાં છે તે કર્મોના નાશથી તે સ્વયં નારાયણ બને છે અને તેજ સિદ્ધ પરમાત્મારૂપ પ્રભુ છે ૩૫૫

तात्विकज्ञानरूपा न, शुद्धाद्वैतादिभावना ।
सा च चित्तविशुद्ध्यर्थं भावनात्वौपचारिकी ॥३५६॥

આત્મ સ્વરૂપનો વિચાર કરતાં નયના અવલમ્બનથી આત્માને અદ્વૈતભાવે ચિંતવવો, દ્વૈતભાવે ચિંતવવો. સૃષ્ટિકર્તા, ભોક્તા, કર્તા, અકર્તારૂપે ચિંતવવો. અનેકાન્તભાવે વિચારતા સર્વ દર્શનોમાં તેનું વ્યાપકત્વપણું સમજાયું છે. તે આત્મસ્વરૂપની શુદ્ધતા કરવા માટે ભાવનારૂપે કહેવાયું છે, તેમા એકાન્તનાએ પ્રમાદિકતા ન સમજવી. કેમકે આત્મસ્વરૂપની શુદ્ધતા કરવા માટે ઔપચારિક અપેક્ષાએ ધ્યાવવાની આવશ્યક છે ૩૫૬

सर्वत्र सत्तया भाव्या, शुद्धाद्वैतस्य भावना ।
तया जागर्ति देहस्थः, शङ्करो निर्गुणो जिनः ॥३५१॥

હે ભવ્યાત્મન્ ! તું અદ્વૈત ભાવનાવડે સર્વ જીવાત્માઓને એક શંકર સમાન નિર્ગુણ સત્વ, રજ અને તામસ ગુણરહિત શુદ્ધ જિનેશ્વર સમાન ભાવનામાં ઉતારજે. જેથી શરીરમાં રહેલો આત્મા, મોહ, નિદ્રા, ત્યાગ કરીને આત્મસ્વરૂપ પરમ ભાવનાને ભજનારો થાય. ૩૫૧

सर्वत्र भावना भाव्या, लोकाऽऽत्मनश्च सत्तया ।
अभेदब्रह्म जागर्ति, रागद्वेषौ विना हृदि ॥३५२॥

સર્વત્ર સર્વ જીવાત્માઓ પ્રત્યે સંગ્રહનયની સત્તાએ એક સ્વરૂપે અભેદભાવે રાગ-દ્વેષના અભાવ વિના એક આત્મત્વની ભાવના, સમત્વભાવે ભાવવાથી પરમ બ્રહ્મ-સ્વરૂપની હૃદયમાં જાગૃતિ થાય છે ૩૫૨.

द्वैतं हि रागरोषस्थं, निर्जितं येन योगिना ।
शुद्धाद्वैतः स विज्ञेयो, जिनो रामो हरिर्हरः ॥३५३॥

આ મારું, આ તારુ એવી રાગ-દ્વેષની ભાવનાથી યુક્ત જે દ્વૈતપણું તે જે યોગીએ નાશ કર્યું છે તે યોગી સમભાવમાં સ્થિર હોવાથી તે શુદ્ધ અદ્વૈતવાદી સમજવા અને તેઓ રાગદ્વેષને જિતનારા હોવાથી જિન, આત્મસ્વરૂપમાં રમણ કરનારા હોવાથી રામ, સર્વ પ્રાણિઓના પાપને હરણ કરનારા હોવાથી હરિ તથા જન્મ-મરણને હરનારા હોવાથી હરના નામથી ઓળખાય છે. ૩૫૩.

एकेश्वरो हृदि व्यक्तो, निजाऽऽत्मा दृश्यते प्रभुः ।
देहसृष्टेः प्रकर्ताऽपि, चाकर्ता ब्रह्मभावतः ॥३५४॥

હે ભવ્યાત્મન્! આપણા શરીરમાં રહેલો મનોગજયનો અધિષ્ઠાતા વ્યક્તપણે એક જ ઇશ્વર પ્રભુ છે, અને ધ્યાનબળે તેને જોઇ શકાય છે. તે શરીર સૃષ્ટિને ઉત્પન્ન કરનારા હોવા છતાં અને શરીરનો ભોગ કરનાર હોવા છતાં, નિશ્ચયનયથી તે જ્ઞાન-દર્શન-ચારિત્રના જ ગુણવાળો હોવાથી અકર્તા પણ છે. ૩૫૪.

दर्शन-ज्ञान-चारित्र,-विशिष्टोऽनादिकालतः ।
आत्मैव कर्मनाशात्स, भवेन्नारायणः प्रभुः ॥३५५॥

આત્મા અનાદિકાળથી જ્ઞાન-દર્શન અને ચારિત્રગુણથી યુક્ત રહેલો છે, અને આત્મા ઉપર અનાદિકાળથી જે કર્મો લાગેલાં છે તે કર્મોના નાશથી તે સ્વયં નારાયણ બને છે અને તેજ સિદ્ધ પરમાત્મારૂપ પ્રભુ છે ૩૫૫

तात्त्विकज्ञानरूपा न, शुद्धाद्वैतादिभावना ।
सा च चित्तविशुद्ध्यर्थं, भावनात्वौपचारिकी ॥३५६॥

આત્મ સ્વરૂપનો વિચાર કરતાં નયના અવલંબનથી આત્માને અદ્વૈતભાવે ચિંતવવો, દ્વૈતભાવે ચિંતવવો, સૃષ્ટિકર્તા, ભોક્તા, કર્તા, અકર્તારૂપે ચિંતવવો. અનેકાન્તભાવે વિચારતાં સર્વ દર્શનોમાં તેનું વ્યાપકત્વપણું સમજાયું છે. તે આત્મસ્વરૂપની શુદ્ધતા કરવા માટે ભાવનારૂપે કહેવાયું છે, તેના એકાન્તતાએ પ્રમાણિકતા ન સમજવી. કેમકે આત્મસ્વરૂપની શુદ્ધતા કરવા માટે ઔપચારિક અપેક્ષાએ કહેવામાં આવ્યું છે.

आत्मैव सर्वसारोऽस्ति, मिथ्यास्ति जडजीवनम् ।
देहजीवनतो भिन्न-माऽऽत्मनो जीवनं तव ॥३७०॥

આત્મા એ જ સારભૂત છે. જડ પદાર્થોમાં આસક્ત બની જીવન વીતાવવું એ મિથ્યા છે તારૂં આત્મિકજીવન શરીર-જીવનથી ભિન્ન છે. ૩૭૦

ब्रह्मणो जीवनं स्मृत्वा, विस्मृत्य मोहजीवनम् ।
देहजीवनतो जीव ! ! ब्रह्मजीवनलाभतः ॥३७१॥

હે આત્મન્! તું પરમ બ્રહ્મસ્વરૂપનુ સ્મરણુ કરીને અને મોહમય જીવનને ભૂલી જઈને બ્રહ્મજીવનના લાભ યુક્ત શરીર અને પ્રાણુથી જીવજે. ૩૭૧.

म्रियस्व मोहभावात्त्वं, जीवऽऽत्मजीवनेन हि ।
त्वमेवाऽस्ति स्वयं ब्रह्म, किमन्यत्र प्रधावसि ॥३७२॥

હે ભવ્યાત્મન્! તું મોહભાવરૂપ પર્યાયોથી મરણુ પ્રાપ્ત કર, અને આત્મજીવન વડે જીવ તું જ સ્વયં બ્રહ્મરૂપ છો, અન્યત્ર શા માટે ફાંફાં મારે છે? ૩૭૨.

आत्मदृष्ट्या भवेदाऽऽत्मा, परमात्मा स्वयं प्रभुः ।
भीतं कर्तुं समर्थो न, त्वामन्यो निर्भयोऽसि हि ॥३७३॥

જ્યારે આત્મામાં સ્વ-સ્વરૂપની જ્ઞાનમય આત્મદષ્ટિ જાગૃત થાય છે ત્યારે આત્મા સ્વયં પરમાત્મા બને છે. તને કોઈ પણુ ભય ઉત્પન્ન કરવાને સમર્થ નથી. તું સ્વય અનન્ત વીર્ય-પરાક્રમવાળો હોવાથી નિર્ભય છો ૩૭૩.

आत्मधर्मं विना नान्या, मिथ्येच्छा तेऽस्ति चेद्धृदि ।
समभावोऽस्ति चेत्तर्हि, नेच्छाया हि प्रयोजनम् ॥३७४॥

• હે ભવ્યાત્મન્ ! જો તારા હૃદયમાં આત્મા એ જ પરમાત્મા છે, તે સિવાય બાકી બધું મિથ્યા છે તો તને બાહ્ય કોઇપણ પદાર્થો ઉપર રાગ-દ્વેષ ન થાય અને સમભાવની પ્રાપ્તિ થાય અને સમભાવ આવ્યા પછી કોઇપણ ઇચ્છાનુ પ્રયોજન નથી રહેતું. ૩૭૪.

त्यागश्च ग्रहणं सर्व,-मिच्छया न भवेत्तदा ।
त्यागग्रहणकर्ताऽपि, स्वयमाऽऽत्मा भवेज्जिनः ॥३७५॥

જ્યારે આત્મામાં કોઇ પણ સુખની ઇચ્છા નથી રહેતી અને ઉદય ભાવે સર્વ પ્રવૃત્તિ મનોસંકલ્પ-વિકલ્પ વિના થાય છે ત્યારે ઇચ્છા વિના ઔદયિકભાવે ત્યાગ-ગ્રહણ કરનારો આત્મા સ્વયં કેવલી પરમાત્મા થાય છે ૩૭૫.

त्यागश्च ग्रहणं सर्वं, प्रारब्धस्य प्रयोगतः ।
भवेत्तदा स्वयं ब्रह्म,-रूपेण भगवान् खलु ॥३७६॥

જ્યારે પૂર્ણ અધ્યાત્મયોગિને ગ્રહણ કે ત્યાગની ક્રિયા ઔદયિક ભાવ માત્રથી પ્રારબ્ધના પ્રયોગથી જ થાય છે, ત્યારે આત્મા પૂર્ણ શુદ્ધ અવિકારી બની ઘાતિકર્મનો નાશ કરવાથી વીતરાગ થયેલો એવો સ્વયં પોતે પરમાત્મસ્વરૂપને ધરનારો, સાક્ષાતપણે ભગવાન્ થાય છે ૩૭૬

प्रारब्धकर्मतो देह,-इन्द्रियस्य प्रवर्तना ।
भवेत्तथापि निर्लेप, आत्मा [illegible]

જ્યારે પૂર્ણ યોગીશ્વર પ્રારબ્ધ-ઉદયમાં વર્તતા કર્મના યોગથી દેહ-ઇન્દ્રિય-મન-પ્રાણ-જીવન તેની પ્રવૃત્તિના માત્ર સાધન રૂપે રહે છે અને તે પણ સંકલ્પ-વિકલ્પ વિચારથી રહિત વ્યાપાર વિનાનું જ પ્રાયઃ હોય છે, ત્યારે આત્માને કોઈ પણ પ્રકારનો શુભાશુભ બંધ નથી થતો. આત્મા સાક્ષીરૂપે ઉપયોગમાં જ રહે છે. ૩૭૭.

यत्र तर्का न गच्छन्ति, यत्र नैव मनोगतिः ।
रागद्वेषक्षयो यत्र, तत्राऽऽत्मा जायते प्रभुः ॥३७८॥

જ્યાં તર્કવાદિઓના તર્કો પહોંચી શકતા નથી, અને જ્યાં મન પણ પહોચી શકતું નથી અને જ્યાં રાગ-દ્વેષનો નાશ થઈ જાય છે-તેવી સ્થિતિ થતાં આત્મા પરમાત્મા બની જાય છે. ૩૭૮.

शुद्धप्रेमप्रवाहेण, द्वेषादिदोषसंक्षयः ।
द्वेषादिदोषनाशाद्धि, स्वाऽऽत्मा भवति केवली ॥३७९॥

શુદ્ધ પ્રેમમય આત્મ-સ્વરૂપના પ્રવાહ વડે રાગ-દ્વેષાદિ દોષોનો નાશ થાય છે અને રાગ-દ્વેષાદિ દોષોના નાશ થવાથી જ આત્મા કેવલજ્ઞાનને ધારણ કરનારો પરમાત્મા બને છે. ૩૭૯.

पश्य निजाऽऽत्मसौन्दर्यं, देवानामपि दुर्लभम् ।
आत्मसौन्दर्यलाभेन, सन्तोषो जायते हृदि ॥३८०॥

હે ભવ્યાત્મન્! તું બધું છોડી દઈને દેવતાઓને પણ દુર્લભ એવા તારા આત્મ-સ્વરૂપના સુંદરપણાને જો. એવા આત્મ-સૌન્દર્યના દર્શનથી તારા હૃદયમાં પરમ-સંતોષ ઉત્પન્ન થશે. ૩૮૦.

नार्यादिदेहरूपादि,-सौन्दर्यं तत्तु कल्पितम् ।
क्षणिकं च हृदि ज्ञात्वा, तत्र ज्ञानी न मुह्यति ॥३८१॥

સ્ત્રી-પુરુષો વગેરેના શરીરમાં દેખાતા રૂપ વગેરેની જે સુન્દરતા છે તે સુન્દરતા તો શૃંગારી ભાષામાં મોહનીય કર્મના ઉદયથી કલ્પાયેલી છે, અને ક્ષણિક છે-એમ હૃદયમા સમજી જ્ઞાની પુરુષો એમા મુઝાતા નથી. ૩૮૧

ब्राह्मसौन्दर्यमोहस्तु, ब्रह्मसौन्दर्यदर्शनात् ।
नश्यत्येव स्वयं भास,-त्तमोनाशो यथा तथा ॥३८२॥

આત્માને જ્યારે બ્રહ્મ-પરમાત્માના સ્વરૂપની સુંદરતાના દર્શન થાય છે ત્યારે શરીરમાં રહેલી બાહ્ય સુંદરતાનો મોહ તત્કાળ નાશ પામે છે. જેમ સૂર્યના કિરણોથી અંધકાર ભાગી જાય છે તેમ. ૩૮૨.

आत्मसौन्दर्यलाभेन, रूपादिमोहवृत्तयः ।
नश्यन्ति ब्रह्मसौन्दर्यं, भासते विश्वदेहिनाम् ॥३८३॥

આત્મ-સ્વરૂપની સહજ સુંદરતાનો લાભ જ્યારે મનુષ્યને પ્રાપ્ત થાય છે ત્યારે પૌગલિક રૂપ-રસ-ગન્ધ-સ્પર્શ-શબ્દ આદિમા જે મોહવૃત્તિ હોય છે તે નાશ પામે છે અને સંસારના સમસ્ત પ્રાણિઓમા તેની બ્રહ્મ-સુન્દરતાને [illegible] ભાસે છે ૩૮૩.

सर्वत्र ब्रह्मसौन्दर्यं, दृश्यते हि यदा तदा ।
[illegible] नाशो भवति तत्क्षणात् ॥३८४॥

[illegible] ૩૮૪.

સુંદરતાના દર્શન થાય છે, ત્યારે જડ પદાર્થોમાં-સ્ત્રીઓના શરીર વગેરેમાં રહેલો જે સુન્દરતાનો મોહ તે તત્ક્ષણ નાશ પામે છે. ૩૮૪.

आत्मानमन्तरान्यत्र, सौन्दर्यं नैव विद्यते ।
अतः शुद्धाऽऽत्मसौन्दर्यं, पश्याऽऽत्मना हि चेतन ! ॥३८५॥

હે ભવ્ય પુરુષ ! આત્માને છોડીને અન્યત્ર ક્યાંય પણ સુન્દરતા નથી રહેલી એમ જ્ઞાનીઓ કહે છે તેથી તું તારા આત્માવડે શુદ્ધ આત્મિક સુંદરતાનું નિરીક્ષણ કર. ૩૮૫.

यावन्न ब्रह्मसौन्दर्यं, दृश्यते हि निजाऽऽत्मना ।
तावज्जडस्य सौन्दर्यं, मोहो भवति देहिनाम् ॥३८६॥

જ્યાંસુધી પોતાના આત્માવડે બ્રહ્મ-સૌન્દર્ય નથી જોવાયું, ત્યાંસુધી જ પ્રાણીઓને જડ પદાર્થો ઉપર મોહ ટકે છે. ૩૮૬.

आत्मसौन्दर्यरूपेण, दर्शनं सर्वदेहिनाम् ।
जायते हि तदा ब्रह्म-सुखास्वादः प्रजायते ॥३८७॥

જ્યારે ભવ્યાત્માઓ પોતાના આત્મસ્વરૂપની સુંદરતાના દર્શન સર્વ જાતના પ્રાણિઓમા દેખશે ત્યારે પોતાનામા રહેલો આત્મ-સ્વરૂપનો આનંદ અનુભવશે અને ત્યારે પરમ બ્રહ્મના સુખનો સુંદર આસ્વાદ તેને પોતાને પ્રગટભાવે થશે. ૩૮૭.

विश्वजीवैः समं सत्या, निष्काममित्रभावना ।
येषां जाता सदा तेषा,-माऽऽत्मजीवनता भवेत् ॥३८८॥

જ્યારે સર્વ જગતના જીવોની સાથે સમભાવપૂર્વક સત્ય, અને નિષ્કામ-કોઈપણ ઈચ્છા વિનાની મૈત્રીભાવના પ્રગટ થશે

ત્યારે તે સર્વ ભવ્યાત્માઓને આત્મ-જીવનની-પરમશ્રેષ્ઠ બ્રહ્મ-સ્વરૂપની સ્મૃતિમય જીવન-ભાવના ઉત્પન્ન થશે ૧૮૮.

आत्मैक्यं जगता सार्धं, ज्ञातं येन निजाऽऽत्मना ।
विश्वजनस्य नाशो न, विश्वनाशोऽपि नो ततः ॥१८९॥

જ્યારે ભવ્યાત્માઓને સર્વ જગતના જીવો પ્રત્યે એક આત્મ-સ્વરૂપની ભાવના જાગ્રત થશે ત્યારે તે ભવ્યાત્માઓ પોતાના આત્મા સમાન સર્વ જીવોને ગણશે, વિશ્વના જીવોથી ન તો તેનો નાશ થાય છે, અને તેનાથી વિશ્વના જીવોનો નાશ પણ થતો નથી મતલબ કે અભેદ-બધું એકરૂપ થાય છે ૧૮૯.

आत्मनो नवधा भक्तिः, विना किञ्चिन्न रोचते ।
यस्य तस्य हि भक्तस्य, हृदि व्यक्तः प्रभुर्भवेत् ॥१९०॥

જે ભક્તના આત્મામાં નવ પ્રકારની ભક્તિ દેવગુરુ-ધર્મ પ્રત્યે પ્રકટ થાય છે, અને તે સિવાય બીજું કંઈ તેને રુચતું નથી, તે ભક્તના હૃદયમાં પરમાત્મા પ્રગટ થાય છે. ૧૯૦

ब्रह्मणो भावनादृष्टिः, सर्वत्र व्यापिता यदा ।
तदाऽऽत्मनः समष्टित्वं, जायते ज्ञानशक्तितः ॥१९१॥

જ્યારે ભવ્યાત્માઓની ભાવનામય દૃષ્ટિ સર્વત્ર [illegible] બ્રહ્મ સ્વરૂપ [illegible] થાય છે, ત્યારે [illegible] સર્વ આત્માઓ પ્રત્યે સમાનતા [illegible] જ્ઞાનશક્તિથી પ્રગટ થશે ૧૯૧

[illegible] ।
[illegible] ॥१९२॥

સત્તાએ આપણો આત્મા સર્વ જગત્માં વ્યાપક છે અને કેવલજ્ઞાનની શક્તિથી વ્યક્તરૂપે વ્યાપક છે. તેથી અપેક્ષાએ આત્મા કેવલજ્ઞાનની શક્તિથી સર્વવ્યાપક છે. દેહવ્યાપકભાવે વ્યક્તિરૂપે પોતાનો નાનો આત્મા વ્યાપકભાવે ગ્રહણ કરાયેલો સમજવો. ૩૯૨.

अध्यात्मशान्तिवाञ्छा चेत्कुरु ब्रह्मप्रचिन्तनम् ।
देहाध्यासविनिर्मुक्त्या,-ब्रह्मशान्तिः प्रकाशते ॥३९३॥

હે ભવ્યાત્મન્! જો તું અધ્યાત્મ-શાન્તિની ઇચ્છા રાખતો હો તો નિરંતર પરમ બ્રહ્મસ્વરૂપનું ચિન્તન કર. અને સ્ત્રી-ધન-કુટુંબ-પરિવારરૂપ પુદ્ગલમય દેહની મમતા છોડી દે, જેથી પરમશાન્તિ પ્રગટ થશે. ૩૯૩.

सर्वजातीयसंकल्प,-विकल्पस्य निरोधतः ।
आत्मशान्तिर्भवेत्पूर्णा, नान्यथा कोटियत्नतः ॥३९४॥

બધા પ્રકારના સારા કે નરસા મનના સંકલ્પ અને વિકલ્પો રોકવાથી પૂર્ણ-અખંડ આત્મશાન્તિની પ્રાપ્તિ થાય છે. મનના સંકલ્પ-વિકલ્પોને રોકયા સિવાય ક્રોડ યત્ન કરવા છતાં પણ આત્મિક શાન્તિ પ્રાપ્ત થતી નથી. તેથી જ કહેવાય છે કે, ' મન સાધ્યું તેણે સઘળું સાધ્યું. ' ૩૯૪.

अहंवृत्त्या मृतो भक्तो, ब्रह्मरूपेण जीवति ।
जीवन्सन्नपि स ज्ञेयो, मृतो मोहेन जीवकः ॥३९५॥

જ્યારે મનમાંથી ' હું ' ' મારૂં ' એવી ભાવનાઓ નાશ પામે છે ત્યારે ભક્ત બ્રહ્મસ્વરૂપે જીવે છે, પણ જે ગળાડૂબ

મોહમાં પડેલો છે તે જીવ જીવવા છતાં પણ મરણ પામ્યા તુલ્ય સમજવો. ૩૯૫

आत्मानन्दरसी ज्ञानी, मोक्षार्थं देहधारकः ।
प्रवृत्तौ वा निवृत्तौ वा, समभावेन वर्तकः ॥३९६॥

જે અધ્યાત્મા આત્મ-સ્વરૂપના આનંદનો ભોગી છે ને મોક્ષપ્રાપ્તિને માટે જ દેહને ધરતો હોવાથી સૂક્ષ્મ કે બાદર કોઈપણ જીવોની પીડા ન થાય એવા ઉપયોગપૂર્વક ચારિત્રને ધરતો હોવાથી સંસારની સર્વ પ્રવૃત્તિમા કે નિવૃત્તિમાં સમભાવપણે રહે છે. ૩૯૬

जीवे जीवे मतिर्भिन्ना, रुचिर्भिन्ना स्वकर्मतः ।
मुहुर्मुहुः प्रजायन्ते, नवीनाः बुद्धिपर्यवाः ॥३९७॥

પ્રત્યેક જીવમાં ભિન્ન ભિન્ન પ્રકારની બુદ્ધિ હોય છે. અને રુચિ પણ ભિન્ન ભિન્ન હોય છે. તેથી પ્રત્યેક જીવના પોતપોતાના કર્મવશ નવીન પ્રકારના બુદ્ધિના પર્યાયો વારંવાર ઉત્પન્ન થાય છે. તેથી જન્મથી લઈને મરણ પર્યન્ત એક પ્રકારની બુદ્ધિ હોતી નથી. ૩૯૭.

विकारा न स्थिराः सन्ति, विश्वस्थसर्वदेहिनाम् ।
उत्पादश्च विनाशो हि, विकाराणां प्रवर्तते ॥३९८॥

[illegible] સર્વ પ્રાણિઓના વિકારો [illegible] સ્થિર નથી રહેતા, પરન્તુ બુદ્ધિ [illegible] વિકારો [illegible] ૩૯૮

यावन्मनो भवेत्ताव,-द्विचाराचारभेदता ।
विश्वस्थसर्वलोकानां,-दर्शनधर्मकर्मसु ॥३९९॥

સંસારમાં રહેલા સર્વ પ્રાણિઓના દર્શન-તત્ત્વજ્ઞાન, ધર્મ-આચરણ અને કર્મ-અનુષ્ઠાનોમાં જ્યાંસુધી મન રહેલું છે ત્યાંસુધી વિચાર અને આચરણની ભિન્નતા રહેવાની જ. ૩૯૯

विश्वस्थसर्वजीवानां,-वैचित्र्यं दृश्यते च यत् ।
तत्तु मनःप्रभेदेन, तथा कर्मप्रभावतः ॥४००॥

अतो विचारकार्याभ्यां, धर्मैक्यं विश्वदेहिनाम् ।
न भूतमद्यपर्यन्तं, भाविनि न भविष्यति ॥४०१॥

સંસારમાં રહેલા સર્વ જીવોની અનાદિકાળથી જે વિચિત્રતા દેખાય છે તે મનના સંકલ્પ-વિકલ્પ ભેદોથી અને કર્મના પ્રભાવથી છે. સંસારના જીવોની વિચાર અને કાર્યમાં એકપણું-એક ધર્મપણું આજ સુધી થયું નથી અને ભવિષ્યમાં થશે નહિ. ૪૦૦-૪૦૧.

मनोभेदेषु लोकेषु, ज्ञानी समत्वधारकः ।
आत्मज्ञानोपदेशश्च, ददाति विश्वदेहिनः ॥४०२॥

જગતમાં સર્વ લોકોમાં પૂર્વકર્મ અને વર્તમાનમાં જેઓને સંસર્ગ હોય, તેના કારણે સર્વમાં જુદા જુદા મનોની વિચાર ધારા ચાલતી હોય છે માટે સમ્યગ્જ્ઞાની સર્વ જીવો પ્રત્યે સમત્વ ભાવને ધારણ કરીને સર્વ વિશ્વના જીવો ઉપર ઉપકાર કરવાની ધારણાથી આત્મજ્ઞાનની શુદ્ધતા થાય, પવિત્ર આચાર, વિચારો થાય-તેવો ઉપદેશ કરવો જોઇએ ૪૦૨.

मनोविचारभेदैश्च, धर्माचारेषु भेदता ।
राज्यादिकप्रवृत्तीनां, सर्वत्र भेदता भुवि ॥४०३॥

મનમાં વિચારોની ભિન્નતાના કારણે ધર્મના આચાર-વિચારોમાં ભેદ પડે છે. તેમજ રાજ્યમાં પ્રજાસત્તાક રાજ્ય, સમાજવાદ, સામ્યવાદ, લોકવાદ, લશ્કરવાદ એમ પરસ્પર વિચારોના ભેદથી અનેક પ્રકારની ભિન્ન ભિન્ન પ્રવૃત્તિઓ આ સંસારમાં જોવાય છે. ૪૦૩.

अनादिकालतो भेदो-ऽभूच्च भाविनि वर्त्स्यति ।
युद्ध्यन्ति मोहिनस्तेन, शास्त्रास्त्रमंत्रतः सदा ॥४०४॥

અનાદિકાળથી આ સંસારમાં વિચારોની ભિન્નતા હતી અને ભવિષ્યકાળમાં પણ રહેશે. વિચારોની ભિન્નતાના કારણે મૂઢ માણસો શસ્ત્ર, અસ્ત્ર અને મંત્રથી લડે છે અને દુઃખી થાય છે. ૪૦૪.

मनःकर्मादिभेदस्तु, वर्तते सर्वदेहिनाम् ।
विचाराचारभेदेन, भेतव्यं न कदाचन ॥४०५॥

મન અને કર્મ વગેરેનો ભેદ સર્વ પ્રાણીઓમાં અનાદિ કાળથી રહેલો છે. સમસ્ત પ્રાણીઓએ વિચાર અને આચારના ભેદથી ક્યારેય પણ ડરવું ન જોઈએ. ૪૦૫

आत्मज्ञानस्य लाभेन, मनोलयो भवेद्यदा ।
तदा निजात्मना सार्धं, दिव्यैक्यं सर्वदा भवेत् ।४०६।

આત્મજ્ઞાનની પ્રાપ્તિ [illegible] જ્યારે મનનો [illegible] થાય છે, ત્યારે પોતાના આત્માની [illegible] દિવ્ય ઐક્ય સર્વદા [illegible] છે. ૪૦૬.

विचाराचारभेदेन, यत्सख्यं तन्मनःकृतम् ।
तत्सख्यं क्षणिकं ज्ञेयं, मनोभेदान्न शाश्वतम् ॥४०७॥

પ્રાણિઓના આચાર અને વિચાર ભિન્ન હોવાથી સ્વાર્થની સિદ્ધિ માટે જે પરસ્પર મિત્રતા કરેલી હોય છે તે મિત્રતા ક્ષણિક-થોડા વખત માટેની સમજવી એવી સ્વાર્થી મિત્રતામાં મન મળેલું ન હોવાથી તે લાંબો વખત ટકતી નથી. ૪૦૭.

विचाराचारतो भिन्नं, यत्सख्यमात्मनः कृतम् ।
शाश्वतं निर्विकल्पं च, अनन्तसुखदायकम् ॥४०८॥

વિચાર અને આચારની ભિન્નતા હોવા છતાં પણ જે મિત્રતા નિઃસ્વાર્થભાવે આત્મા સાથે કરેલી હોય છે તે મિત્રતા શાશ્વત-કાયમી, સંકલ્પ-વિકલ્પ વિનાની અને અનંત સુખને આપનારી છે. ૪૦૮

सर्वथा सर्वदा नृणां, विचाराचारतुल्यता ।
तया मैत्री न भूता हि, भाविनि न भविष्यति ॥४०९॥

સર્વ પ્રકારે અને સર્વ કાલમાં સર્વ મનુષ્યોના વિચારો અને આચારો સરખા નથી હોતા અને તેથી ભૂતકાલમાં મૈત્રી થઇ નથી અને ભવિષ્યકાળમાં થશે નહિ. ૪૦૯.

आत्मस्वरूपभावेन, सख्यं येषां प्रजायते ।
मनोऽतीतं च तन्नित्यं, पूर्णानन्दप्रकाशकम् ॥४१०॥

જ્યારે આત્મસ્વરૂપભાવથી સર્વ જીવાત્માઓની ઉપર જે મૈત્રીભાવ થાય છે, તે મૈત્રીભાવ મનથી ન જાણી શકાય, પરંતુ

કાયમ ને ટકવાવાળો અને પૂર્ણાનન્દને પ્રકાશ કરનારો-આપનારો છે ૪૧૦

सर्वविश्वजनैः सार्धं, मनोमैत्री न शाश्वती ।
शुद्धाऽऽत्मप्रेमतो मैत्री, सर्वैः सार्धं सुखप्रदा ॥४११॥

સર્વ જગતના મનુષ્યોની સાથે મનોભાવથી કરેલી મૈત્રી સ્વાર્થમય હોવાથી કાયમ ટકતી નથી, તેથી તે શાશ્વત ગણાતી નથી. જ્યારે શુદ્ધ આત્મપ્રેમથી જગતના પ્રાણીઓ સાથે જે મૈત્રી કરાય છે તે શાશ્વત સુખને આપનારી થાય છે. ૪૧૧.

शुद्धाऽऽत्मप्रेममेलेन, निष्कामा विश्वमित्रता ।
मनोभेदेन भेदो न, तत्राऽऽनन्दरसवेदनम् ॥४१२॥

શુદ્ધ આત્મપ્રેમથી જે પરસ્પર મેળાપ થાય છે તે નિષ્કામ હોય છે અને સંસારના સર્વ જીવો પ્રત્યે મિત્ર સરખો હોય છે. તેમાં મનના ભેદથી ભેદપણું નથી હોતું અને તેથી તે આનંદરસને આપનારો થાય છે ૪૧૨

मनःप्रभिन्नजीवानां, विचारेषु च वस्तु [illegible] ।
रागद्वेषौ न कुर्वन्ति, समत्वेन विचक्षणाः ॥४१३॥

પ્રાણીઓના મન પરસ્પર ભિન્ન હોવાથી [illegible]

[illegible] सार्धं [illegible] ।
[illegible]

[illegible]

સત્યને પારખે છે, વિવેકપૂર્વક સારાસારનો વિચાર કરીને સત્યને ગ્રહણ કરે છે અને અસત્ય (જૂઠી) વસ્તુનો ત્યાગ કરે છે. ૪૧૪.

अतस्ते ब्रह्मसंसक्ता, भवन्ति ब्रह्मरागतः ।
विस्मृत्य सर्वसंसारं, भवोदधिं तरन्ति ते ॥४१५॥

અને તેથી તેઓ પરમબ્રહ્મના રાગવાળા હોય છે અને પરમબ્રહ્મના રાગથી સમસ્ત સંસારનો ત્યાગ કરીને સંસાર સમુદ્રને તરી જાય છે. ૪૧૫.

इत्येवं हृदि विज्ञाय, मनोलयं कुरुष्व भोः ।
यावन्मनो भवेत्तावत्संसार एव कथ्यते ॥४१६॥

એ પ્રમાણે હૃદયમાં આત્મસ્વરૂપને ઓળખીને હે ભવ્યાત્મન્! મનને આત્મસ્વરૂપના ચિંતવનમાં સ્થિર કર. કારણ જ્યાં સુધી મન સંકલ્પ-વિકલ્પથી યુક્ત હોય છે, ત્યાં સુધી સંસાર કહેવાય છે. ૪૧૬.

वारय ज्ञानशक्त्या भो, यत्र तत्र भ्रमन्मनः ।
अन्तर्मुखं मनः कृत्वा, ब्रह्मरूपं विचिन्तय ॥४१७॥

હે ભવ્યાત્મન્! તું જ્ઞાન-દર્શન-ચારિત્રની શક્તિ આમ તેમ વિષયોમાં ભમતા મનને કાબૂમાં કરીને આત્મસ્વરૂપના દર્શનમાં સ્થિર કરીને-અન્તર્મુખ બનાવી પરમ બ્રહ્મસ્વરૂપનું એકાગ્રભાવે ચિન્તન કર. ૪૧૭.

आत्मशुद्धोपयोगेन, मनोजयो भवेत्खलु ।
जायते केवलज्ञानं लोकालोकप्रकाशकम् ॥४१८॥

આત્મસ્વરૂપના ચિંતનરૂપ શુદ્ધ ઉપયોગમાં જ્યારે મન લીન થાય છે ત્યારે જરૂર યોગીઓ મનને જીતે છે અને મનના જીતનારા યોગીપુરુષો અપ્રમત્ત ગુણશ્રેણીએ ચડીને ક્ષાયિક ભાવે અપૂર્વકરણરૂપ બીજા ચારિત્રભાવને સાધીને અનિવૃત્તિકરણ સૂક્ષ્મસંપરાય ગુણને પ્રાપ્ત કરીને, લોભ કષાયને એક પરમાણુ જેવો કરે છે અને તેને બારમા ગુણસ્થાને ક્ષય કરીને બાદ ઘાતી કર્મ એટલે જ્ઞાનાવરણાદિનો ક્ષય કરીને તેરમા ગુણસ્થાને કેવલજ્ઞાનને પ્રાપ્ત કરીને સર્વ લોકાલોકમાં વર્તતા પદાર્થોમાં દ્રવ્યત્વ-ગુણત્વરૂપ પર્યાયને દેખી-જાણીને સર્વ ભવ્યાત્માઓના હિતને માટે દેશના દ્વારા પ્રકાશ કરે છે ૪૧૮

ध्यानसमाधितः पश्चाद्, आत्मा भवति केवली ।
अघातिकर्मतः पश्चात्, सिद्धात्मा जायते प्रभुः ॥४१९॥

આત્મ-સ્વરૂપના ધ્યાનમાં સ્થિર થયેલો આત્મા કેવળજ્ઞાનને ધારણ કરનારો બને છે અને છેવટે વેદનીય-નામ-ગોત્ર-આયુરૂપ અઘાતિ કર્મનો નાશ કરીને આત્મા સિદ્ધ પરમાત્મારૂપ પ્રભુ બને છે ૪૧૯.

परस्परविरुद्धा ये, सर्वे धर्मा जगत्तले ।
वेदानामिव लोकानां, भवन्ति निजशुद्धये ॥४२०॥

આ પૃથ્વીતલ પર પરસ્પર વિરૂદ્ધ [illegible] ધર્મોની [illegible] ૪૨૦

[illegible] ।
[illegible] ॥४२१॥

જેવી રીતે આયુર્વેદના વિશારદો જ્વર, પાંડુ, ક્ષય વગેરે મહારોગો ઉપર જુદા જુદા પ્રકારના ઔષધોનો પ્રયોગ કરીને વિવિધ રીતે અનુપાનો કરાવીને રોગીના મહાન્ રોગનો નાશ કરે છે. તેમ સર્વ દર્શનના ધર્મના આચાર્યો વિચિત્ર તપ-જપ-ધ્યાન-પૂજા-સેવા-ભક્તિના અનુષ્ઠાનો ભક્ત પાસે કરાવીને તેના આત્માના ચિત્તની શુદ્ધિ કરાવે છે, એટલે જેવી રીતે રોગી વૈદ્યોની દવાથી નિરોગી થાય છે, તેમ સર્વ દર્શનકારે તેઓના ભક્તોની ચિત્તની શુદ્ધિ અર્થે તેવા તેવા પ્રકારના અનુષ્ઠાનો કરાવે છે. ૪૨૧.

वैद्या औषधयो रोगा, विविधाश्च यथा तथा।
धर्माश्च गुरवः सर्वे, ह्याचारा विविधा मताः ॥४२२॥

જેમ વૈદ્યો, ઔષધિઓ અને રોગો નાના પ્રકારના તેવી જ રીતે ધર્મો. ધર્મગુરુઓ અને ધર્મના અનુષ્ઠાનો વિવિધ પ્રકારના છે. ૪૨૨.

तारतम्यं च वैद्येषु रोगेषु ह्यौषधादिषु।
तथा वक्तृषु धर्मेषु, धर्मकर्मसु दृश्यते ॥४२३॥

જેમ વૈદ્યોમાં, રોગમાં અને ઔષધમાં તારતમ્યતા રહે છે, તેમ દરેક ધર્મોમાં, ધર્મોપદેશકોમા અને ધર્મના અનુષ્ઠાનોમાં પણ તારતમ્યતા રહેલી છે. ૪૨૩.

इत्येवं जैनधर्मस्य,-स्याद्वादज्ञानबोधतः।
ज्ञाता मया जगद्धर्मा, जैनधर्मस्य चाङ्गकाः ॥४२४॥

એ પ્રમાણે જૈનધર્મનો સ્યાદ્વાદ સિદ્ધાંત તે અગાધ જ્ઞાન સમુદ્ર છે. અને બીજા ધર્મો નદીઓ સરખા જૈનધર્મના અંગ

ભૂત મને લાગે છે સ્યાદ્વાદ સિદ્ધાંતના જ્ઞાનથી મને આ વસ્તુ જણાય છે કે સર્વે ધર્મો જૈનધર્મના અંગભૂત છે ૪૨૪

सर्वे धर्मा नदीरूपा जैनधर्ममहोदधिम् ।
यान्ति सापेक्षदृष्ट्या ते चानादिकालतः [illegible] ॥४२५॥

જૈનધર્મરૂપ મહાસમુદ્ર પ્રત્યે બધા ધર્મો નદી જેવા જ લાગે છે કારણ કે ધર્મો નયદૃષ્ટિઓ વસ્તુના એક એક અંશને પકડીને અનાદિકાલથી રહેલા છે અને જેમ નદીઓ સમુદ્રમા મળી સમુદ્રરૂપે બની જાય છે તેમ આ ધર્મો છેવટે જૈનધર્મરૂપ સમુદ્રમા લય પામી જૈનધર્મરૂપ બની જાય છે. વસ્તુના એક અંશને પકડીને વિચારતા હોવાથી આપણને ભિન્ન જણાય છે ૪૨૫

जैनधर्मो नयैः सर्वैर्युक्तो विराट् महः स्वयम् ।
तदङ्गाः सर्वधर्माः स्युः भाषितं पूर्वसूरिभिः ॥४२६॥

જૈનધર્મ સર્વ નય-નિક્ષેપોથી યુક્ત હોવાથી તે [illegible] વિરાટરૂપે મહાન જ સમજો પૂર્વાચાર્યોએ [illegible] તેના અંગરૂપે રહેલા છે ૪૨૬

जैनधर्मस्य [illegible] [illegible] ।
[illegible] जैनधर्मे हि सर्वधर्माः [illegible] ॥४२७॥

[illegible] ૪૨૭

सागरस्य तरंगा ये, भिन्ना न सागराद् यथा ।
तथा भिन्ना न धर्मा स्युः, जैनधर्मोदधेः खलु ॥४२८॥

જેમ સાગરના તરંગો સાગરથી ભિન્ન નથી તેમ સર્વે ધર્મો એક એક નયની અપેક્ષાને આધીન હોવાથી તરંગે સમાન ગણાય છે. તેથી તેમાં જૈનધર્મનો એક એક અંશ વર્તે છે. જૈનધર્મરૂપ મહાસમુદ્રમાં સર્વે ધર્મરૂપ તરંગો સમાઇ જાય છે. તેથી સર્વે ધર્મો જૈનધર્મથી જુદા નથી ૪૨૮

यथोदधिं विना न स्युः, तरङ्गाश्च तथा मतम् ।
जैनधर्मं विना सर्व,-धर्मान् विद्धि ह्यपेक्षया ॥४२९॥

જેમ સમુદ્ર વિના તરંગોનો સંભવ નથી, તેમ સર્વ જગદ્વ્યાપિ જૈનધર્મ વિના અન્ય ધર્મોનો સંભવ નથી, તેમ તમારે નિશ્ચયપૂર્વક અપેક્ષાથી જાણવું. ૪૨૯

अन्यदर्शन धर्मेषु, यत्सत्यं च प्रदृश्यते ।
तत्सत्यं जैनधर्मस्य, ज्ञेयं सापेक्षदृष्टितः ॥४३०॥

અન્ય સર્વ દર્શનરૂપ ધર્મોમાં જે સત્યના અંશો જણાય છે, તે જૈનધર્મના જ અંશો સમજવા. કારણ કે—જૈનધર્મ વિના અન્ય ધર્મોમાં સંપૂર્ણ સત્યતા નથી, તેમ અપેક્ષાથી સમજવું. ૪૩૦.

सर्वनयादिसापेक्ष-दृष्ट्या माध्यस्थदेहिनाम् ।
सद्देवगुरुधर्माणां, श्रद्धाज्ञानं प्रकाशते ॥४३१॥

જે આત્માઓ માધ્યસ્થ્યભાવને ધરનારા હોય છે તેઓ સર્વ નયોની, સર્વ ભંગોની, સર્વ નિક્ષેપોની અપેક્ષાદૃષ્ટિને

આધારે સત્ય દેવ-ગુરુ-ધર્મ ઉપરના શ્રદ્ધા-જ્ઞાનનો પ્રકાશ કરે છે ૪૩૧.

आत्मैव सद्गुरुर्देवो, धर्मश्च निश्चयात्त्रयम् ।
यस्यात्मा सद्गुरुर्जातः तस्यात्मा जायते प्रभुः ॥४३२॥

નિશ્ચયનયની અપેક્ષાએ જો વિચાર કરીએ તો આત્મા જ સ્વયં સાચો દેવ, ગુરુ અને ધર્મ છે. અને એમ સમ્યગ્જ્ઞાન-પૂર્વક સમજીને જેણે પોતાના આત્માને સદ્ગુરુ બનાવ્યો છે, તેનો આત્મા સ્વયં પરમાત્મારૂપે બને છે. ૪૩૨.

आत्माधीना भवेद्यस्य, प्रकृतिस्तस्य वेगतः ।
आत्मोन्नतिर्भवेत्स्वल्पा, ज्ञानं सुखं च वर्द्धते ॥४३३॥

જે અધ્યાત્માઓએ આત્માને આધીન પોતાની પ્રકૃતિને કરી હોય તે આત્માઓ અલ્પકાલમાં જ પોતાના આત્માની ઉન્નતિ કરે છે અને સમ્યગ્જ્ઞાન-દર્શન તથા ચારિત્રથી યુક્ત બની જ્ઞાન અને સુખને વધારે છે ૪૩૩

प्रकृतियोगमालम्ब्य, ज्ञानानन्दस्य रूपकम् ।
प्रकाशन्ते निजात्मानं, जना आत्मपरायणाः ॥४३४॥

આત્મા પ્રકૃતિના યોગનું આલંબન કરીને [illegible] પોતાના વશમાં કરીને જ્ઞાન અને આનંદરૂપ [illegible] આત્માને પ્રકાશિત કરે છે- આત્મપરાયણ [illegible] અનુભવ કરે છે ૪૩૪

[illegible]
[illegible]

પ્રકૃતિથી શરીર અને મન અનુકૂલ કર્યા વગર કદાપિ પણ આત્માઓનો વિકાસ થઇ શકતો નથી. પ્રકૃતિમાં રહેલો છતો પણ નહિં લેપાયેલો નિઃસંગી આત્મા જ્ઞાની અને કેવલી બને છે. ૪૩૫.

प्रकृतिर्ज्ञेयरूपाऽस्ति, चाऽऽत्मा ज्ञानस्य रूपवान् ।
आत्मा तु प्रकृतिं वेत्ति, प्रकृति र्न च चेतनम् ॥४३६॥

સાંખ્યમત પુરુષ-ચેતન અને પ્રકૃતિ-જડ બન્નેને સત્વરૂપે માને છે. તેથી પૂજ્યશ્રી જણાવે છે, કે પ્રકૃતિ જ્ઞાનસ્વરૂપ નથી. પણ જ્ઞેય એટલે જાણવા યોગ્ય છે. આત્મા જ્ઞાન સ્વરૂપ છે. એ બન્નેનો અનાદિકાલથી આજ સુધી નિત્ય સંબંધ ચાલ્યો આવે છે, તેથી જેની જ્ઞાનશક્તિનો વિકાસ થાય છે તેવો આત્મા પ્રકૃતિના ગુણ-પર્યાયને જાણે છે, પરંતુ પ્રકૃતિ જડ હોવાથી આત્માના સ્વરૂપને જાણી શકતી નથી. ૪૩૬.

प्रकृतिनायकः स्वाऽऽत्मा, प्रकृतिर्हि जडजगत् ।
आत्मा प्रकृतिकार्याणां, कर्ताऽपि चाक्रियः स्वयम् ॥४३७॥

આત્મા જ્ઞાતા-કર્તા-ભોક્તા હોવાથી પ્રકૃતિનો સ્વામી છે. અને જડ-અચેતન જે જગત્ તે પ્રકૃતિસ્વરૂપ છે. વૈભાવિક દશામા વર્તતો આત્મા પ્રકૃતિના કાર્યો કરે છે. તેથી કર્તા હોવા છતાં પણ સ્વરૂપને પ્રાપ્ત થયેલો આત્મા સ્વયં અકર્તા છે. ૪૩૭.

प्रकृतिमर्त्त्वकार्येषु, साक्ष्याऽऽत्मा भवेद् यदा ।
तदाऽऽत्मा प्रकृतियोगात्, निर्बन्धः सक्रियोऽपि वै ॥४३८॥

જ્યારે આત્મા પ્રકૃતિના સર્વ કાર્યોમાં સાક્ષીરૂપે રહીને કાર્યો કરે છે ત્યારે નિર્લેપી આત્મા પ્રકૃતિના યોગવાળો રહેવા છતાં અને સક્રિય હોવા છતા પણ પ્રકૃતિના બન્ધથી બંધાતો નથી ૪૩૮.

असंख्यातप्रदेशोऽहमात्मा विश्वप्रभुर्विभुः ।
अनादिकालतो बन्ध,-स्तस्य प्रकृतियोगतः ॥४३९॥

હું અસંખ્યાત પ્રદેશોનો તાદાત્મ્યભાવે સ્વામી છું તેમ જ જ્ઞાન-દર્શન-ચારિત્ર ગુણોથી વિશ્વમાં વ્યાપક વિભુ છું આત્મસ્વરૂપનો હું સ્વામી છું, છતા અનાદિકાલથી જ્ઞાનાવરણાદિ પ્રકૃતિના સંબંધથી પરંપરાગત બંધાયેલો છું ૪૩૯

कर्मप्रकृतिसम्बन्ध,-स्य वियोगतो भवेद्यदा ।
तदाऽऽत्मनो हि मोक्षोऽस्ति, परमाऽऽत्मा स्याद्विज्ञानतः ॥४४०॥

આત્માની સાથે અનાદિકાલથી જે કર્મની પ્રકૃતિનો સંબંધ છે, તેનો જ્યારે વિયોગ થશે ત્યારે આત્માનું શુદ્ધ સ્વરૂપ પ્રગટ થશે અને તેનો મોક્ષ થશે. આત્મા પોતાના પરમાત્મસ્વરૂપનો કર્તા છે ૪૪૦

प्रकृतौ [illegible] न, यदा [illegible] [illegible] ।
प्रकृतौ [illegible], यस्य तस्य न [illegible] ॥४४१॥

[illegible]

प्रकृतिः प्रकृतेः कर्त्री, स्वात्मा कर्ता निजाऽऽत्मनः ।
इत्येवं साक्षिबुद्ध्या यो, वेत्ति तस्य न बन्धता ॥४४२॥

જડ એવી પ્રકૃતિ પ્રકૃતિના ગુણ-પર્યાયોને ઉત્પન્ન કરનારી છે અને જ્ઞાનમય આત્મા પોતાના આત્મગુણ-પર્યાયોને ઉત્પન્ન કરે છે. એ પ્રમાણે સાક્ષિસ્વરૂપે પોતાને જે પોતાને સમજે છે તેને કર્મનો બન્ધ થતો નથી. ૪૪૨.

विश्वस्थोऽपि न विश्वस्थो, विदेहो देहवानपि ।
न प्राणाः प्राणसंस्थोऽपि, कर्मसङ्गी न कर्मवान् ॥४४३॥

વિશ્વજગત્માં રહેલો હોવા છતાં પણ રાગદ્વેષમય પરિણામોનો અભાવ હોવાથી સંસારમાં રહેલો ગણાતો નથી. શરીર ધારણ કરનાર હોવા છતા પણ તેમાં મૂર્છા નહિ હોવાથી વિદેહ ગણાય છે. દશે પ્રાણોનો ધારણ કરનાર હોવા છતાં પણ તેમા મમતા નહિ હોવાથી પ્રાણરહિત ગણાય છે, તેજ પ્રમાણે અઘાતિ કર્મો શરીર વગેરે કર્મ અને દેહથી થાતી ક્રિયાવંત હોવા છતાં પણ ઔદયિક ભાવે મનની પ્રવૃત્તિ વિના, નવા ભવને યોગ્ય કર્મ ન કરતો હોવાથી સમભિરૂઢનયની અપેક્ષાએ તે આત્મા અકર્મવાન્ થાય છે. ૪૪૩.

शब्दवाच्यो न शब्दोऽहं, न च ह्रस्वो गुरुस्तथा ।
नाहं स्नेहो न वा रुक्षो, नाहं स्थूलो न वर्तुलः ॥४४४॥

જો કે શબ્દથી-સંજ્ઞાથી વાચ્ય હોવા છતાં હું પણ શબ્દસ્વરૂપ નથી. તેમ જ મારૂં સ્વરૂપ અરૂપી હોવાથી હું લઘુ કે ગુરુ નથી પણ અગુરુલઘુ મારૂં સ્વરૂપ છે તેમજ હું સ્નેહવંત કે લુખો પણ નથી તેમજ સ્થૂલ કે ગોળ પ ... ૪૪૪.

नाहं कृशस्तथा स्थूलो, नाहं कृष्णो न पीतकः ।
रक्तो नास्मि तथा श्वेतो, नीलो नास्मीति चेतन्यहम् ॥४४५॥

ન તો હું પાતળો છું, અને ન તો જાડો છું તેમજ ન તો હું કાળો કે પીળો છું, ન તો લાલ કે ધોળો છું અને ન તો હું નીલો છું અનુભવજ્ઞાનથી હું સદા પુદ્ગલના રંગોથી રહિત જ છું ४४५.

न सुगन्धो न दुर्गन्धः, शीत उष्णो न चाऽस्म्यहम् ।
नाहं तिक्तो न मिष्टोऽहं, कट्वोऽहं न चाम्लतः ॥४४६॥

આત્મા એવો હું સ્વસ્વરૂપે સુગંધી, દુર્ગંધી, ટાઢો, ગરમ, તીખો, મીઠો કે કડવો નથી. ४४६.

नाहं पृथ्वी न चाकाशमग्निर्वायुर्न वारिदम् ।
नाहं स्वर्गश्च पाताल-मेकोऽहं विश्वमद्ध्यपि ॥४४७॥

અહો આત્મ! હું પૃથ્વી, આકાશ, અગ્નિ, વાયુ કે પાણી નથી. ન તો હું સ્વર્ગ કે પાતાલ છું. આ સંસારમાં રહે- તાં એકલો જ છું. ४४७

नाहं नरो न नारी वा, नपुंसको न किन्नरः ।
आढ्यो न च रङ्कोऽहं, उच्चनीचो न [illegible] ॥४४८॥

[illegible]

[illegible] ।
[illegible] ॥४४९॥

ન તો હું ગૃહસ્થ છું, કે ન સંન્યાસી છું, સંસારના સર્વ રૂપોથી હું રહિત છું, ન તો હું રાગી, રોષી, ક્રોધી કે લોભી છું. ૪૪૯.

नाहं मानो न दम्भोऽहं नाहं कामो न वैरवान् ।
न शत्रुर्नास्मि वा मित्रं, पिता माता न बालकः ॥४५०॥

હું માનરૂપ, દંભરૂપ, કામરૂપ કે વેરી પણ નથી ન તો હું કોઈનો મિત્ર છું, શત્રુ છું, હું માતા, પિતા કે બાળકરૂપે પણ નથી. ૪૫૦.

नाहं वृद्धो युवा रोगी, नारको न च देवता ।
नाहं तिर्यग् न नामाऽहं, नाहं दृश्यो न तारकम् ॥४५१॥

હું વૃદ્ધ કે યુવાન નથી, હુ રોગી પણ નથી. તેમજ નારક, દેવ કે તિર્યંચ પણ નથી. મારૂં કોઈ નામ નથી. હું કોઇ દૃશ્ય વસ્તુ પણ નથી. તેમ જ તારક એટલે વાહનરૂપે પણ નથી. અથવા તારક એટલે આકાશના તારા, નક્ષત્રરૂપે પણ નથી. ૪૫૧.

प्रकाशो न तमो नाहं, नाहं भानुः शशी ग्रहः ।
नास्मि पापं तथा पुण्यं, पुद्गलो न च पुद्गली ॥४५२॥

હું (આત્મા) પ્રકાશરૂપે, અંધકારરૂપે, સૂર્યરૂપે, ચન્દ્રરૂપે કે ગ્રહરૂપે પણ નથી. ન તો હું પુણ્ય કે પાપરૂપે છું, હું પુદ્ગલ નથી, તેમ જ પુદ્ગલયુક્ત કોઇ પદાર્થ નથી. ૪૫૨.

नाहं जन्मजरामृत्यु-र्नाहं भोगी न भोगवान् ।
नाहं दया न हिंसाऽहं, निन्दाकीर्तिर्न वित्तवान् ॥४५३॥

હું જન્મ, વૃદ્ધાવસ્થા કે મૃત્યુરૂપે પણ નથી, તેમજ હું ભોગરૂપે પણ નથી. હું દયા કે હિંસારૂપે પણ નથી. તેમજ નિન્દા, કીર્તિ કે ધનવાળો પણ હું નથી ૪૫૩.

विश्वगस्मि न च विश्वस्थो, न प्रेमी प्रेमवानपि ।
नाहं गृहं वनं नास्मि, नाहं सरिन्न मन्दिरम् ॥४५४॥

આત્મામાં સર્વ વિશ્વ અનુભવાય છે. છતાં હું વિશ્વરૂપ નથી. તેમજ વિશ્વમાં શાશ્વતભાવે રહેનારો વિશ્વસ્થ પણ નથી. હું પ્રેમી કે પ્રેમવાળો પણ નથી. તેમજ હું ગૃહ, વન, સરિતા કે મંદિર પણ નથી. ૪૫૪.

स्वकीयः परकीयो न, निःस्वरूपो न विश्ववान् ।
निरक्षरोऽक्षरो व्यक्तो भिन्नोऽस्मि सर्वविश्वतः ॥४५५॥

હું પોતાનો કે પારકો નથી, હું [illegible] પણ નથી. હું નિરક્ષર છું, એટલે અક્ષરોથી [illegible] અક્ષર છું, એટલે અવિનાશી છું, વ્યક્ત છું, અને સર્વ વિશ્વથી ભિન્ન છું. ૪૫૫

नास्मि [illegible] न [illegible], नाहं पती [illegible] ।
[illegible] ॥४५६॥

[illegible] ૪૫૬

[illegible]
[illegible]

હું સ્વર્ગનો ઇન્દ્ર નથી તેમજ રંક કે દાસ નથી હું વસ્તુતઃ આર્ય કે મ્લેચ્છ પણ નથી હું કલંકરૂપે કે પ્રતિષ્ઠા રૂપે પણ નથી હું મનથી રહિત નિરંજન નિરાકાર પરમ બ્રહ્મસ્વરૂપે જ છું ૪૫૭.

सर्वपुद्गलपर्याय,-भिन्नाऽऽत्मानन्तबोधवान् ।
अहं त्वं तत्प्रभिन्नोऽस्मि, व्यवहारी न निश्चयी ॥४५८॥

સર્વ જગતના પુદ્ગલના અનન્તપર્યાયોથી હું ભિન્ન છું, છતાં તે આત્માના અનન્ત સ્વ-પર સ્વરૂપનો બોધ કરનારો-જ્ઞાનવાળો છું. તેમજ હું અહં, ત્વં, તત્-ભવત્ વગેરે ભાવોથી ભિન્ન છું. તેથી નિશ્ચયનયથી હું વ્યવહારી નથી. નિશ્ચયનયથી હું સર્વથી ભિન્ન છું. ત્યારે વ્યવહારનયથી સર્વ નિક્ષેપ કરાયેલ ભાવોને ભજનારો પણ છું, એમ મારૂં સ્વરૂપ અનેકાંતિક છે. ૪૫૮.

दासत्वं जडभीत्याऽस्ति, प्रभुत्वं निर्भयत्वतः ।
उत्साह आत्मविश्वासा-न्निरुत्साहस्तु मोहतः ॥४५९॥

સર્વ જીવાત્માઓને જડ-પુદ્ગલોમાં લોભ રહેલો હોવાથી તે ચાલ્યું જવાનો હંમેશા ભય રહેલો છે. અને તેથી તે હંમેશા તેનો દાસ બનીને રહેલો છે. જ્યારે લોભ તેમાંથી નિકળી જાય છે, ત્યારે તે નિર્ભય બને છે અનેપ્રભુપણું તેમાં પ્રકટ થાય છે. આત્મવિશ્વાસથી ઉત્સાહ પ્રગટે છે અને મોહથી નિરુત્સાહપણું-પ્રમાદ આવે છે, અને પરાધીનતારૂપ દાસત્વ પ્રાપ્ત કરે છે. ૪૫૯.

आत्मानन्दस्य विश्वासा-दुत्साहोऽनन्तजीवनम् ।
प्रादुर्भवति सज्ज्ञानं, चाञ्चल्यं न प्रवर्तते ॥४६०॥

અધ્યાત્માઓને આત્મ-સ્વરૂપના ધ્યાનથી આત્મસ્વરૂપનો આનંદ પ્રગટ થાય છે; તેનો વિશ્વાસ પ્રગટ થવાથી ઉત્સાહવડે આત્મ-સ્વરૂપના આનંદમય અનન્ત જીવન પ્રગટ થાય છે અને સમ્યગ્જ્ઞાન-દર્શન-ચારિત્રમાં સ્થિરતા પ્રગટ થવાથી મનની ચંચળતા નષ્ટ થાય છે. ૪૬૦.

स्वामित्वं यत्र दासत्वं, जनारोपेण कल्पितम् ।
तत्र मिथ्याऽस्ति दासत्वं, स्वामित्वं न स्वभावतः ॥४६१॥

શુભ કે અશુભ કર્મના ઉદય વડે જીવને સ્વામિપણું કે દાસપણું પ્રાપ્ત થાય છે. તેથી તે દાસપણું મિથ્યા છે અને નિશ્ચયનયથી આત્મ-સ્વરૂપની દૃષ્ટિથી સર્વ જીવોમાં [illegible] માનપણું હોવાથી સ્વામિ-સેવકભાવ મિથ્યા છે. ૪૬૧.

त्वमात्मा निर्भयो नित्यो, निर्मलानन्दसागरः ।
असङ्गो निष्कलः पूर्णः, [illegible] ॥४६२॥

હે આત્મા! તું તારા શુદ્ધ સ્વભાવથી [illegible] ૪૬૨.

યુક્ત સમર્થ છો અનન્ત શક્તિથી યુક્ત છો, તું મતાથી (સંગ્રહનયથી) જન્મ-મરણ રહિત છો. ૪૬૩.

अनन्तगुणपर्याया,-ऽऽधारोऽस्ति त्वं महामहः ।
अनन्तजीवनाऽऽत्मा त्वं, स्वस्वरूपी भव स्वयम् ॥४६४॥

અનન્ત ગુણ-પર્યાયનો ઉપાદાન કારણ અને આધાર તું જ મહાન્ જ્યોતિર્મય-તેજસ્વી છો, તારો આત્મા અનંત જીવન-સ્વરૂપ આત્મા છે, તું તારા પ્રયત્નથી જ સ્વ-સ્વરૂપથી યુક્ત બન. ૪૬૪

शुद्धध्येयं हृदि स्मृत्वा, स्वकर्तव्यं कुरुष्व भोः ।
जागृहि ब्रह्मभावेन, शुद्धाऽऽत्मा त्वं भविष्यसि ॥४६५॥

હે ભવ્યાત્મન્ ! તું તારા હૃદયમાં આત્માના શુદ્ધસ્વરૂપનું સ્મરણ કરીને તારૂં કર્તવ્ય રાગ-દ્વેષ વિના સમભાવરૂપે કર. બ્રહ્મભાવરૂપે જાગતો રહીને શુદ્ધ આત્મ-સ્વરૂપનું ધ્યાન કર. જેથી તારો આત્મા શુદ્ધ થશે અને તું પરમબ્રહ્મસ્વરૂપનો ભોક્તા બનીશ ૪૬૫

दैन्यं मा कुरु मोहेन, विश्वदेवोऽसि चेतन ! ।
जडभिक्षां च याचन्ते, ते दीनाश्चक्रिणोऽपि हि ॥४६६॥

હે ભવ્યાત્મન્ તું જરાપણ દીનતાને ધારણ કરીશ નહિ દીનતા મોહને લીધે આવે છે, તેને દૂર કર. હે ચેતન ! તું વિશ્વનો દેવ છો. જેઓ વિષયભોગરૂપ જડ પદાર્થોની ઇચ્છા કરે છે, તેઓ ચક્રવર્તિઓ હોવા છતાં પણ દીન છે. ૪૬૬.

नाहं दीनो न दाताऽस्मि, नाहं कामो न कामवान् ।
नाहं पुंवेदरूपोऽस्मि, नाहं निद्रा न निद्रकः ॥४६७॥

પોતાનાથી અન્ય પદાર્થોના ગુણપર્યાયરૂપે પૂર્ણ સ્વરૂપે પ્રકાશી શકે. આત્મા જ સ્વ અને અન્યનો પ્રકાશક છે. ૪૭૦.

जडद्रव्येषु वेत्तृत्वं, नास्ति सत्यं वदाम्यहम् ।
प्रत्यक्षोऽहं जगद्वेत्ता, देहस्थः सत्यनिश्चयः ॥४७१॥

જડપદાર્થોમાં જ્ઞાનપણું જરાપણ નથી તે હું સાચું જ કહું છું. અને સમસ્ત સંસારને જાણનારો હું જ છું-એ પ્રત્યક્ષ છે. હું દેહમાં રહેવાવાળો છું, એ પણ નિશ્ચય સત્ય જ છે. ૪૭૧.

प्रमाणमत्र मज्ज्ञानं, प्रत्यक्षं व्यावहारिकम् ।
अनन्तज्ञानपूर्णोऽहं, सत्तया कथ्यते मया ॥४७२॥

અહિંયા વર્તમાનકાળમાં પાંચમા આરામાં, દુષમકાળના યોગે મને જે મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, સમ્યગ્દર્શનસહિત વિદ્યમાન છે, તેના યોગે ઇન્દ્રિય અને મનવડે જે વસ્તુઓનો નિશ્ચય કરાય તે વ્યાવહારિક પ્રત્યક્ષ પ્રમાણથી હું વસ્તુતત્ત્વનો નિશ્ચય કરૂં છું. અને તેના સહકાર્યથી ભવિષ્યકાળમાં હું અનન્ત જ્ઞાન-દર્શન- ચારિત્રથી પૂર્ણ થવાનો છું. તે વસ્તુ હાલમાં મારા આત્મસ્વરૂપમાં તિરોભાવે રહેલી છે તેને મારા આત્મસ્વરૂપની શક્તિથી વ્યક્તભાવે અવશ્ય હું કરવાનો જ છું. તેથી સ્વરૂપની સત્તાથી એટલે સંગ્રહનયની ઊર્ધ્વતા સામાન્ય સત્તાથી હું સંપૂર્ણ જ્ઞાન-દર્શન-ચારિત્ર-વીર્ય-ઉપયોગરૂપ ગુણોથી પૂર્ણ છું, તેમ મારાથી કહી શકાય છે. ૪૭૨.

अनन्तधर्मपूर्णोऽहं, भविष्यामि हि शक्तितः ।
कर्मावरणनाशेन, भाविनि भगवानहम् ॥४७३॥

હું જ્ઞાન-દર્શન-ચારિત્રની શક્તિથી અનન્ત ધર્મ પરિપૂર્ણ

દષ્ટિથી પર હોવાથી સારી રીતે પૂર્ણ આત્મસ્વરૂપના આન
અનુભવ નિત્ય કરૂં છું. ૪૭૭.

लोकसंज्ञा जिता येन, नामरूपादिवासना ।
मुक्तिस्तेन कृता हस्ते, जितं सर्वं च तेन हि ॥४७८॥

જે યોગીઓએ લોકસંજ્ઞા જીતી લીધી છે અને જેમને નામ રૂપ કીર્તિ અને અપકીર્તિનો ભય નષ્ટ થયો છે તેવા આત્મા ઓએ મુક્તિ પોતાના હાથમાં કરી છે અને તેઓએ જ આ સંપૂર્ણ જગત્ જીતી લીધું છે ૪૭૮.

लोकैषणादिभिर्मुक्तो, मुक्त एव न संशयः ।
सर्वकर्माणि कर्तुं स, योग्यो भवति मानवः ॥४७९॥

જે ભવ્યાત્મા આત્મ-સ્વરૂપનું સમ્યગ્જ્ઞાન પામીને સમ્ય દર્શન-ચારિત્ર-ભાવને ભજતો છતા, લોકએષણાથી મુક્ત થયેલ યોગી અવશ્ય મુક્ત જ સમજવો. તેમાં જરા પણ સંશય નથી અને જગતહિતના સર્વ કર્મો કરવાને તે યોગ્ય જ થાય છે. ૪૭૯.

यमादितः प्रभिन्नाऽऽत्मा, यमादिकं हि साधनम् ।
साधनेषु न मुह्यामि, साधयिष्ये स्वसिद्धताम् ॥४८०॥

યમ-નિયમ-આસન-પ્રાણાયામ-પ્રત્યાહાર વગેરે યોગ સાધનના જે બાહ્ય અંગો છે, તેમાં આત્મસ્વરૂપતાનો અસંભવ છે. આત્મા તેથી અત્યન્ત ભિન્ન છે. તેની સાધના આત્મસ્વરૂપ પ્રાપ્ત કરવામા કારણભૂત ભલે બને, પણ તે ઉપાદાન કારણ ન હોવાથી તેમા હું મોહ નથી જ પામતો, જેથી આત્મસાક્ષાત્કારરૂપ મારા સાધ્યને હું જરૂર સિદ્ધ કરીશ જ. ૪૮૦.

विश्वं पश्यामि नेत्राभ्यां, नत्र मुह्यामि नैव च ।
देहभोगोपभोगेषु, मुह्यामि नैव मोहतः ॥४८१॥

હું સઘળાને બન્ને નેત્રોથી જોઉં છું, પરન્તુ તેમાં જરા પણ આસક્ત બનતો નથી તેથી દેહ-શરીર ને તેના ભોગ-ઉપભોગ સાધન છે. તેમાં તેમજ તેથી ભોગવવાના ભોગ્ય પદાર્થોમાં હું મોહ નથી જ પામતો ૪૮૧.

कुर्वेऽपि योग्यकर्माणि, स्वाधिकारेण हर्षितः ।
[illegible] ॥४८२॥

આત્મા જ પોતાના સર્વ ગુણ પર્યાયોનો પોતાના જ સહજ સ્વભાવથી જ આધાર છે. તેથી તે આત્મા ઉપર જણાવેલા કારકો યુક્ત સ્વરૂપવાળો જ છે. તે જેમ અભ્યંતર કાર્યોમાં કારકરૂપે થાય છે તેવી જ રીતે બાહ્ય જડ કાર્યોમાં પણ કારકરૂપે બને છે. ૪૮૪

निजाऽऽत्मैव यथा तद्वत्, सर्वाऽऽत्मानं विजानत ।
बाह्यषट्कारकाद्भिन्नो, विशुद्धाऽऽत्मेति जानत ॥४८५॥

જેમ આત્મા પોતાના સ્વરૂપમય ગુણ-પર્યાયોમાં કારક ભાવે વર્તે છે, તેમજ બાહ્ય જડ પદાર્થોની સાથે પણ આત્માના કારક ભાવો વર્તે છે, તેમાં જડ પદાર્થોથી ભિન્ન કારક ભાવે વિશુદ્ધ આત્મ-સ્વરૂપનો કારકભાવ આત્માની ઉન્નતિને કરનારો સમજવો. ૪૮૫.

आन्तरं कारकं षट्कं, विशुद्धमात्मरूपकम् ।
अस्ति-नास्तिमयं सर्वं, जगदाऽऽत्ममयं सदा ॥४८६॥

જે આત્માના શુદ્ધ સ્વરૂપને અનુલક્ષીને આંતર કારકોનું જે છપણું (ષટ્ક) છે, તે વિશુદ્ધ આત્મસ્વરૂપના બોધ માટે ઉપયોગી થાય છે. તેમજ સ્વરૂપે અસ્તિત્વ પોતાના સ્વરૂપથી હોવાપણે છ કારકોની અપેક્ષા જોવાય છે અને તે જ પ્રકારે પર સ્વરૂપની અપેક્ષાએ છ કારકો નાસ્તિત્વભાવે પર-અન્ય સ્વરૂપે પોતે ન હોવાપણાની અપેક્ષાએ વિચારાય છે, એ પ્રમાણે સર્વ જગત્ સ્વપરની અપેક્ષાઓએ વિચારતાં સર્વ જગત્ આત્મામય સ્વરૂપે સદા વર્તે છે. ૪૮૬.

परद्रव्यस्य पर्याया. नास्तित्वेन स्थिता निजे ।
आत्मनो निजपर्याया, अस्तित्वेन च ऽऽत्मनि ॥४८७॥

આત્માથી અન્ય દ્રવ્યના પર્યાયો તે આત્મામાં નાસ્તિરૂપે રહેલા છે અને આત્માના જે પોતાના પર્યાયો છે તે આત્મામાં અસ્તિત્વ રૂપે રહેલા છે ૪૮૭.

ज्ञेयपर्यायरूपेण, अस्ति-नास्तिमयं जगत् ।
आत्मन एव पर्यायो. भिन्नाभिन्नौ तथैकधा ॥४८८॥

આ જગત જ્ઞેય પર્યાય રૂપથી અસ્તિ નાસ્તિમય . અપેક્ષાવડે આત્માના જ ભિન્ન અને અભિન્ન પર્યાયો છે ૪૮૮.

सर्व-व्यसन-भिन्नोऽहं, सुखं न व्यसनान्नृणाम् ।
सर्व-व्यसन-मुक्ताना-माऽऽत्मशक्तिः प्रकाशते ॥४९१॥

હું સર્વ પ્રકારના વ્યસનોથી ભિન્ન છું, વ્યસનોમાં ફસાયેલો મનુષ્ય સુખને પ્રાપ્ત કરી શકતો નથી. સર્વપ્રકારના વ્યસનોથી મુક્ત આત્માઓની આત્મ-શક્તિનો સ્વયં પ્રકાશ થાય છે ૪૯૧.

दुःखं व्यसनदोषेण, व्यसनासक्तदेहिनाम् ।
व्यसनत्यागतः शान्तिः सुखं स्वाधीनतः खलुः ॥४९२॥

વ્યસનોના કારણે દોષો ઉત્પન્ન થાય છે અને દોષો અનેક દુઃખોને ઉભા કરે છે વ્યસનોમાં ફસાયેલા મનુષ્યો જરૂર દુઃખી થાય છે માટે વ્યસનોનો ત્યાગ કરવો જોઇએ; તેથી સુખ, શાન્તિ અને સ્વાધીનતાની પ્રાપ્તિ થાય છે. ૪૯૨.

दुर्गुणेभ्यो विमुक्तानां, व्यसनमुक्तदेहिनाम् ।
दुष्टाचारविमुक्ताना, माऽऽत्मप्रभुः प्रकाशते ॥४९३॥

દુર્ગુણોથી રહિત, વ્યસનોથી મુક્ત અને દુરાચારોથી દૂર રહેલા જીવોનો સ્વય આત્મા-પ્રભુ-પ્રકાશિત થાય છે. આત્મ-બળ પ્રગટ થાય છે ૪૯૩

साध्ये तु साध्यबोधाऽऽत्मा, हेतुषु हेतुबुद्धिमान् ।
निर्मोही समभावी यो, मुक्तात्मा स क्षणाद्भवेत् ॥४९४॥

જે આત્માનો સાધ્ય વસ્તુમાં સાધ્યપણાનો બોધ હોય અને સાધનોમા સાધનની બુદ્ધિવાળો હોય અને જે નિર્મોહી. અને સમભાવી હોય તે ક્ષણમા મુક્તાત્મા થાય ૪૯૪.

अहं [illegible] इत्यादि. [illegible] [illegible] च ।
[illegible] वा क्रियावान् स. निर्ग्रन्थो मुनि. आत्मवान् ॥ [illegible]

[illegible]

आह [illegible] इत्यादि. [illegible] [illegible] [illegible]
[illegible] वा क्रियावान् स. [illegible]

સર્વ વસ્તુઓના તથા તેના કાર્યોના ગુણ પર્યાયોમાં સાક્ષિભાવે રહ્યો હોવાથી સર્વ જગતના જીવ-અજીવ પદાર્થોને મારાથી જુદા હું સદા જોતો રહ્યો છું. ૪૯૮.

हानि र्लाभो न मे किञ्चिद्, विश्वतः समभाविनः।
हानि र्लाभः सुखं दुःखं, बाह्येन तत्तु कल्पितम् ॥४९९॥

હું સર્વ જગત્મા સમભાવને ધરતો હોવાથી મને નુકશાન કે લાભ ક્યારે ય કંઈપણ થતો નથી. હાનિ કે લાભ, સુખ કે દુઃખ આ બધી બાહ્ય કલ્પનાઓ છે. આત્માને તેમાં કંઈ લાગતું-વળગતું નથી. ૪૯૯.

आत्मज्ञानं प्रकर्त्तव्यं, जडज्ञानं ततः क्रमात्।
देहाहारादिकर्माणि, कार्याणि हि विवेकतः ॥५००॥

આત્માએ પોતાની ઉન્નતિ માટે આત્મ-સ્વરૂપનું યથાર્થ-જ્ઞાન અવશ્ય કરવું જ જોઈએ. અને તે આત્મજ્ઞાન પછી અનુક્રમે જડ પદાર્થોનું જ્ઞાન પણ પ્રાપ્ત કરવું જોઈએ. જેથી શરીર, ઇન્દ્રિય, મન તથા કર્મોના સ્વરૂપનો બોધ થવાથી સ્વપર યથાર્થ વિવેક જાગૃત થાય છે. અને તેથી કરવા યોગ્ય અને નહિ કરવા યોગ્ય કાર્યોનું જ્ઞાન થાય છે. ૫૦૦

देहादेर्हानिलाभादि-कार्यं ज्ञात्वा विवेकतः।
शरीरावधि तद् योग्यं, कर्त्तव्यं स्वोपयोगतः ॥५०१॥

દેહ-ઇન્દ્રિયો મન કર્મ કે જે શુભાશુભ હોય તેના કાર્યોનો વિવેક કરી તેવા કાર્યો સાક્ષિભાવે કરવા પોતાના દેહની લાભ-હાનિને પણ ધ્યાનમા રાખીને સર્વ લોકના ભલાને માટે ઉદ્યમ કરવો. કદાપિ શરીરને છોડવાનો પ્રસગ આવે તોપણ

[illegible] શ્રાવક-શ્રાવિકાના [illegible]

[illegible] ૧૦૧

रागो [illegible] लोभः [illegible] ।

[illegible] ॥

જેને જોઈને વિષયભોગની [illegible]

[illegible]

લીધી હોય એટલે નામરૂપાદિનો મોહ ત્યાગ કર્યો હોય તેણે સમ્યક્ પ્રીતિથી આત્મસ્વરૂપનો પ્રત્યક્ષભાવે સાક્ષાત્કાર કરેલો જાણવો. ૫૦૪.

निर्जितकामसंगस्य, हृदि व्यक्तो भवेत्प्रभुः ।
लोकैषणादिमुक्तेन, मुक्तिरत्रैव वेद्यते ॥५०५॥

જે મહાયોગિએ કામાદિનો સંગ હૃદયથી જીતી લીધો હોય તેને હૃદયમાં વ્યક્તભાવે પ્રભુ પ્રત્યક્ષ થાય છે. તેમજ લોકૈષણાથી જે મુક્ત થયા હોય તેમજ કીર્તિ આદિનો મોહ ત્યાગ કર્યો હોય તે આત્માને અહિંઆ જ મુક્તિ જેવી દશા અનુભવાય છે. ૫૦૫

सर्वसंगेषु निस्संगः, कामो येन विनिर्जितः ।
विषयसंगमुक्तोऽपि, कामेन संगवान् खलु ॥५०६॥

જે આત્માએ કામ-વિષયભોગની વૃત્તિઓને જીતી લીધી છે તે નિસ્સંગ છે. પણ જો બાહ્યથી સર્વસંગનો ત્યાગ કરેલો હોવા છતાં પણ અન્તર્વૃત્તિઓમાં કામ-ભોગની ઇચ્છા ભરેલી હોય તો તે કામ-સંગી અવશ્ય છે. ૫૦૬.

आन्तरसंग निस्संगो, जनो विश्वस्य संगतः ।
निस्संगस्तस्य बाह्यस्य, त्यागे नास्ति प्रयोजनम् ॥५०७॥

જે અધ્યાત્મા અંતરંગથી સર્વ સંગથી રહિત છે અને ધર્મકથા આદિના કારણે વિશ્વનો સંગ કરે છે તે અવશ્ય નિસ્સંગી છે. તેઓ બાહ્ય સંગ ત્યાગ કરે કે ન કરે તેનું કંઇ વિશેષ પ્રયોજન નથી ૫૦૭

[illegible] ॥४०८॥

[illegible]

[illegible] ॥

[illegible]

સમજવી, પણ અભ્યાસી યોગીઓએ તપ-જપ-ક્રિયાનુષ્ઠાનો કરવા જોઇએ. ૫૧૦.

ज्ञानवैराग्यमत्प्रीत्या. निःसंगत्वं प्रजायते ।
समत्वं जायते सत्यं, ततो मोक्षः प्रजायते ॥५११॥

જે યોગીઓને સમ્યગ્જ્ઞાન-દર્શન-ચારિત્રથી યુક્ત ભાવનાથી પૂર્ણ સર્વ સંસાર ઉપર વૈરાગ્ય પ્રાપ્ત થયો હોય અને શત્રુ-મિત્ર પ્રત્યે સમભાવના જાગૃત થઇ હોય-તેવા આત્માઓ નિઃસંગી કહેવાય છે. એવું નિઃસંગપણું-સમભાવપણું જેમને પ્રાપ્ત થયું હોય તે આત્માઓ મોક્ષને પ્રાપ્ત કરે છે. ૫૧૧.

बन्धो मोक्षोऽस्ति चित्तेन, बाह्ये किञ्चिन्न जानत ।
न च बन्धो न मोक्षोऽस्ति, जाते शुद्धे निजाऽऽत्मनि ॥५१२॥

મનથી જ કર્મનો બન્ધ અને કર્મથી મુક્ત થવાય છે. પરન્તુ બાહ્યપદાર્થો નિશ્ચયનયથી તેમાં કારણભૂત નથી. જેનું ચિત્ત પૂર્ણ શુદ્ધ થયું છે તેને કર્મનો બન્ધ કે કર્મથી મુક્ત થવાપણું નથી રહેતું. ૫૧૨.

विज्ञेयः परमाऽऽत्मा स, बन्धे मोक्षे च यः समी ।
विज्ञेयः स च संसारी, बन्धे मोक्षे न यः समी ॥५१३॥

કર્મનો બંધ થાય કે મોક્ષ થાય તેવી ઇચ્છા વિના સુખ-દુઃખના હેતુઓમાં જે સમાનભાવ ગણે છે તેને પરમાત્મા સમજવો. અને જે સમાનભાવ રાખતા નથી તેને સંસારી સમજવો. ૫૧૩.

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

पेथापुरे स्थितिं कृत्वा, ज्ञानवैराग्यभावतः ।
रचिताऽध्यात्मगीतेयं, बुद्धिसागरसूरिणा ॥५१८॥

શ્રી પેથાપુરમાં ચાતુર્માસની સ્થિરતા કરીને, સમ્યગ્જ્ઞાન-વૈરાગ્ય ભાવપૂર્વક શ્રી બુદ્ધિસાગરસૂરિવરે આ 'અધ્યાત્મ ગીતા' ગ્રન્થની રચના કરી ૫૧૮

पञ्चशताधिकैः पद्यैः, ग्रन्थोऽयमुपकारकः ।
आचन्द्रार्कमहीं याव,-न्नन्दतु विश्वबोधकः ॥५१९॥

પાંચસોથી અધિક એટલે પાંચસોને ઓગણત્રીસ (૫૨૯) શ્લોકોથી યુક્ત, ચન્દ્ર-સૂર્ય અને પૃથ્વી જ્યાંસુધી છે ત્યાંસુધી આ અધ્યાત્મગીતા નામને ગ્રન્થ સર્વ ભવ્યાત્માઓને સમ્યક્ આનન્દપૂર્વક આત્મસ્વરૂપનો શ્રેષ્ઠ બોધ આપનાર થાઓ. ૫૧૯.

अध्यात्मयोगशास्त्राणा,-मभ्यासाद्ध्यानतो मयि ।
स्वाभाविकी समुत्पन्ना, स्फुरणा ज्ञानसम्भवा ॥५२०॥
यादृशी तादृशी जाता, लिखिता साऽननुक्रमात् ।
हंसदृष्टितया सन्तः सारं गृह्णन्तु भावतः ॥५२१॥
नानुक्रमोऽत्र पद्यानां, विषयाणां विजानत ।
अत्राऽध्यात्मिकतत्त्वस्य, विषयो मुख्य एव सः ॥५२२॥
भक्तिक्रियादिपक्षानां, गुरुकुलप्रसेविनाम् ।
गुर्वात्मीभूतशिष्याणा,-मध्याऽऽत्मधर्मकांक्षिणाम् ॥५२३॥
देयमध्याऽऽत्मनो ज्ञानं, गीतार्थैर्नयकोविदैः ।
प्राणान्तेऽपि न दातव्यं, धूर्तनास्तिकदेहिनाम् ॥५२४॥
अध्यात्मज्ञानगीतायाः, पठनाच्छ्रवणाज्जनाः ।
मननात्स्मरणाज्ज्ञानं, सुखं यान्तु च मङ्गलम् ॥५२५॥

[illegible] सन्तो, [illegible] [illegible] ।
[illegible] योगिनो [illegible] [illegible] [illegible] ॥८६॥
[illegible] सन्तु [illegible],–[illegible] [illegible] ।
[illegible] [illegible] [illegible] सततं यान्तु [illegible] ॥८७॥
[illegible] [illegible] [illegible] [illegible] ।
[illegible]–[illegible] यान्तु [illegible] ॥८८॥
[illegible] [illegible], [illegible] [illegible] ।
[illegible] [illegible] [illegible],–[illegible] ॥८९॥

વારંવાર પ્રકટ
ખૂબ વધો, સાત્વિક અધ્યાત્મા યોગી પુરુષો
થાઓ. સંસારમા રહેલા લોકો-આત્મિક સુખના ઇચ્છુક લભા અને છેવટે
રમાઓ સ્વતન્ત્ર થાઓ. શાન્તિ, તુષ્ટિ, પુષ્ટિ, મંગલ
મોક્ષને પ્રાપ્ત કરો સસારના સર્વે જીવો ચિદાનંદમયથી
યુક્ત બનો, અને શીઘ્ર શુદ્ધ-પવિત્ર આત્મિક રાજ્યરૂપ
સામ્રાજ્ય પ્રાપ્ત કરીને સ્વતંત્ર બનો જૈનધર્મ મંગલ છે.
જૈનસઘ મંગલ છે, અને અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય
અને સાધુ મંગલ છે. ૐ શાંતિઃ

સંવત ૧૯૮૬ ના ચૈત્ર સુદિ પાંચમને શુક્રવાર.

असौ अध्यात्मगीतायां, अनुवादेन पूर्णता ।
कृता गूर्जरी-गिरायां, ऋद्धिसागरसूरिणा ॥ १ ॥

श्रीवीरनिर्वाणात् सहस्रद्वये शतकचतुष्के पञ्चाशीतौ वैशाख्यां अक्षयतृतीयादिने सोमवासरे मृगे चन्द्रे वर्तते तद्द्वितीयप्रहरे पूर्णतां प्राप्ते मंगलसमये मंगलं कृता मया ऋद्धिसागरेण ॐ शान्तिः शान्तिः शान्तिः

શ્રી પરમગુરુ બુદ્ધિસાગરસૂરીશ્વરજીના શિષ્ય-પરમાણુ શ્રી ઋદ્ધિસાગરસૂરિએ આ અધ્યાત્મગીતાનો ગુજરાતી ભાષામાં તેના અર્થને વ્યક્ત કરવાને અનુવાદ કરેલો છે, તેને સદ્‌ગુણી સંતો અવશ્ય સુધારશે અને જે મન્દબુદ્ધિયોગે પ્રવચન વિરુદ્ધ હોય એનો ત્યાગ કરીને આ અધ્યાત્મગીતાને પૂર્ણ શુદ્ધ કરશે. વીર સં ૨૪૮૫ ના વૈશાખ સુદ ત્રીજને સોમવારે પૂર્ણ કરેલ છે.

— समाप्त —

શ્રી અધ્યાત્મ જ્ઞાનપ્રસારક મંડળ તરફથી
પ્રકટ થયેલ ૧૧૨ ગ્રંથો.

૦ ૯૦ આત્મપ્રકાશ (ત્રીજી આવૃત્તિ)	૫-૦-૦
૯૧ શોકવિનાશક ગ્રંથ	૦-૧-૦
૯૨ તત્ત્વ વિચાર	૦-૬-૦
+ ૯૩-૯૭ અધ્યાત્મગીતા વિ. સંસ્કૃત ગ્રંથ ૫	૧-૦-૦
૯૮ જૈનસુત્રમાં મૂર્તિપૂજા	૦-૩-૦
૯૯ શ્રી યશોવિજયજી નિબંધ	૦-૬-૦
+૧૦૦ ભજનપદ સંગ્રહ ભાગ ૧૧	૦-૧૨-૦
૦૧૦૧ ભજનપદ સં. ભાગ ૧, ૨ (આ. ૪થી)	૨-૮-૦
૧૦૨ ગુજરાત બૃહદ્ વિજાપુર વૃત્તાંત	૧-૪-૦
+૧૦૩-૪ શ્રીમદ્ દેવચંદ્રજીનું વિસ્તૃત જીવન ચરિત્ર તથા દેવવિલાસ	૦-૧૨-૦
+૧૦૫ મુદ્રિતજૈન શ્વે. ગ્રન્થગાઇડ	૧-૮-૦
+૧૦૬ કક્કાવલિ-સુબોધ	૧-૪-૦
૧૦૭ સ્તવનસંગ્રહ (દેવવંદન સહિત)	૦-૧૦-૦
૧૦૮ પત્ર સદુપદેશ ભાગ ૩	૦-૬-૦
+૧૦૯ શ્રી બુદ્ધિસાગરસૂરીશ્વર સ્મારક ગ્રંથ	૦-૧૨-૦
૧૧૦ પ્રેમગીતા સંસ્કૃત	૦-૬-૦
૦૧૧૧ યોગનિષ્ઠ આચાર્ય-શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિજીનું વિસ્તૃત જીવનચરિત્ર	૧૧-૦-૦
૧૧૨ અધ્યાત્મસાર	૦-૧૨-૦
૦૧૧૩ આંતર જ્યોતિ ભા. ૧	૫-૦-૦
૦૧૧૪ ,, ,, ભા. ૨	૫-૦-૦
૦૧૧૫ જ્ઞાનામૃત-ભજનાવલી	૧-૦-૦
૦ યોગવિદ્યા	૦-૪-૦
૧૧૬ અધ્યાત્મગીતા-અનુવાદ	૧-૦-૦

---

૦ આ નિશાનીવાળા નવા ૧૪ ગ્રન્થો સભ્યોને ભેટ અપાયા છે.

+ આ નિશાનીવાળા ૧૧ જુના ગ્રન્થો ભેટ અપાયા છે.

૨૭ કાવ્ય-સંગ્રહ ભાગ ૭ મો.	૦-૮-૦
૨૮ જૈનધર્મની પ્રાચીન અને અર્વાચીન સ્થિતિ	૦-૩-૦
૨૯ કુમારપાલ (હિન્દી)	૦-૬-૦
૩૦ થી ૩૪ સુખસાગર ગુરુ-ગીતા ગ્રન્થ ૫	૦-૪-૦
૩૫ ષડ્દ્રવ્યવિચાર (આવૃત્તિ ૩)	૦-૪-૦
૩૬ વિજાપુર વૃત્તાંત ન્હાનું	૦-૪-૦
૩૭ સાબરમતી ગુણશિક્ષણ કાવ્ય	૦-૬-૦
૩૮ પ્રતિજ્ઞાપાલન	૦-૫-૦
૩૯ જૈન ગચ્છમતપ્રબંધ, ૪૦ સંઘપ્રગતિ, ૪૧ જૈનગીતા	૧-૦-૦
૦ ૪૦ **સંઘપ્રગતિ** (આ. ૨ જી)	૧-૦-૦
૪૨ જૈન ધાતુપ્રતિમા લેખ સંગ્રહ ભા, ૧	૧-૦-૦
૪૩ મિત્ર-મૈત્રી	૦-૮-૦
૪૪ શિષ્યોપનિષદ્	૦-૨-૦
૪૫ જૈનોપનિષદ્	૦-૨-૦
૪૬-૪૭ ધાર્મિક ગદ્યસંગ્રહ તથા પત્ર સદુપદેશ ભા. ૧	૩-૦-૦
૪૮ ભજન સંગ્રહ ભા. ૮	૩-૦-૦
૪૯ શ્રીમદ્ દેવચંદ્ર ભા. ૧ (આ. ૨)	૨-૮-૦
૪૯ શ્રીમદ્ દેવચંદ્ર ભા. ૧ ના ચાર કટકા જુદા પાકા બાંધેલા. ૧-દેવચંદ્ર ચોવીસી રૂ. ૦ાા, ૨-નયચક્રસાર રૂ. ૦ાા, ૩-કર્મગ્રન્થ રૂ. ૦ાા=, ૪-વિચાર રત્નસાર રૂ. ૧)	
૦ ૫૦ **કર્મયોગ** (આ. ૨ જી)	૧૨-૮-૦
૫૧ આત્મદર્શન	૦-૧૦-૦
૫૨ ભારતસહકાર શિક્ષણ કાવ્ય	૦-૧૦-૦
+ ૫૩ **શ્રીમદ્ દેવચંદ્ર** ભા ૨ (આ ૨)	૨-૮-૦
૫૪ ગહુંલી સંગ્રહ ભા. ૨ (આ. ૨)	૦-૬-૦
૫૪ ગહુંલી સંગ્રહ ભા ૧-૨ ભેગા પાકા બાંધેલા.	૦-૧૨-૦

૦ ૯૦ આત્મપ્રકાશ (ત્રીજી આવૃત્તિ)	૫-૦-૦
૯૧ શોકવિનાશક ગ્રંથ	૦-૧-૦
૯૨ તત્ત્વ વિચાર	૦-૬-૦
+ ૯૩-૯૭ અધ્યાત્મગીતા વિ. સંસ્કૃત ગ્રંથ ૫	૧-૦-૦
૯૮ જૈનસૂત્રમાં મૂર્તિપૂજા	૦-૩-૦
૯૯ શ્રી યશોવિજયજી નિબંધ	૦-૬-૦
+૧૦૦ ભજનપદ સંગ્રહ ભાગ ૧૧	૦-૧૨-૦
૦૧૦૧ ભજનપદ સં. ભાગ ૧, ૨ (આ. ૪થી)	૨-૮-૦
૧૦૨ ગુજરાત બૃહદ્ વિજાપુર વૃત્તાંત	૧-૪-૦
+૧૦૩-૪ શ્રીમદ્ દેવચંદ્રજીનું વિસ્તૃત જીવન ચરિત્ર તથા દેવવિલાસ	૦-૧૨-૦
+૧૦૫ મુદ્રિતજૈન શ્વે. ગ્રન્થગાઇડ	૧-૮-૦
+૧૦૬ કક્કાવલિ-સુબોધ	૧-૪-૦
૧૦૭ સ્તવનસંગ્રહ (દેવવંદન સહિત)	૦-૧૦-૦
૧૦૮ પત્ર સદુપદેશ ભાગ ૩	૦-૬-૦
+૧૦૯ શ્રી બુદ્ધિસાગરસૂરીશ્વર સ્મારક ગ્રંથ	૦-૧૨-૦
૧૧૦ પ્રેમગીતા સંસ્કૃત	૦-૬-૦
૦૧૧૧ યોગનિષ્ઠ આચાર્ય-શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિજીનું વિસ્તૃત જીવનચરિત્ર	૧૧-૦-૦
૧૧૨ અધ્યાત્મસાર	૦-૧૨-૦
૦૧૧૩ આંતર જ્યોતિ ભા. ૧	૫-૦-૦
૦૧૧૪ ,, ,, ભા. ૨	૫-૦-૦
૦૧૧૫ જ્ઞાનામૃત-ભજનાવલી	૧-૦-૦
૦ યોગવિદ્યા	૦-૪-૦
૧૧૬ અધ્યાત્મગીતા-અનુવાદ	૧-૦-૦

---

૦ આ નિશાનીવાળા નવા ૧૪ ગ્રન્થો સભ્યોને ભેટ અપાયા છે.

+ આ નિશાનીવાળા ૧૧ જુના ગ્રન્થો ભેટ અપાયા છે.